सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ આવ્યા તારીખ | ૩૦/૧૧/૨૦૧૨. |
| કેસ દાખલ તારીખ | ૩૦/૧૧/૨૦૧૨. |
| કેસ નિકાલ તારીખ | ૧૨/૦૫/૨૦૨૬. |
| અવધિ | વર્ષ–માસ–દિવસ |
| | ૧૩ – ૦૫ – ૧૨ |
| **આંક** | |

# FORM - A

## મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**સેશન્સ કેસ નંબર : ૪૬/૨૦૧૫.**

**(જૂનો સેશન્સ કેસ નંબર : ૪૩૬/૨૦૧૨)**

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | બારડોલી પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | ફર્સ્ટ ગુના રજી. નંબર : ૪૭/૨૦૦૮. |
| **ચાર્જશીટ મુજબ આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૨૦૨, ૨૧૭, ૨૧૮, ૧૬૬, ૧૬૭, ૧૧૪ મુજબ. |
| **તહોમતનામા મુજબ આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦(એ), ૨૦૧, ૨૧૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત). |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપીઓ** | (૧) શહેજાદ ઉર્ફે લાલુ હારૂનભાઇ કાપડીયા.<br>(૨) દિનેશ નારાયણદાસ લોહાણી. |
| **આરોપીઓ તરફે વિ. વકીલ** | શ્રી કે. એન. વકીલ. |

# FORM - B

| | | |
|---|---|---|
| **ગુનો બન્યા તારીખ** | **:** | ૦૬/૦૪/૨૦૦૮ થી ૦૮/૦૪/૨૦૦૮ દરમ્યાન. |
| **ફરિયાદની તારીખ** | **:** | ૧૭/૦૪/૨૦૦૮. |
| **ચાર્જશીટની તારીખ** | **:** | ૦૧/૦૮/૨૦૧૨. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | **:** | ૧૭/૦૬/૨૦૧૫. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | **:** | ૧૩/૦૪/૨૦૧૬. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | **:** | ૦૪/૧૧/૨૦૨૫. |
| **ચુકાદાની તારીખ** | **:** | ૧૨/૦૫/૨૦૨૬. |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | **:** | લાગુ પડતું નથી. |

## –:: આરોપીઓની વિગત ::–

| | | |
|---|---|---|
| **આરોપી નંબર : ૧ નું નામ** | **:** | શહેજાદ ઉર્ફે લાલુ હારૂનભાઇ કાપડિયા, રહેવાસી : ૨૦૯, ૨૧૦, શુકુન પ્લાઝા, ગાંધી રોડ, બારડોલી. |
| **ધરપકડની તારીખ** | **:** | ૨૫/૦૮/૨૦૧૧. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૦૯/૦૯/૨૦૧૧. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦(એ), ૨૦૧, ૨૧૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ ઠરાવી છોડી મૂકયા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૧૫ દિવસ. |

| | | |
|---|---|---|
| **આરોપી નંબર : ૨ નું નામ** | **:** | દિનેશ નારાયણદાસ લોહાણી, રહેવાસી : આઇ–૯, શાંતિવન સોસાયટી–૧, નવસારી. |
| **ધરપકડની તારીખ** | **:** | ૨૫/૦૮/૨૦૧૧. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૦૯/૦૯/૨૦૧૧. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦(એ), ૨૦૧, ૨૧૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ ઠરાવી છોડી મૂકયા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૧૫ દિવસ. |

==================================================

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૧૮/૦૨/૨૦૧૨. |
| કેસ દાખલ તારીખ | : | ૧૮/૦૨/૨૦૧૨. |
| કેસ નિકાલ તારીખ | : | ૧૨/૦૫/૨૦૨૬. |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૧૪ – ૦૨ – ૨૪ |

## FORM - A

## મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**સેશન્સ કેસ નંબર : ૩૦/૨૦૧૫.**

**(જૂનો સેશન્સ કેસ નંબર : ૮૭/૨૦૧૨)**

**(જૂનો સેશન્સ કેસ નંબર : ૪/૨૦૧૨)**

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | બારડોલી પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | ફર્સ્ટ ગુના રજી. નંબર : ૪૭/૨૦૦૮. |

| | |
|---|---|
| **ચાર્જશીટ મુજબ આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૨૦૨, ૨૧૭, ૨૧૮, ૧૬૬, ૧૬૭, ૧૧૪ મુજબ. |
| **તહોમતનામા મુજબ આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ૨૧૩, ૨૦૨ મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત). |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપી** | મહેન્દ્રભાઇ લાલચંદભાઇ પાટીલ (પોલિસ કોન્સેટેબલ). |
| **આરોપી તરફે વિ. વકીલ** | શ્રી કે. એસ. દેસાઇ. |

## FORM - B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૦૬/૦૪/૨૦૦૮ થી ૦૮/૦૪/૨૦૦૮ દરમ્યાન. |
| **ફરિયાદની તારીખ** | ૧૭/૦૪/૨૦૦૮. |
| **ચાર્જશીટની તારીખ** | ૧૧/૦૧/૨૦૧૨. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | ૧૭/૦૬/૨૦૧૫. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૧૩/૦૪/૨૦૧૬. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | ૦૪/૧૧/૨૦૨૫. |
| **ચુકાદાની તારીખ** | ૧૨/૦૫/૨૦૨૬. |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | ૧૨/૦૫/૨૦૨૬. |

## –:: આરોપીની વિગત ::–

| | |
|---|---|
| **આરોપી નંબર : ૩ નું નામ** | મહેન્દ્રભાઇ લાલચંદભાઇ પાટીલ (પોલિસ કોન્સેટેબલ),<br>રહેવાસી : ૧૪૧, શબરીધામ સાસાયટી, વ્યારા, જીલ્લો : તાપી. |
| **ધરપકડની તારીખ** | ૧૧/૧૧/૨૦૧૧. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | ૧૭/૧૧/૨૦૧૧. |

| | |
|---|---|
| **કયા ગુનાનો આક્ષેપ છે** | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ૨૧૩, ૨૦૨ મુજબ |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | કસૂરવાર ઠરાવવામાં આવ્યા. |
| **શું સજા કરી** | મહત્તમ એક વર્ષની સખ્ત કેદની સજા. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | ૬ દિવસ. |

==========================================================

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૦૪/૦૪/૨૦૧૩. |
| કેસ દાખલ તારીખ | : | ૦૪/૦૪/૨૦૧૩. |
| કેસ નિકાલ તારીખ | : | ૧૨/૦૫/૨૦૨૬. |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૧૩ – ૦૧ – ૦૮ |

## FORM - A

# મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**સેશન્સ કેસ નંબર : ૫૪/૨૦૧૫.**

**(જૂનો સેશન્સ કેસ નંબર : ૧૭૨/૨૦૧૩)**

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | બારડોલી પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | ફર્સ્ટ ગુના રજી. નંબર : ૪૭/૨૦૦૮. |
| **ચાર્જશીટ મુજબ આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૨૦૨, ૨૧૭, ૨૧૮, ૧૬૬, ૧૬૭, ૧૧૪ મુજબ. |

| | |
|---|---|
| **તહોમતનામા મુજબ આક્ષેપિત ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ૨૧૩, ૨૦૨, ૧૬૬, ૨૧૭, ૧૬૭, ૨૧૮, ૨૦૧, ૨૧૩ મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત). |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપી** | વિનોદચંદ્ર આત્મારામ પટેલ. |
| **આરોપી તરફે વિ. વકીલ** | શ્રી કે. એસ. દેસાઇ. |

# FORM - B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૦૬/૦૪/૨૦૦૮ થી ૦૮/૦૪/૨૦૦૮ દરમ્યાન. |
| **ફરિયાદની તારીખ** | ૧૭/૦૪/૨૦૦૮. |
| **ચાર્જશીટની તારીખ** | ૦૪/૦૯/૨૦૧૨. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | ૧૭/૦૬/૨૦૧૫. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૧૩/૦૪/૨૦૧૬. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | ૦૪/૧૧/૨૦૨૫. |
| **ચુકાદાની તારીખ** | ૧૨/૦૫/૨૦૨૬. |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | ૧૨/૦૫/૨૦૨૬. |

## –:: આરોપીની વિગત ::–

| | |
|---|---|
| **આરોપી નંબર : ૪ નું નામ** | વિનોદચંદ્ર આત્મારામ પટેલ,<br>(પોલિસ ઇન્સ્પેકટર),<br>રહેવાસી : બ્લોક નંબર : ૨૦૨, બીજો માળ, સિદ્ધાર્થ એપાર્ટમેન્ટ, તિથલ ગામ, વલસાડ.<br>મૂળ રહેવાસી : લાડોદ,<br>તાલુકો : વીજાપુર, જીલ્લો : મહેસાણા. |
| **ધરપકડની તારીખ** | ૦૧/૦૩/૨૦૧૨. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | ૦૧/૦૩/૨૦૧૨. |

| | |
|---|---|
| **કયા ગુનાનો આક્ષેપ છે** | ભારતીય દંડ સંહિતાની કલમ-૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ-૧૧૪, ૨૧૩, ૨૦૨, ૧૬૬, ૨૧૭, ૧૬૭, ૨૧૮, ૨૦૧, ૨૧૩ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | તકસીરવાર ઠરાવવામાં આવ્યા. |
| **શું સજા કરી** | મહત્તમ એક વર્ષની સખ્ત કેદની સજા. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | ૦૦- દિવસ. |

## FORM - C

### (એ) ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :-

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | દેવીલાલ ભેરૂલાલ પારીક. | ફરિયાદી | ૪૦ |
| (૨) | અમિતકુમાર દેવીલાલ પારીક. | સાહેદ | ૮૬ |
| (૩) | સુભાષભાઇ જગનભાઇ ચૌધરી. | પંચ સાહેદ | ૯૭ |
| (૪) | અફઝલ યુસુફ કલેકટર. | પંચ સાહેદ | ૧૦૦ |
| (૫) | પરીનભાઇ ભરતભાઇ શાહ. | પંચ સાહેદ | ૧૦૩ |
| (૬) | પરેશભાઇ પરસોત્તમભાઇ પટેલ. | પંચ સાહેદ | ૧૧૦ |
| (૭) | ભીખાભાઇ ભાણાભાઇ રાઠોડ. | પંચ સાહેદ | ૧૧૩ |
| (૮) | કૃષ્ણરાવ તુલસીરામ પાટીલ. | પંચ સાહેદ | ૧૧૬ |
| (૯) | નટુભાઇ લાલભાઇ ઢીમ્મર. | પંચ સાહેદ | ૧૨૧ |
| (૧૦) | રમેશભાઇ સોમાભાઇ રાઠોડ. | પંચ સાહેદ | ૧૨૪ |
| (૧૧) | હિતેશભાઇ રાજુભાઇ રાઠોડ. | પંચ સાહેદ | ૧૨૫ |
| (૧૨) | સરદારભાઇ સલામભાઇ ગીરાસે. | પંચ સાહેદ | ૧૨૭ |
| (૧૩) | અલી ઇબ્રાહિમ ખલીફા. | પંચ સાહેદ | ૧૨૯ |
| (૧૪) | મોહસીન સફી શેખ. | પંચ સાહેદ | ૧૩૧ |
| (૧૫) | મોહંમદ હનીફ મલેક. | પંચ સાહેદ | ૧૩૨ |
| (૧૬) | ઇકબાલ મહંમદ શેખ. | પંચ સાહેદ | ૧૩૬ |

| | | | |
|---|---|---|---|
| (૧૭) | દીપકભાઇ શંકરભાઇ મગર. | પોલિસ સાહેદ | ૧૪૦ |
| (૧૮) | હરીશભાઇ ત્રિભોવનદાસ સુરતી. | સાહેદ | ૧૪૪ |
| (૧૯) | ભરતકુમાર ઈન્દુલાલ શાહ. | સાહેદ | ૧૪૭ |
| (૨૦) | વાસંતીબેન ભરતકુમાર શાહ. | સાહેદ | ૧૫૦ |
| (૨૧) | બાબુભાઇ લલીતચંદ્ર શાહ. | સાહેદ | ૧૫૧ |
| (૨૨) | ચંપકભાઇ છીતુભાઇ પટેલ. | સાહેદ | ૧૭૧ |
| (૨૩) | બાનુબેન મહંમદ ઇબ્રાહિમ પટેલ. | સાહેદ | ૧૭૩ |
| (૨૪) | રાજુભાઇ થાનસિંગભાઇ રાજપૂત. | સાહેદ | ૧૭૪ |
| (૨૫) | મહેશભાઇ તારાચંદ ટેલર. | સાહેદ | ૧૭૪(એ) |
| (૨૬) | તૌફીક અજીઝ મેમણ. | સાહેદ | ૧૭૫ |
| (૨૭) | રાહુલભાઇ રમેશભાઇ ગામીત. | સાહેદ | ૧૭૭ |
| (૨૮) | વિલાસભાઇ મહારૂભાઇ સોનવણે. | સાહેદ | ૧૮૨ |
| (૨૯) | એડુભાઇ જયરામભાઇ વાઘ. | સાહેદ | ૧૮૩ |
| (૩૦) | હિતેશકુમાર મુકેશભાઇ ટેલર. | સાહેદ | ૧૮૬ |
| (૩૧) | અબ્દુલકુદુસ મોહંમદદીન શેખ. | સાહેદ | ૧૯૦ |
| (૩૨) | ભાવેશભાઇ નરસિંહભાઇ કાબરીયા. | સાહેદ | ૧૯૧ |
| (૩૩) | વસંતકુમાર હાથીભાઇ પટેલ. | તપાસ અધિકારી | ૧૯૭ |
| (૩૪) | હેમાંગીબેન રસિકલાલ શાહ. | FSL સાહેદ | ૨૦૧ |
| (૩૫) | ભગુભાઇ રણછોડભાઇ પટેલ. | સાહેદ | ૨૪૪ |
| (૩૬) | રાકેશભાઇ પ્રવિણકુમાર બારોટ. | તપાસ અધિકારી | ૨૪૭ |
| (૩૭) | જીગ્નેશભાઇ ગણેશભાઇ અમીન. | તપાસ અધિકારી | ૨૫૯ |
| (૩૮) | મહેમુદબેગ ઉસ્માનબેગ મિરઝા. | તપાસ અધિકારી | ૨૭૭ |

## (બી) ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :–

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૬૩ |
| (૨) | જાણવા જોગ એન્ટ્રી. | ૬૪ |
| (૩) | અમીતકુમાર દેવીલાલ પારીકનું નિવેદન. | ૯૩ |
| (૪) | મરનાર આશિષના કપડાંમાંથી મળી આવેલ ચેક તથા લાશના ફોટાઓ કબજે કર્યાનું પંચનામું. | ૯૮ |
| (૫) | સ્મશાનગૃહનું રજીસ્ટર કબજે કર્યાનું પંચનામું. | ૯૯ |
| (૬) | મરનાર આશિષ ગુમ થયેલ તે જગ્યાનું પંચનામું. | ૧૦૧ |
| (૭) | ફરિયાદીએ મરનારના કપડાં વિગેરે રજૂ કરતાં તે કબજે | ૧૦૪ |

| | | |
|---|---|---|
| | કર્યાનું પંચનામું. | |
| (૮) | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ. | ૧૦૫ થી ૧૦૮ |
| (૯) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧૧૧ |
| (૧૦) | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી. | ૧૧૨ |
| (૧૧) | ફરિયાદીનું નિવેદન કબજે કર્યાનું પંચનામું. | ૧૧૪ |
| (૧૨) | દેવીલાલનું નિવેદન તથા સ્મશાન ગૃહની પાવતીનું પંચનામું. | ૧૧૫ |
| (૧૩) | મરનાર બીયર પીવા બેસેલ તે જગ્યાનું પંચનામું. | ૧૧૭ |
| (૧૪) | ફોટોગ્રાફરે મરનારના ફોટા રજૂ કરતાં તે કબજે કર્યાનું પંચનામું. | ૧૨૨ |
| (૧૫) | આરોપી શહજાદ મરનાર સાથે બીયર પીવા બેસેલા તે જગ્યા બતાવ્યા અંગેનું પંચનામું. | ૧૨૩ |
| (૧૬) | ફરિયાદીએ મૌલવીને આપેલ ૧૦ ચેકો કબજે કર્યાનું પંચનામું. | ૧૨૬ |
| (૧૭) | આરોપી નટુભાઇ ચૌધરીને અકટ કર્યાનું પંચનામું. | ૧૨૮ |
| (૧૮) | આરોપી શહેજાદ કાપડિયા તથા દિનેશ લોહાણીનું અટક પંચનામું. | ૧૩૦ |
| (૧૯) | આરોપી મહેન્દ્ર લાલચંદ પાટીલનું અટક પંચનામું. | ૧૩૩ |
| (૨૦) | રોટરી કલબની રસીદ. | ૧૪૮ |
| (૨૧) | રમેશભાઇ મણીલાલ ગામીતનો મરણનો દાખલો. | ૧૭૮ |
| (૨૨) | મરનારના ફોટા ઉપરથી સુરત મેડિકલ કોલેજ તરફથી મળેલ ફોટા સહિતનો અભિપ્રાય. | ૧૯૫ |
| (૨૩) | નાર્કો ટેસ્ટ માટેની યાદી. | ૧૯૮ |
| (૨૪) | એપોઇન્ટમેન્ટ લેટર. | ૧૯૯ |
| (૨૫) | નાર્કો એનાલિસીસ પરીક્ષણ અહેવાલ. | ૨૦૦ |
| (૨૬) | પોલિસ યાદી. | ૨૦૨ |
| (૨૭) | શકદારોને રજૂ કરવા માટેની યાદી. | ૨૦૩ |
| (૨૮) | આરોપી શહેજાદનું પ્રિલિમીનરી ફોર્મ તથા સંમતિપત્ર. | ૨૦૪ |
| (૨૯) | આરોપી દિનેશભાઇનું પ્રિલીમીનરી ફોર્મ તથા સંમતિપત્ર. | ૨૦૬ |
| (૩૦) | આરોપી દિનેશભાઇનું તેઓના હસ્તાક્ષરમાં નિવેદન. | ૨૦૭ |
| (૩૧) | શકદારોની વધુ તપાસ માટેની યાદી. | ૨૦૮ |
| (૩૨) | શકદારોની વધુ તપાસ માટેની યાદી. | ૨૦૯ |
| (૩૩) | આરોપી શહેજાદભાઇના પોલોગ્રાફી પરીક્ષણ અંગેના કોમ્પ્યુટરાઇઝડ ગ્રાફ. | ૨૧૦ |
| (૩૪) | આરોપી શહેજાદભાઇના પોલીગ્રાફ પરીક્ષણનું પૃથ્થકરણ પત્રક. | ૨૧૧ |

| | | |
|---|---|---|
| (૩૫) | આરોપી શહેજાદભાઇને એફરમેટિવ ટેસ્ટમાં પૂછેલા પ્રશ્નો. | ૨૧૨ |
| (૩૬) | આરોપી શહેજાદભાઇના પોલીગ્રાફ અંગેનો કોમ્પ્યુટરાઇઝડ ગ્રાફ. | ૨૧૩ |
| (૩૭) | આરોપી શહેજાદભાઇના પોલીગ્રાફ પરીક્ષણનું પૃથ્થકરણ પત્રક. | ૨૧૪ |
| (૩૮) | આરોપી શહેજાદભાઇને એફરમેટિવ ટેસ્ટમાં પૂછેલા પ્રશ્નો. | ૨૧૫ |
| (૩૯) | આરોપી દિનેશભાઇના પોલ્ગ્રાફ પરીક્ષણ અંગેના કન્વેશ્નલ સિસ્ટમ પરના ગ્રાફ. | ૨૧૬ |
| (૪૦) | આરોપી દિનેશભાઇના પોલીગ્રાફ પરીક્ષણનું પૃથ્થકરણ પત્રક. | ૨૧૭ |
| (૪૧) | આરોપી દિનેશભાઇને એફરમેટિવ ટેસ્ટમાં પૂછેલા પ્રશ્નો. | ૨૧૮ |
| (૪૨) | આરોપી દિનેશભાઇના પોલ્ગ્રાફ પરીક્ષણ અંગેના કન્વેશ્નલ સિસ્ટમ પરના ગ્રાફ. | ૨૧૯ |
| (૪૩) | આરોપી દિનેશભાઇના પોલીગ્રાફ પરીક્ષણનું પૃથ્થકરણ પત્રક. | ૨૨૦ |
| (૪૪) | આરોપી દિનેશભાઇને એફરમેટિવ ટેસ્ટમાં પૂછેલા પ્રશ્નો. | ૨૨૧ |
| (૪૫) | આરલોપી શહેજાદભાઇ તથા દિનેશભાઇનો લાય ડિટેકશન અભિપ્રાય. | ૨૨૨ |
| (૪૬) | આરોપી નટુભાઇ અને મહેન્દ્રભાઇના પોલીગ્રાફ ટેસ્ટ અંગેની યાદી. | ૨૨૪ |
| (૪૭) | આંક : ૨૨૪ સંદર્ભેનો એપોઇન્ટમેન્ટ લેટર. | ૨૨૫ |
| (૪૮) | આરોપી નટુભાઇ અને મહેન્દ્રભાઇને પરીક્ષણ માટે આપેલ એપોઇન્ટમેન્ટ લેટર. | ૨૨૬ |
| (૪૯) | આરોપી નટુભાઇની પોલીગ્રાફ પરીક્ષણ અંગેની લેખિત સંમતિ. | ૨૨૭ |
| (૫૦) | આરોપી નટુભાઇએ પ્રશ્નોત્તરીમાં "હા" જવાબ આપેલ તે અંગેનો ગ્રાફ, પ્રશ્નોત્તરી અને એનાલિસીસ શીટ. | ૨૨૮ |
| (૫૧) | આરોપી નટુભાઇએ પ્રશ્નોત્તરીમાં "ના" જવાબ આપેલ તેની એનાલિસીસ શીટ. | ૨૨૯ |
| (૫૨) | આરોપી મહેન્દ્રભાઇની પોલીગ્રાફ પરીક્ષણ અંગેની લેખિત સંમતિ. | ૨૩૦ |
| (૫૩) | આરોપી મહેન્દ્રભાઇએ પ્રશ્નોત્તરીમાં "હા" જવાબ આપેલ તે અંગેનો ગ્રાફ, પ્રશ્નોત્તરી અને એનાલિસીસ શીટ. | ૨૩૧ |
| (૫૪) | આરોપી મહેન્દ્રભાઇએ પ્રશ્નોત્તરીમાં "ના" જવાબ આપેલ તેની એનાલિસીસ શીટ. | ૨૩૨ |
| (૫૫) | આરોપી શહેજાદભાઇ અને દિનેશભાઇના બી.ઇ.ઓ.એસ. પરીક્ષણ અંગેની યાદી. | ૨૩૩ |

| | | |
|---|---|---|
| (૫૬) | આરોપી શહેજાદભાઇ અને દિનેશભાઇના બી.ઇ.ઓ.એસ. પરીક્ષણ અંગેનો એપોઇન્ટમેન્ટ લેટર. | ૨૩૪ |
| (૫૭) | આરોપી શહેજાદભાઇની બી.ઇ.ઓ.એસ. પરીક્ષણ અંગેની લેખિત સંમતિ તથા જવાબ. | ૨૩૫ |
| (૫૮) | આરોપી દિનેશભાઇની બી.ઇ.ઓ.એસ. પરીક્ષણ અંગેની લેખિત સંમતિ તથા જવાબ. | ૨૩૬ |
| (૫૯) | ફોરવર્ડીંગ પત્ર. | ૨૩૭ |
| (૬૦) | લાઇ ડિટેકટીંગ તપાસનો રિપોર્ટ. | ૨૩૮ |
| (૬૧) | અકસ્માત મોતની જાહેરાત. | ૨૪૮ |
| (૬૨) | કેમિકલ પૃથ્થકરણ અભિપ્રાય. | ૨૪૯ |
| (૬૩) | ગુનાવાળી જગ્યાનો નકશો. | ૨૫૦ |
| (૬૪) | એફ.એસ.એલ.નો ભૌતિકશાસ્ત્ર વિભાગનો અહેવાલ. | ૨૬૦ |
| (૬૫) | નાયબ કાર્યપાલક ઇજનેર, નહેર શાખાનો અભિપ્રાય તથા બનાવવાળી જગ્યાનો નકશો. | ૨૬૧ |
| (૬૬) | સર્કલ ઓફિસર, બારડોલીનાએ તૈયાર કરેલ બનાવવાળી જગ્યાનો નકશો. | ૨૬૨ |
| (૬૭) | ફોરેન્સિક મેડિસીન વિભાગ, બી. જે. મેડિકલ કોલેજનો અભિપ્રાય. | ૨૬૩ |
| (૬૮) | આરોપી નટુભાઇ તથા મહેન્દ્રભાઇના નાર્કો એનાલિસ્ટ ટેસ્ટ માટે એફ.એસ.એલ.ને લખેલ પત્ર. | ૨૬૪ |
| (૬૯) | એફ.એસ.એલ.નો મારૂતિ ઓમની ગાડી અંગેનો અભિપ્રાય. | ૨૬૫ |
| (૭૦) | એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ. | ૨૬૬ |
| (૭૧) | આરોપી મહેન્દ્રભાઇની પ્રોસિક્યૂશનની મંજૂરી મેળવવા અંગેનો પત્ર. | ૨૬૭ |
| (૭૨) | આરોપી નટુભાઇની પ્રોસિક્યૂશનની મંજૂરી મેળવવા અંગેનો પત્ર. | ૨૬૮ |
| (૭૩) | આરોપી વિનોદચંદ્રની જામીન અરજી બાબતની વર્ધી. | ૨૬૯ |
| (૭૪) | આરોપી વિનોદચંદ્ર પટેલની એરેસ્ટ માટે પોલિસ અધિક્ષકશ્રી, વલસાડનાઓએ કરેલ ટેક્ષ્ટ મેસેજ. | ૨૭૦ |
| (૭૫) | આરોપી વિનોદચંદ્ર પટેલની શરીરસ્થિતિનું પંચનામું. | ૨૭૧ |
| (૭૬) | મુનાફ એચ. કાપડિયાનું બેંક સ્ટેટમેન્ટ. | ૨૭૨ |
| (૭૭) | મરનારના બેંક સ્ટેટમેન્ટની નકલ. | ૨૭૩ |
| (૭૮) | સ્મશાનમાં લાશ સળગાવ્યા અંગેના રજીસ્ટરના ઉતારાની નકલ. | ૨૭૪ |
| (૭૯) | આરોપી નટુભાઇના આગોતરા જામીન સંદર્ભે પેપર લઇ હાજર રહેવાનો પત્ર તેમજ એફીડેવીટ. | ૨૭૫ |

## –:: સંયુકત ચુકાદો ::–

(૧) કામના આરોપી નંબર : ૧ અને ર નાઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦ર, ૧૧૪, ૧ર૦(એ), ર૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ર૧૪ મુજબના ગુનાઓનો, આરોપી નંબર : ૩ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧ર૦(એ), ર૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ર૧૩, ર૦ર મુજબના ગુનાનો તથા આરોપી નંબર : ૪ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧ર૦(એ), ર૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ર૧૩, ર૦ર, ૧૬૬, ર૧૭, ૧૬૭, ર૧૮, ર૦૧, ર૧૩ મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

(ર) સૌ પ્રથમ એ હકીકત નોંધવી આવશ્યક છે કે, સદર ગુનાના કામે સૌ પ્રથમ આરોપી નટુભાઇ રનાભાઇ ચૌધરી તથા મહેન્દ્રભાઇ લાલચંદભાઇ પાટીલનાઓ સામે ચાર્જશીટ કરવામાં આવેલ, જે આરોપીઓ પૈકી આરોપી નટુભાઇ રનાભાઇ ચૌધરીનાઓ મરણ પામતાં તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ. ત્યાર બાદ નાસતા ભાગતા આરોપીઓ શહેજાદ ઉર્ફે લાલુ હારૂનભાઇ કાપડિયા તથા દિનેશ નારાયણદાસ લોહાણીનાઓ પકડાઇ જવા પામતાં તેઓ સામે પૂરવણી ચાર્જશીટ કરવામાં આવેલ. ત્યાર બાદ આરોપી વિનોદચંદ્ર આત્મારામ પટેલનાઓ પકડાઇ જવા પામતાં તેઓ વિરૂદ્ધ પણ પૂરવણી ચાર્જશીટ કરવામાં આવેલ. સદર ત્રણેય સેશન્સ કેસો એક જ ગુનામાંથી ઉદ્‌ભવેલ હોવાથી અને સાહેદો સરખા હોવાથી ત્રણેય કેસો સાથે ચલાવવા માટે આંક : ર૪ થી અરજી આપવામાં આવેલ, જે અરજી મંજૂર કરી ત્રણેય કેસો સાથે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) ફરિયાદી દેવીલાલ પારીકનાઓએ આંક : ૬૩ ની ફરિયાદ તારીખ : ૧૪/૦૪/ર૦૦૮ ના રોજ ડી.એસ.પી.શ્રી, સુરતનાઓને આપેલ. સદર ફરિયાદની હકીકત એવી છે કે, ફરિયાદી દેવીલાલ ભેરૂલાલ પારીકનાઓ બાજીપુરા, તાલુકો : વાલોડ, જીલ્લો : તાપી ખાતે રહી રાજસ્થાન સિલ્ક પેલેસના નામથી સાડી વેચવાનો ધંધો કરે છે. ફરિયાદીની દુકાન બાજીપુરા તથા બારડોલી ખાતે આવેલ છે. ફરિયાદીનો મોટો પુત્ર આશિષ (ઉંમર રર વર્ષ)ના હતા અને તે બારડોલીની દુકાન ચલાતવા હતા. મરણ જનાર

આશિષકુમાર તારીખ : ૦૬/૦૪/૨૦૦૮ ના રોજ મિત્ર જોડે કામ હોવાનું જણાવી બારડોલી જાઉં છું અને સાંજે પરત આવીશ તેમ કહી સવારે ઘરેથી નીકળેલ, પરંતુ આશિષકુમાર સાંજ સુધી પરત ન આવતાં ફરિયાદીએ આશિષકુમારના મિત્ર શહેજાદ કાપડીયાને ફોન કરતાં તેણે જણાવેલ કે, તે આશિષકુમારને મળેલ નથી, જેથી ફરિયાદીએ વિચારેલ કે, તેમનો પુત્ર રાત્રે મોડેથી પરત આવી જશે. બીજા દિવસે પણ આશિષકુમાર પરત ન આવતાં ફરિયાદી બારડોલી પોલિસ સ્ટેશનમાં પુત્રનો ફોટો લઈ તે અંગે જાણ કરવા તથા તપાસ કરવા માટે ગયેલા, પરંતુ ત્યાં તેઓની વાત સાંભળવામાં આવેલ નહીં અને ફરિયાદી વાલોડ તાલુકાના બાજીપુરા ગામે રહેતાં હોવાથી વાલોડ પોલિસ સ્ટેશન જવા જણાવેલ. તે જ દિવસે ફરિયાદીએ મરનારના મિત્ર દિનેશ સીંધીની પૂછપરછ કરતાં તેણે જણાવેલ કે, મરનાર તેમને કાલે બપોરે બે વાગ્યે મળેલ, પછી કયાં ગયેલ તેની ખબર નથી. ત્યાર બાદ ફરિયાદીએ મરનારની શોધખોળ કરેલી અને તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ વાલોડ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપવા ગયેલા ત્યારે ત્યાંને જમાદારે જણાવેલ કે, પી.આઇ. આવ્યા બાદ ફરિયાદ નોંધવામાં આવશે તેમ જણાવેલ, પણ બે કલાક સુધી પી.આઇ. ન આવતાં જમાદારે સાંજ સુધી રાહ જોવા, નહીંતર આવતી કાલે ફરિયાદ નોંધવા જણાવેલ. તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદી મરનારના ફોટાની કોપી કરવા બારડોલી ગયેલા ત્યારે ત્યાં ભંગારવાળાએ સદર ફોટો કોપી જોઇ જણાવેલ કે, આ ફોટાવાળા ભાઇની પોલિસે બિનવારસી લાશ તરીકે અંતિમવિધિ તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ કરેલ છે, જેથી ફરિયાદીએ બારડોલી પોલિસ સ્ટેશનમાં તપાસ કરતાં તેઓને જાણવા મળેલ કે, અસ્તાન નહેરમાંથી એક લાશ મળેલી અને એ.એસ.આઇ. નટુભાઇ ચૌધરી અને મહેન્દ્રભાઇએ લાશની અંતિમવિધિ તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ કરી દીધેલ. આમ, ફરિયાદીના પુત્રની લાશનું પોસ્ટ મોર્ટમ કર્યા વગર કે કોઇ પણ જાતની ઓળખની તક આપ્યા વિના અંતિમવિધિ કરી દેવામાં આવેલ અને તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદીને મરનારના કપડાંઓ, વીંટી ફરિયાદીને પરત કરવામાં આવેલ. ફરિયાદીએ લાશના ફોટા માંગતા તેમને પોલિસ સ્ટેશનના કોમ્પ્યુટરમાં

બતાવવામાં આવલાં તે ફરિયાદીના પુત્રના ફોટા હતા અને ફોટાની માંગણી કરતાં કોમ્પ્યુટરવાળા આવે એટલે આપું છું તેમ પી.આઇ.એ જણાવેલ અને તેમ કરી અડધો દિવસ પસાર થયેલ, પરંતુ ફરિયાદીને તેમના પુત્રના ફોટાઓ આપેલ નહીં. મરનાર પાસેથી મળી આવેલ ઇન્ડસઇન બેંકનો ચેક નંબર : ૯૮૧૨૭૭ પણ પોલિસે ફરિયાદીને આપેલ નહીં. આ ચેક ઉપર મરનારનું નામ અંગ્રેજીમાં લખેલ હતું. આમ, ઉપરોકત હકીકતોની બારડોલી પોલિસને જાણકારી હોવા છતાં તેઓએ કાયદાની ઉપરવટ જઇ, આશિષકુમારને મારી નાખવામાં આવેલ અને આરોપી શહેજાદ કાપડિયા સાથે મેળાપીપણામાં મરનારની લાશું પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ નહીં અને એકબીજાની આ હત્યામાં તેઓની સંડોવણી છે.

(૩.૧) ફરિયાદમાં વધુમાં જણાવવામાં આવેલ છે કે, આરોપી શહેજાદ પાસેથી ફરિયાદીના દુકાનના બાકી હિસાબના નાણાં પેટે રૂા.૨૩,૦૦૦/– બાકી નીકળતા હતા, જેની અરજદારે આરોપી શહેજાદ પાસે માંગણી કરતાં આરોપી શહેજાદે અનેક વાર જણાવેલ કે, "નહીં આપું, જે થાય તે કરી લો." તેવી ધમકી આપેલી અને મરનારે મૌલવી અબ્દુલ ખાલેક મુસાને પાંચ લાખ રૂપિયા આપવાના થતા હતા, જે પૈકીની અમુક રકમ મરનારે ચૂકતે કરી દીધેલ અને બાકીની રકમ આપવા માટે આરોપી શહેજાદ પાસે મરનારે જમા કરાવેલ હતી, જે રકમ મરનારને આપવાની આરોપીની દાનત ન હતી. આમ, આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગંભીર કોગ્નિઝેબલ ગુનો કરેલ, જેમાં બારડોલી પોલિસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ છે અને ફરિયાદીને પોલિસ તરફથી કોઇ મદદ મળેલ ન હતી અને મરનારના ફોટાઓ પણ પોલિસ તરફથી આપવામાં આવ્યા ન હતા અને મરનાર પાસેથી મળી આવેલ ચેકના આધારે કોઇ શોધ કર્યા વગર તેમજ પી.એમ. કરાવ્યા વગર આરોપી શહેજાદ સાથેના મેળાપીપણાંમાં અંતિમવિધિ કરી દેવામાં આવેલ. ફરિયાદીની આ ફરિયાદ આધારે બારડોલી પોલિસ સ્ટેશનમાં અકસ્માત મોત નંબર : ૨૪/૨૦૦૮ નોંધવામાં આવેલ અને ત્યાર બાદ ફર્સ્ટ ગુના રજી. નંબર : ૪૭/૨૦૦૮ થી ગુનો નોંધવામાં આવેલ.

(૪) હાલના કામે પ્રથમ એ હકીકત નોંધવી આવશ્યક જણાય છે કે, હાલના ફરિયાદીએ પોતાનો દીકરો ગુમ થયા અંગે બારડોલી પોલિસ સ્ટેશનમાં જાણ કરતાં તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદીની ફરિયાદ લખી લેવામાં આવેલ તથા જાણવા જોગ નંબર : ૧૦/૨૦૦૮ ની નોંધ કરવામાં આવેલ અને તે અંગે તપાસ શરૂ કરવામાં આવેલ અને તારીખ : ૧૫/૦૪/૨૦૦૮ ના રોજ અકસ્માત મોત નંબર : ૨૪/૨૦૦૮ નોંધવામાં આવેલ, પરંતુ આ ફરિયાદ સંદર્ભેની તપાસથી ફરિયાદીને અસંતોષ થતાં તેઓએ તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજ ડી.એસ.પી.શ્રી, સુરતનાઓને લેખિત ફરિયાદ આપેલ અને તે જ દિવસે રેન્જ આઇ.જી., સુરતનાઓ તરફથી શ્રી આર. પી. બારોટ, નાયબ પોલિસ અધિક્ષક, આહવા વિભાગ–ડાંગનાઓને અકસ્માત મોત નંબર : ૨૪/૨૦૦૮ ની તપાસ સોંપવામાં આવેલ, જેના આધારે બારડોલી પોલિસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી. નંબર : ૪૭/૨૦૦૮ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૨૧૦, ૨૧૮, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ. ત્યાર બાદ અલગ અલગ એજન્સીઓ ધ્વારા સદર ગુનાની તપાસ કરવામાં આવેલ અને ત્યાર બાદ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૫) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને તપાસના અંતે આરોપી નટુભાઇ રનાભાઇ ચૌધરી તથા મહેન્દ્રભાઇ લાલચંદભાઇ પાટીલનાઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૨૦૨, ૨૧૭, ૨૧૮, ૧૬૬, ૧૬૭, ૧૧૪ મુજબના ગુનાઓનું ચાર્જશીટ બારડોલીના વિ. એડી. ચીફ જ્યુ. મેજિ.શ્રીની કોર્ટમાં દાખલ કરેલું, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૨૪૬/૨૦૧૨ થી નોંધાયેલ. સદર ચાર્જશીટમાં આરોપીઓ શહેજાદ ઉર્ફે લાલુ હારૂનભાઇ કાપડિયા, દિનેશ નારાયણદાસ લોહાણી તથા વિનોદચંદ્ર આત્મારામ પટેલનાઓને નાસતા ભાગતા આરોપી તરીકે દર્શાવવામાં આવેલા.

(૬) ત્યાર બાદ બારડોલીના વિ. એડી. ચીફ જ્યુડી. મેજિ.શ્રી દ્વારા આરોપીઓ નટુભાઇ રનાભાઇ ચૌધરી તથા મહેન્દ્રભાઇ લાલચંદભાઇ પાટીલનાઓ વિરૂદ્ધના ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામ.

સેશન્સ કોર્ટને હોવાથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૦૯ ની જોગવાઇ અન્વયે સદર ફોજદારી કેસ નામ. સેશન્સ કોર્ટ, વ્યારાનાઓ તરફ કમીટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નંબર : ૪/૨૦૧૨ આપવામાં આવેલ. ત્યાર બાદ તાપી જીલ્લો અલગ થતાં સદર કેસ નામ. સેશન્સ કોર્ટ, સુરત તરફ ટ્રાન્સફર કરવામાં આવતાં તેને નવો સેશન્સ કેસ નંબર : ૮૭/૨૦૧૨ આપવામાં આવેલ. ત્યાર બાદ બારડોલી ખાતે કેમ્પ કોર્ટ કાર્યરત થતાં સદર કેસ કેમ્પ કોર્ટ, બારડોલીમાં ટ્રાન્સફર કરવામાં આવેલ. ત્યાર બાદ બારડોલી ખાતેની કેમ્પ કોર્ટ પૂર્ણ સમય માટે કાર્યરત થતાં કેસોનું રીનંબરીંગ થતાં સદર કેસને નવો સેશન્સ કેસ નંબર : ૩૦/૨૦૧૫ આપવામાં આવેલ.

(૭) ત્યાર બાદ નાસતા ભાગતા આરોપીઓ શહેજાદ ઉર્ફે લાલુ હારૂનભાઇ કાપડિયા તથા દિનેશ નારાયણદાસ લોહાણીનાઓ પકડાઇ જવા પામતાં તપાસનીશ અધિકારીએ તેઓ વિરૂદ્ધનું પૂરવણી ચાર્જશીટ બારડોલીના વિ. એડી. ચીફ જયુ. મેજિ.શ્રીની કોર્ટમાં દાખલ કરેલું, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૧૮૧૬/૨૦૧૨ થી નોંધાયેલ. સદર ચાર્જશીટમાં આરોપી વિનોદચંદ્ર આત્મારામ પટેલનાઓને નાસતા ભાગતા આરોપી તરીકે દર્શાવવામાં આવેલા.

(૮) ત્યાર બાદ બારડોલીના વિ. એડી. ચીફ જયુડી. મેજિ.શ્રી દ્વારા ઉપરોકત આરોપીઓ વિરૂદ્ધના ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામ. સેશન્સ કોર્ટને હોવાથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૦૯ ની જોગવાઇ અન્વયે સદર ફોજદારી કેસ નામ. સેશન્સ કોર્ટ, સુરત તરફ કમીટ કરવામાં આવેલ, જે સેશન્સ કેસ નંબર : ૪૩૬/૨૦૧૨ થી નોંધાયેલ. ત્યાર બાદ બારડોલી ખાતે કેમ્પ કોર્ટ કાર્યરત થતાં સદર કેસ કેમ્પ કોર્ટ, બારડોલીમાં ટ્રાન્સફર કરવામાં આવેલ. ત્યાર બાદ બારડોલી ખાતેની કેમ્પ કોર્ટ પૂર્ણ સમય માટે કાર્યરત થતાં કેસોનું રીનંબરીંગ થતાં સદર કેસને નવો સેશન્સ કેસ નંબર : ૪૬/૨૦૧૫ આપવામાં આવેલ.

(૯) ત્યાર બાદ નાસતા ભાગતા આરોપી વિનોદચંદ્ર આત્મારામ પટેલનાઓ પકડાઇ જવા પામતાં તપાસનીશ અધિકારીએ તેઓ વિરૂદ્ધનું પૂરવણી ચાર્જશીટ બારડોલીના વિ. એડી. ચીફ જયુ. મેજિ.શ્રીની કોર્ટમાં

દાખલ કરેલું, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૧૯૭૯/૨૦૧૨ થી નોંધાયેલ.

(૧૦) ત્યાર બાદ બારડોલીના વિ. એડી. ચીફ જયુડી. મેજિ.શ્રી દ્ધારા ઉપરોકત આરોપી વિરૂદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામ. સેશન્સ કોર્ટને હોવાથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૦૯ ની જોગવાઈ અન્વયે સદર ફોજદારી કેસ નામ. સેશન્સ કોર્ટ, સુરત તરફ ક્મીટ કરવામાં આવેલ, જે સેશન્સ કેસ નંબર : ૧૭૨/૨૦૧૩ થી નોંધાયેલ. ત્યાર બાદ બારડોલી ખાતે કેમ્પ કોર્ટ કાર્યરત થતાં સદર કેસ કેમ્પ કોર્ટ, બારડોલીમાં ટ્રાન્સફર કરવામાં આવેલ. ત્યાર બાદ બારડોલી ખાતેની કેમ્પ કોર્ટ પૂર્ણ સમય માટે કાર્યરત થતાં કેસોનું રીનંબરીંગ થતાં સદર કેસને નવો સેશન્સ કેસ નંબર : ૫૪/૨૦૧૫ આપવામાં આવેલ.

(૧૧) ત્યાર બાદ આરોપી નટુભાઈ રનાભાઈ ચૌધરીનાઓ અવસાન પામતાં તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ. સદર કામના આરોપીઓ જામીન ઉપર મુકત થયેલા છે. આરોપીઓ મુદતે કોર્ટમાં હાજર રહેતાં તેઓને ચાર્જશીટનાં કેસ પેપર્સની નકલો વિનામૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂદ્ધ આંક : ૨૫ થી તહોમતનામું ફરમાવી આરોપીઓને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીઓનો અનુક્રમે આંક : ૨૬ થી આંક : ૨૯ સુધીના જવાબ લેતાં આરોપીઓએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને તેઓએ પોતાના વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૧૨) અત્રે એ હકીકત નોંધવી આવશ્યક છે કે, સેશન્સ કેસ નંબર : ૩૦/૨૦૧૫ ના કામે સદર ગુનાના ત્રણેય કેસો સાથે ચલાવવા માટે આંક : ૨૪ થી અરજી આપવામાં આવતાં તે અરજી મંજૂર કરી ત્રણેય સેશન્સ કેસોની ટ્રાયલ સાથે ચલાવવાનો અને સેશન્સ કેસ નંબર : ૩૦/૨૦૧૫ ના કામે પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ. **આંક : ૨૫ ના તહોમતનામાના ટાઈટલમાં આરોપીઓના નામ જે ક્રમાનુસાર દર્શાવવામાં આવેલા છે તે ક્રમ મુજબ સદર ચુકાદામાં પુરાવાની ચર્ચા દરમ્યાન આરોપી શહેજાદ ઉર્ફે લાલુ હારૂનભાઈ કાપડીયાને આરોપી નંબર : ૧ તરીકે, આરોપી દિનેશ**

**નારાયણદાસ લોહાણીને આરોપી નંબર : ૨ તરીકે, આરોપી મહેન્દ્રભાઇ લાલચંદભાઇ પાટીલને આરોપી નંબર : ૩ તરીકે તથા આરોપી વિનોદચંદ્ર આત્મારામ પટેલને આરોપી નંબર : ૪ તરીકે સંબોધવામાં આવેલ છે.**

(૧૩) ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

(૧૪) હાલના કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રીએ આંક : ૨૭૮ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં આ કામના આરોપીઓનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાઓની આક્ષેપિત હકીકતોનો ઈન્કાર કરેલ છે. આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ વિરૂદ્ધ ખોટી ફરિયાદ કરી ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૧૫) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. આરોપી નંબર : ૧ અને ૨ તરફે વિ. વકીલ શ્રી એ. એન. વકીલની દલીલો સાંભળી. આરોપી નંબર : ૩ અને ૪ તરફે આંક : ૨૮૭ થી લેખિત દલીલો રજૂ થયેલ છે, જે વંચાણે લીધી.

(૧૬) સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરવા માટે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે અને આ પુરાવાઓથી મરનાર આશિષકુમારનું મૃત્યુ એ અકુદરતી પ્રકારનું હતું તેવું સ્પષ્ટપણે પૂરવાર થયેલ છે. લાશના ફોટા જોતાં મરનારને ઈજાઓ થયેલ હોવાની હકીકત જણાઇ આવેછે. વળી, લાશ નહેરમાંથી મળી આવેલ. મરનાર બારડોલી જવા માટે ઘરેથી નીકળ્યા બાદ પરત ઘરે ન આવતાં ફરિયાદીએ પોતાનો દીકરો ગુમ થયા અંગેની જાણ પોલિસ સ્ટેશનમાં કરતાં કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નહીં. ફરિયાદી પાસેનો ફોટો જોઇ ભંગારવાળાએ જણાવેલ કે, ફોટાવાળા વ્યક્તિના પોલિસે અંતિમસંસ્કાર કરી દીધેલ છે. ત્યાર બાદ ફરિયાદી પોલિસ સ્ટેશને જતાં ફરિયાદીને મરનારના ફોટા બતાવવામાં આવતાં તે ફોટા તેમના

દીકરાના જ હતા તેમ ઓળખી બતાવેલ. ફરિયાપક્ષ એ હકીકત પણ પૂરવાર કરી શકેલ છે કે, ફરિયાદી ફોટો લઇને પોલિસ સ્ટેશન ગયેલા, તેમ છતાં લાશ મળ્યા બાદ લાશનું પોસ્ટ મોર્ટમ કર્યા વિના, ઇન્કવેસ્ટ પંચનામું કર્યા વિના અંતિમસંસ્કાર કરી દેવામાં આવેલા. આરોપી શહેજાદ સાથે નાણાંકીય વ્યવહાર થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. ફરિયાદપક્ષ એ હકીકત પણ પૂરવાર કરી શકેલ છે કે, આરોપી શહેજાદે મૌલવી પાસેથી મરનારને હાથઉછીની રકમ અપાવેલ, જે પૈકીની અમુક રકમ મરનાર ચૂકવી શકેલા નહીં. આરોપી શહેજાદ અને દિનેશનાઓએ ગુનાહિત કાવતરૂ રચી મરનાર સાથે નહેર પાસે બીયર પીધેલ અને આશિષકુમારને માર મારી નહેરના પાણીમાં ફેંકી દીધેલ અને ત્યાર બાદ નહેરમાંથી આશિષકુમારની લાશ મળી આવેલ, એટલે મરનારના મૃત્યુના બનાવ અગાઉ આરોપી શહેજાદ અને દિનેશનાઓ મરનાર સાથે હતા તેવો પુરાવો એટલે કે લાસ્ટ સીન ટુગેધરનો પુરાવો રેકર્ડ ઉપર આવે છે. સદર કામે પોલિસ આરોપીઓએ લાશ મળ્યા બાદ તેની ઓળખ માટેના કોઇ પ્રયત્નો કર્યા નથી. મરનારના ખિસ્સામાંથી મળી આવેલ ચેકના આધારે મરનારની ઓળખ સરળતાથી થઇ શકે તેમ હતી, તેમ છતાં તેવી કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. વળી, મરનારનું મૃત્યુ કેવી રીતે થયેલું તે જાણવા માટે પી.એમ. કરાવવું પડે અને આ બાબતથી આરોપી નંબર : ૩ અને ૪ નાઓ સારી રીતે વાકેફ હોવા છતાં તેઓએ લાશનું પી.એમ. કરાવેલ નથી કે ઇન્કવેસ્ટ પંચનામું કરેલ નથી અને ઉતાવળે લાશના અંતિમસંસ્કાર કરી મહત્વના પુરાવાનો નાશ કરેલ હોવાનું સ્પષ્ટપણે રકેર્ડ ઉપર આવે છે. લાશ સડી ગયેલ હોય, દુર્ગંધ મારતી હોય તો તેવા કિસ્સામાં પણ પી.એમ. કરાવવું પડે. અલબત્ત, સદર કામે રજૂ થયેલ ફોટાઓ ધ્યાને લેતાં લાશ સડી ગયેલ હોય કે તેનો ચહેરો સ્પષ્ટ દેખાતો ન હોય તેમ જણાઇ આવતું નથી. મરનારનો ચહેરો વિકૃત થઇ ગયેલ ન હતો, તેથી તેની ઓળખ થઇ શકે તેવા સંજોગો હતા, પરંતુ તે અંગેના કોઇ પ્રયત્નો ઇરાદાપૂર્વક કરવામાં આવેલ ન હોવાનું જણાઇ આવે છે. પોલિસ આરોપીઓ આ કાર્યવાહીથી સારી રીતે જાણકાર હોવા છતાં તેઓએ આવી કાર્યવાહી નહીં કરીને આરોપી નંબર : ૧ અને ૨ ને ખૂનના ગુનામાંથી બચાવવા માટે

મહત્વના પુરાવાઓનો નાશ કરેલ હોવાનું પણ સાબિત થાય છે. આમ, રજૂ થયેલ પુરાવાઓથી ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીઓને દોષિત ઠરાવી મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૧૭) મૂળ ફરિયાદી તરફે આંક : ૨૮૪ થી લેખિત દલીલો રજૂ કરવામાં આવેલ છે. સદર લેખિત દલીલમાં ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલા સાહેદો પૈકી જે સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે તે સાહેદોની જુબાનીનું પુનરાવર્તન કરવામાં આવેલ છે, જેથી તેનો અહીં ઉલ્લેખ કરવામાં આવેલ નથી. લેખિત દલીલમાં વધુમાં જણાવવામાં આવેલ છે કે, તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદી બારડોલી પોલિસ સ્ટેશનમાં તપાસ કરવા ગયેલા ત્યારે ફરિયાદ લેવામાં આવેલ નહીં અને તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ લાશ ડિસ્પોઝ કરી દેવામાં આવેલી. તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ શહેજાદ સાથે ત્રણ-ચાર વાર ફોન ઉપર વાતચીત થઇ હતી, તેમ છતાં શહેજાદ ખોટું બોલેલ કે મરનાર આશિષ તેમને મળેલ નથી. તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ થી તારીખ : ૦૮/૦૪/૨૦૦૮, એમ બંને દિવસે દિનેશના ભાઇ જીતુભાઇ ફરિયાદી સાથે હતા અને પૂરી જાણ રાખતા હતા કે, જયાં સુધી લાશ ડિસ્પોઝ ન થાય ત્યાં સુધી ફરિયાદીને જાણ ન થાય. તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ ના રોજ જરીફ અને શહેજાદે ફોન કરી ફરિયાદી ઉપર વોચ રાખેલી. તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદી પી.આઇ.ને સવારે દસ વાગ્યે મળેલા ત્યારે ખબર પડી ગયેલ કે, આશિષની લાશની અંતિમવિધિ થઇ ગયેલ છે અને ચેક પણ મળેલ હતો, પણ તે દિવસે કોઇ તપાસ કરવામાં આવેલ નહીં અને ઉપરથી જાણવા જોગ સાંજના ચાર વાગ્યે દાખલ કરેલી. આ પાંચ-છ કલાકના ટાઇમમાં ઘણું બધુ પ્લાન કરી લીધાં બાદ ઈરાદાપૂર્વક જાણવા જોગ દાખલ કરવામાં આવેલ. તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ના રોજ તપાસ આહવા ડાંગના ડી.વાય.એસ.પી.શ્રીને સોંપવામાં આવેલ તો તારીખ : ૧૫/૦૪/૨૦૦૮ ના રોજ અકસ્માત મોતની નોંધ કઈ રીતે રજીસ્ટર થઇ શકે. તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજ શ્રી બારોટને તપાસ સોંપવામાં આવેલ

તો છેક તારીખ : ૧૭/૦૪/૨૦૦૮ ના રોજ રાત્રે દસ વાગ્યે આટલી મોડી ફરિયાદ કેમ કરી. શ્રી બારોટે સ્મશાનભૂમિનું આખુ રજીસ્ટર કબજે કરી સ્મશાનભૂમિ પર નવું રજીસ્ટર બનાવવા ફરજ પાડેલી. મરનારના ખિસ્સામાંથી ચેક નંબર : ૯૮૧૨૭૭ મળેલ, તેમ છતાં લાશ બિનવારસીમાં કેવી રીતે બાળી નાખવામાં આવેલી. તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદીને કહેવામાં આવેલ કે, ચેક ન હતો, કોરો કાગળ હતો. પી.આઇ.એ કહેલ કે જે કાંઇ હોય લઇ આવો તો બારડોલી પોલિસ સ્ટેશનથી અસ્તાન કેનાલ લગભગ પાંચ કિલોમીટર છે તો પાંચ મિનિટમાં ચેક કઇ રીતે લઇ આવ્યા. બારડોલી પોલિસ સ્ટેશનના અધિકારીએ ચેક સંતાડી રાખેલો અને દબાણ કરતાં ચેક કાઢેલો. લાશના કુલ ચાર ફોટાઓ પાડવામાં આવેલા, પણ બારડોલી પોલિસ સ્ટેશનથી શ્રી બારોટે કેમ ફકત બે જ ફોટાઓ કબજે કરેલા. કોના કહેવાથી બારડોલી પોલિસ સ્ટેશનના કોમ્પ્યુટરમાંથી ફોટાઓ ડિલીટ કરવામાં આવેલા. વારંવાર માંગણી કરવા છતાં ફોટા આપવામાં આવેલ નહીં, જેથી કરીને આગળ જતાં ફોટા જેવા મહત્વના પુરાવાનો નાશ કરી શકાય. લાશ કાઢનાર વ્યક્તિ ઓછું ભણેલ કે અભણ હોય તો પણ તેને ખબર પડી જાય કે ચેક હતો, કાગળ ન હતો. તો બારડોલી પોલિસ સ્ટેશનના અધિકારી જાણી જોઇને ચેક મળ્યો હોવા છતાં તે ચેકને છૂપાવી રાખીને લાશની બિનવારસીમાં અંતિમવિધિ કીર દીધેલી. લાશને કેનાલમાંથી બહાર કાઢયા પછી કોઇ પણ જાણકારી, ઇન્કવાયરી, પોસ્ટ મોર્ટમ, પંચનામું કે તપાસ કર્યા વગર માત્ર અડધો કલાકની વચ્ચે લાશની અંતિમવિધિ કરી નાખેલ, જે બતાવે છે કે, પોલિસ દ્વારા પૈસા લઇને આ કાવતરાને અંજામ આપવામાં આવેલ છે. તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજ સુરત ડી.એસ.પી.ને અરજી કરેલી, જે અરજીનો ઉદ્દેશ કેસની તપાસ થાય તે હતો, પણ ફરિયાદીની માનસિક સ્થિતિ એટલી પરિપક્વ ન હતી, જેથી જેટલી વિગતો લઇ શકેલા એ ટૂંકમાં લખીને અરજી આપેલી. સદર કેસ ચાલતાં ઘણો સમય થયેલ હોવાથી સાહેદોના પુરાવામાં સામાન્ય વિરોધાભાસને સ્થાન ન હોઇ શકે. આરોપીઓ તરફે કરવામાં આવેલ ઊલટતપાસ જોતાં બચાવપક્ષનો બચાવ માની શકાય તેમ નથી. ફરિયાદી તથા અન્ય સાહેદોની જુબાની જોતાં આરોપી

નંબર : ૨ અને ૩ નાઓએ ગુનાની કબૂલાક કરેલ હોવાનું જણાઇ આવે છે. ફરિયાદી તથા સાહેદોએ ફરિયાદ, બનાવની હકીકતોને તથા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર રીતે પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીઓને તકસીરવાન ઠરાવી સખ્ત સજા કરવા અરજ કરેલ છે.

(૧૮) આ કામે આરોપી નંબર : ૧ અને ૨ તરફે વિ. વકીલ શ્રી કે. એન. વકીલે દલીલો કરેલ છે કે, આરપી નંબર : ૧ અને ૨ નાઓ નિર્દોષ છે. તેઓએ કોઇ ગુનો કરેલ નથી. ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપી નંબર : ૧ અને ૨ નાઓ વિરૂદ્ધ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો જણાઇ આવતો નથી. એ પણ પૂરવાર થઇ શકેલ નથી કે, આરોપી નંબર : ૧ અને ૨ નાઓ બનાવના તુરત અગાઉ મરનાર સાથે હતા. રજૂ થયેલ પુરાવાઓથી આરોપી નંબર : ૧ નાએ મરનારને મૌલવી પાસેથી કોઇ હાથઉછીની રકમ અપાવેલ હતી. કહેવાતા મૌલવીને મરનાર હાથઉછીની રકમ ન ચૂકવી શકતાં કોઇ તકરાર થયેલ હોય તેવો કોઇ પુરાવો જણાઇ આવતો નથી. કહેવાતા નાણાંકીય વ્યવહાર અંગેના કોઇ જ પુરાવા સદર કામે રજૂ થયેલા નથી. માત્ર શંકાના આધારે હાલના આરોપીઓ વિરૂદ્ધ ખોટો કેસ દાખલ કરવામાં આવેલ છે. હાલના કેસમાં બનાવના નજરે જોનાર કોઇ સાહેદ નથી, એટલે હાલનો કેસ સાંયોગિક પુરાવાઓ ઉપર આધારિત છે, પરંતુ આરોપી નંબર : ૧ અને ૨ વિરૂદ્ધના ગુનાહિત સંજોગોની કોઇ કડીઓ ફરિયાદપક્ષ પૂરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષ તરફથી કોઇ પણ પુરાવાથી એ પૂરવાર થઇ શકેલ નથી કે, બનાવના તુરત અગાઉ આરોપી નંબર : ૧ અને ૨ નાઓ મરણ જનાર સાથે હતા કે તેઓ બધાએ બીયર ખરીદ કરી નહેર પાસે બીયર પીધેલ હોય. મરણ જનારને મારી નાખવા માટેનો હાલના આરોપીઓને કોઇ મોટિવ હતો તેવું ફરિયાદપક્ષ પૂરવાર કરી શકેલ નથી. બનાવ સ્થળે હાલના આરોપીઓ હાજર હતા અને આરોપીઓએ ભેગા મળી મરણ જનારનું મોત નિપજાવેલ હોય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. ફરિયાદપક્ષ દ્વારા આરોપી નંબર : ૧ અને ૨ ના નાર્કો ટેસ્ટ, બ્રેઇન મેપિંગ ટેસ્ટ તથા લાય ડિટેકટર ટેસ્ટ કરવામાં આવેલ, પરંતુ આ બધા

કોરોબૉરેટિલ પીસ ઓફ એવિડન્સ કહેવાય છે. જયારે આરોપીઓ સામે કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી, ત્યારે માત્ર સમર્થનાત્મક પુરાવાઓના આધારે તેઓને દોષિત ઠરાવી શકાય નહીં. મરનારનું પી.એમ. કરવામાં આવેલ નહીં કે ઇન્કવેસ્ટ પંચનામું પણ કરવામાં આવેલ નહીં, જેથી મરનારનું મૃત્યુ આકસ્મિક રીતે થયેલું કે તેમનું ખૂન કરવામાં આવેલ હતું તે પણ સદર કામે પૂરવાર થઇ શકેલ નથી. આરોપી નંબર : ૧ અને ૨ નાઓએ હાલના ગુનામાં કોઇ ભૂમિકા ભજવી હોય તે ફરિયાદપક્ષ પૂરવાર કરી શકેલ નથી. આરોપીઓની ગુનામાં સંડોવણી દર્શાવતો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપી નંબર : ૧ અને ૨ નાઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

(૧૯) આરોપી નંબર : ૩ અને ૪ તરફે આંક : ૨૮૭ થી લેખિત દલીલો રજૂ કરવામાં આવેલ છે. લેખિત દલીલોમાં જણાવવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર પૂરવાર કરવાનો હોય છે, પરંતુ સદર કામે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર રીતે પૂરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષ તરફે પુરાવાઓ રજૂ કરવા માત્રથી સજાનો આધાર બની રહેતો નથી. ટ્રાયલના અંતે પુરાવાઓનું તુલનાત્મક મૂલ્યાંકન કર્યા બાદ જ ન્યાયિક નિર્ણય ઉપર આવી શકાય. સદર કામે જે સાહેદો તપાસવામાં આવેલા છે તે બનાવ નજરે જોનાર સાહેદો નથી. આરોપીઓ સામેના ગુનાહિત સંજોગો કોજન્ટલી અને કન્વીન્સીંગલી ફરિયાદપક્ષે પૂરવાર કરવાના હોય છે. આવા ગુનાહિત સંજોગોની એક મજબૂત ચેઇન ન બને તો આરોપીઓને તેનો લાભ મળવાપાત્ર થાય છે. ફરિયાદપક્ષ તરફેરજૂ થયેલ પુરાવામાં એકસૂત્રતા નથી અને એકઝાગ્રેશન પ્રકારનો પુરાવો છે. હાલના આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે મળી મિટિંગ ઓફ માઇન્ડસ કરેલ હોય તેવો પુરાવો જણાઇ આવતો નથી. હાલના આરોપીઓને મરનાર સાથે કોઇ અદાવત, દુશ્મનાવટ હતી તેવું જણાઇ આવતું નથી. લાશનું પી.એમ. કરવામાં આવેલ નથી. ચાર્જશીટના કાગળો જોતાં જણાઇ આવે છે કે, લાશ ઘણાં દિવસ પાણીમાં રહેવાથી કુલી ગયેલ હતી, માંસનો લોચો થઇ જતો હતો, ખૂબ દુર્ગંધ મારતી હતી, ચહેરો ઓળખી શકાય તેવો ન હતો, માંછલા ચહેરા ઉપરની ચામડી

ખાઇ ગયેલ હતા, જેથી લાશનું પી.એમ. કરવામાં આવેલ નહીં, આ તમામ હકીકતો પણ ધ્યાને લેવી જરૂરી બને છે. હાલના આરોપીઓ પોલિસ વિભાગમાં ફરજ બજાવતા હોવા છતાં ચાર્જશીટ કરતાં પહેલા પ્રોસિકયૂશનની કોઇ મંજૂરી લેવામાં આવેલ નથી. ફરિયાદીએ ડી.વાય.એસ.પી.શ્રી રૂબરૂ લેખિત ફરિયાદ આપેલ, જે મુજબ મરનાર બારડોલી જવાનું કહી ઘરેથી નીકળેલ અને પરત આવેલા નહીં. ફરિયાદી તથા સાહેદ અમિતકુમાર દેવીલાલ પારીકના પુરાવાઓ જોઇએ તો આ બંને સાહેદો મરનારના પિતા અને ભાઇ છે, જેથી તેઓ રસ ધરાવતા સાહેદો કહી શકાય. સ્વતંત્ર સાહેદોનો પુરાવો મળી શકે તેમ હોવા છતાં તેવો પુરાવો લેવામાં આવેલ નથી. આમ, હિત ધરાવતા તથા રસ ધરાવતા સાહેદોના પુરાવાઓનું મૂલ્યાંકન ખૂબ જ કાળજીપૂર્વક અને સાવચેતીપૂર્વક કરવું જરૂરી છે. લેખિત દલીલોમાં તપાસવામાં આવેલા સાહેદોની જુબાનીનું પુનરાવર્તન કરવામાં આવેલ છે, જેથી તેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. લેખિત દલીલોમાં વધુમાં જણાવવામાં આવેલ છે કે, સાહેદ દીપકભાઇ મગરના પુરાવામાં ફોટાની ચર્ચા કરવામાં આવેલ છે તેવા ફોટોગ્રાફ્સ ઉપર ફોટા પાડયાની તારીખ કે સમય દર્શાવવામાં આવેલ નથી. વળી, આ સાહેદ ફોટોગ્રાફીના એક્ષ્પર્ટ હોય તેમ પણ નથી. આ સાહેદ ફોટોગ્રાફી કરવા ગયેલા તે અંગેની કોઇ રજીસ્ટરમાં નોંધ કરવામાં આવેલ નથી. સાહેદ હેમાંગીબેન રસીકલાલ શાહનો પુરાવો જોતાં નાર્કો ટેસ્ટ અને બ્રેઇન ટેસ્ટમાં હંમેશા સફળતા મળી શકે તેમ કહી શકાય નહીં. ફરિયાદપક્ષ માત્ર રિપોર્ટસ ઉપર આધાર રાખી શકે નહીં તેવું નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઇકોર્ટના ચુકાદાઓમાં જણાવવામાં આવેલ છે. સદર કામે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં બનાવ અંગેની ફરિયાદ અગિયાર દિવસ જેટલી મોડી આપવામાં આવેલ છે, જેમાં આરોપી નંબર : ૩ અને ૪ નો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. મરનાર ગુમ થયાની કોઇ ફરિયાદ બારડોલી કે વાલોડ પોલિસ સ્ટેશનમાં આપવામાં આવેલ નથી. મરનાર ફોટોકોપી કઢાવવા બારડોલી ગયેલા અને ત્યાં ભંગારવાળો આવેલો, પરંતુ તેવા કોઇ ભંગારવાળાનું નામ, વર્ણન કે નિવેદન કોઇ જગ્યાએ આપેલ નથી. જાણવા જોગના કામે ફરિયાદી તેમજ અમિતકુમારનું નિવેદન

બારડોલીના પી.આઇ.શ્રી દ્વારા નોંધવામાં આવેલ તેવું તપાસના કામે જણાઇ આવેલ. અકસ્માત મોતના કામે પણ ફરિયાદીનું નિવેદન નોંધવામાં આવેલ. તપાસ કરનાર અધિકારીઓ વિરૂદ્ધ ફરિયાદી તથા તેમના દીકરાએ વખતોવખત રજૂઆત કરતાં અનેક વખત તપાસ કરનાર એજન્સીઓ બદલાયેલ છે. લાશનું પી.એમ. થયેલ ન હોવાથી મૃત્યુનું ચોકકસ કારણ રેકર્ડ ઉપર આવી શકેલ નથી. સદર કામે એવિડન્સ એકટની કલમ-૬૫(બી)નું સર્ટીફીકેટ રજૂ થયેલ નથી. લાશ કાઢનાર, જે ગામમાંથી લાશ મળી આવેલ તે ગામના સરપંચ, લાશને ટેમ્પામાં મૂકીને લાવનાર, લાશને અગ્નિદાહ આપનાર તેમજ સ્મશાનભૂમિના કર્મચારીઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આરોપી નંબર : ૧ અને ર નાઓ સાથે આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ કોઇ કાવતરૂ રચેલ હોય, પહેલાથી ઓળખતા હોય તેવું પૂરવાર થયેલ નથી. વળી, આરોપી નંબર : ૧ અને ર નાઓ પાસેથી હાલના આરોપીઓએ કોઇ બક્ષીસ લીધેલ હોય કે ગેરકાયદેસર રીતે પૈસાની માંગણી કરેલ હોય તેવું જણાઇ આવતું નથી. સદર કામે કોઇ પણ આરોપી સામે ગુનાહિત સંજોગ કોજન્ટલી અને કન્વીન્સીંગલી પૂરવાર થઇ શકેલ નથી. આરોપીઓ મરનારને મળ્યા હોય તેવું પણ પૂરવાર થયેલ નથી. આરોપીઓ સામે કલીનચીંગ પુરાવો હોવો જોઇએ, તેવો કોઇ પુરાવો રજૂ થયેલ નથી. ફરિયાદપક્ષ મરનારનું મૃત્યુ નિપજાવવા માટેનો મોટિવ પૂરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓથી સાંયોગિક પુરાવાની મજબૂત ચેઇન પૂરવાર થઇ શકેલ નથી, જેથી તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે. આરોપીઓ સામે શું સાંયોગિક પુરાવો છે તે ફરિયાદપક્ષે પૂરવાર કરવું જોઇએ અને મરનાર તથા આરોપીઓ છેલ્લે સાથે હતા તેવો માનવાલાયક અને સબળ પુરાવો રેકર્ડ ઉપર લાવવો જોઇએ, જે આ કામે રેકર્ડ ઉપર ફરિયાદપક્ષ લાવી શકેલ નથી. ફરિયાદપક્ષ આરોપી નંબર : ૩ અને ૪ સામેના સાંયોગિક પુરાવાઓની સાંકળ પૂરવાર થયેલ ન હોવાથી આરોપી નંબર : ૩ અને ૪ નાઓને નિર્દોષ ઠરાવી છોડીમૂકવા અરજ કરેલ છે.

(૨૦) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઇ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબા મુદ્દાઓ ઊપસ્થિત થયેલા છે.

## –:: મુદ્દાઓ ::–

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પૂરવાર કરે છે કે, મરણ જનાર આશિષનું મૃત્યુ કોઈએ ઈજાઓ પહોંચાડીને પાણીમાં મરનારને ફેંકી દેવાના કારણે થયેલ કે મરણ જનાર આકસ્મિક રીતે પાણીમાં પડી જવાના કારણે થયેલ?

(૨) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પૂરવાર કરેલ છે કે, આરોપી નંબર : ૧ નો મરનાર સાથે કોઈ નાણાંની લેતીદેતી અંગે કોઈ વિવાદ હતો અને તેના કારણે તેઓએ આરોપી નંબર : ૨ સાથે મળીને આશિષનું ખૂન કરી, લાશ પાણીમાં ફેંકી દઈ પુરાવાનો નાશ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦(એ), ૨૦૧, ૨૧૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૩) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પૂરવાર કરેલ છે કે, નહેરના પાણીમાંથી મળી આવેલ લાશની ઓળખ થઈ શકે તેવા સંજોગો હોવા છતા લાશની ઓળખ થાય તે દિશામાં આરોપી નંબર : ૩, ૪ તથા મરણ ગયેલ આરોપી નટુભાઈએ કોઈ પ્રયત્નો કરેલ ન હતા?

(૪) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ મરણ ગયેલ આરોપી સાથે મળીને મરનારના પેન્ટના ખિસ્સામાંથી કોરો ચેક, જેમાં મરનારનું નામ તથા એકાઉન્ટ નંબર હતા, જેના આધારે લાશની ઓળખ સરળતાથી થઈ શકે તેમ હોવા છતાં મહત્વપૂર્ણ પુરાવાઓનો નાશ કરવાના ઈરાદાથી મરણ જનારની લાશનું પોસ્ટ મોર્ટમ કરાવ્યા વગર અને લાશની ઓળખ થઈ શકતી હતી, છતાં પણ ઉતાવળથી લાશનો દાહસંસ્કાર કરી દઈ આરોપી નંબર : ૩ નાએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ૨૧૩, ૨૦૨ મુજબના તથા આરોપી નંબર : ૪ નાએ

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ૨૧૩, ૨૦૨, ૧૬૬, ૨૧૭, ૧૬૭, ૨૧૮, ૨૦૧, ૨૧૩.મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૫) શું હુકમ?

(૨૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

(૧) અનિર્ણિત.

(૨) નકારમાં.

(૩) હકારમાં.

(૪) અંશત: હકારમાં.

(૫) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નંબર – ૧ :–**

(૨૨) આ કામના આરોપીઓ તહોમતનામામાં જણાવ્યા મુજબના ગુનાઓનો આક્ષેપ છે. આ મુદ્દો ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ ના ગુના માટે મરનારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધના કારણે થયેલ હતું તે હકીકત પૂરવાર થવી જરૂરી છે. મરનાર આશિષભાઇનું મૃત્યુ અકુદરતી પ્રકારનું હતું કે મરણ જનાર આકસ્મિક રીતે પાણીમાં પડી જવાના કારણે થયેલ તે હકીકત સાબિત કરવા માટે રજૂ થયેલા મૌખિક પુરાવાઓનું મૂલ્યાંકન કરવાનું રહે.

(૨૩) ફરિયાદપક્ષના કેસ મુજબ સૌ પ્રથમ અસ્તાન ગામના સરપંચ નગીનભાઇને સાહેદ નંબર : ૩૫ ભગુભાઇએ અસ્તાન ગામની નહેરમાં લાશ હોવાની જાણ કરેલી અને ત્યાર પછી તેઓએ આરોપી પોલિસ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઇને ફોનથી જાણ કરેલ. ફરિયાદપક્ષના કેસ મુજબ મરનાર આશિષભાઇની લાશનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ નહીં અને ઇન્કવેસ્ટ પંચનામું પણ કરવામાં આવેલ નહીં. આમ, પોસ્ટ મોર્ટમ કર્યા વગર તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવેલા. આમ, સદર કામે મરનારની લાશ

મળી આવ્યા બાદ પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ ન હોવાથી મરનારનું મૃત્યુ કેવી રીતે થયેલું તે સંબંધેનો તબીબી પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. અલબત્ત, મરનારની લાશ મળી આવેલ ત્યારે લાશની શું સ્થિતિ હતી તે ધ્યાને લેવાની રહે. આ સંબંધે સાહેદોનો પુરાવો જોઇએ તો મરનારના પિતા/ફરિયાદી દેવીલાલ ભેરૂલાલ પારીક તથા મરનારના ભાઇ અમિતભાઇ પારીકનો પુરાવો જોઇએ તો, મરનાર તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ ના રોજ ઘરેથી બારડોલી જવા નીકળેલ, પરંતુ સાંજ સુધી પરત ન આવતાં તેઓએ શોધખોળ શરૂ કરેલી, પોલિસ સ્ટેશનમાં ગુમ થયા અંગેનો રિપોર્ટ પણ લખાવેલ. તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ જયારે ફરિયાદી મરનારની ફોટોની કોપી કરાવવા માટે પોતાની દુકાન ઉપર ગયેલા ત્યારે ફરિયાદી અને તેમના દીકરાને ભંગારવાળાએ જણાવેલ કે, તેમના સમાજના એક માણસનું મૃત્યુ થતાં તેઓ અંતિમવિધિમાં ગયેલા ત્યારે ફરિયાદીએ બતાવેલ ફોટાવાળા વ્યક્તિ એટલે કે મરનાર આશિષના અંતિમ સંસ્કાર બારડોલી પોલિસે કરેલા. આ ભંગારવાળાએ એવી હકીકત પણ જણાવેલ કે, મરનારનું જડબું તૂટેલ હતું, મોં અને માથા ઉપર માર મારેલાના ઘા હતા. તેઓના પુરાવામાં એવી હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, અસ્તાન ગામના એક લારીવાળાએ નહેરમાંથી મરનારની લાશ કાઢેલી, જેથી ફરિયાદી અસ્તાન ગામની નહેર ઉપર ગયેલા અને તપાસ કરેલ. ફરિયાદીએ આ લારીવાળાને ફોટો બતાવતાં લારીવાળાએ જણાવેલ કે, તેઓએ આ ફોટાવાળી જેવી જ વ્યક્તિની લાશ નહેરમાંથી બહાર કાઢી હતી. અલબત્ત, આ સાહેદે લાશની સ્થિતિ અંગેની કોઇ હકીકત જણાવેલ નથી, પરંતુ લાશના ખિસ્સામાંથી નીકળેલ વસ્તુઓ જમાદાર નટુભાઇને આપેલ હોવાનું જણાવતાં ફરિયાદી જમાદાર નટુભાઇને મળેલા. નટુભાઇએ ફરિયાદીને જણાવેલ કે, લાશ કુલી ગયેલ હતી, સડી ગયેલ હતી અને દુર્ગંધ મારતી હતી, જેથી લાશના અંતિમ સંસ્કાર કરેલ. નટુભાઇએ મરનારની લાશના ફોટા લીધેલા તે ફોટા ફરિયાદી તથા સાહેદોને બતાવેલા, જેમાં મરનારના મોઢા ઉપર તથા માથાના ભાગે ઈજાના નિશાનો હતા અને ઘામાંથી લોહી નીકળતું હોવાનું દેખાતું હતું. મરનારના ભાઇ અમિતકુમાર

દેવીલાલ પારીકનાઓએ પણ ઉપર મુજબની હકીકતો પોતાના પુરાવામાં જણાવેલ છે.

(૨૪) ફરિયાદી તથા સાહેદ અમિતકુમારનો પુરાવામાં એવી હકીકત પણ આવે છે કે, મરનારની અંતિમવિધિ પહેલા કપડાં કાઢી લેવામાં આવેલ હતા. લાશ ઉપરના કપડાં, બેલ્ટ, વીંટી જમાદાર નટુભાઈએ બતાવતાં ફરિયાદી તથા સાહેદ અમિતકુમારે તે લાશ મરનાર આશિષની હોવાનું જણાવી ઓળખી બતાવેલ. મરનારની લાશની અંતિમવિધિ બારડોલી સ્મશાન ગૃહમાં કરવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે, જેને સ્મશાન ગૃહમાં કામ કરતાં સાહેદોના પુરાવાથી પણ સમર્થન મળે છે.

(૨૫) સાહેદ દીપકભાઈ શંકરભાઈ મગરના પુરાવામાં એવી હકીકત આવે છે કે, લાશ ૩૫ થી ૪૫ વર્ષના પુરૂષની હતી, લાશ પાણીમાં રહેવાથી ફુલાઈ ગયેલ હતી. મરણ જનારના ફોટાઓ જે આંક : ૧૨૨ ના પંચનામા અન્વયે કબજે કરવામાં આવેલ તે ફોટાઓ જોતાં મરનારના કપાળના ભાગે તાજા લોહીની હાજરી પણ જણાઈ આવે છે, પરંતુ આ ઈજાઓ કોઈએ ઈજા પહોંચાડવાથી થયેલ હતી કે નહેરમાં લાશ પડી રહેવાના કારણે પાણીમાંના જીવજંતુઓએ લાશ ખાવાના કારણે થયેલ કે કેમ તે નિર્ણિત કરી શકાય તેમ નથી, કારણ કે સદર કામે લાશનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ ન હતું. વધુમાં, મરનારના ફોટાઓ ધ્યાને લેતાં મરનારની લાશ ફુલી ગયેલ હતી તેમ જણાઈ આવતું નથી. વળી, આ ફોટાઓ જોતાં મરનારની ચામડી ફર્મ હતી, લાશ ફુલી ગયેલ ન હતી અને લાશ સરળતાથી ઓળખી શકાય તેવી હતી, જયારે આંક : ૬૪ વાળી અકસ્માત મોત નંબર : ૨૪/૨૦૦૮ માં આરોપી નંબર : ૪ નાએ જણાવેલ હકીકત મુજબ લાશ ફુલી ગયેલ હતી, વાસ મારતી હતી અને તેના મોઢાની ચામડી માછલીઓએ કરડી ખાધેલ અને લાશને હાજર માણસો પૈકી કોઈએ ઓળખેલ નહીં. આમ, મરનારને ઈજા થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે, પરંતુ મરનારને થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી કે મૃત્યુ બાદની હતી અથવા તો માછલીઓના કરડવાથી થયેલ હતી, તે લાશનું પોસ્ટ મોર્ટમ થયેલ ન હોવાથી નિર્ણિત કરી શકાય તેમ નથી.

(૨૬) મરણ જનારના ફોટા અને કપડાં એફ.એસ.એલ.માં પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલ, જે અંગેનો રિપોર્ટ આંક : ૨૬૩ અને આંક : ૨૬૦ થી રજૂ થયેલ છે. આંક : ૨૬૦ નો અહેવાલ જોતાં મરનારના કપડાં નમૂના "એ" ટીશર્ટ અને નમૂના "બી" પેન્ટ પરથી જરૂરી માટી મળેલ ન હોવાથી નમૂના "આઈ" કંટ્રોલ માટી સાથે સરખામણી પરીક્ષણ થઈ શકેલ નહીં. આંક : ૨૬૩ થી રજૂ એફ.એસ.એલ.નો અહેવાલમાં જણાવવામાં આવેલ છે કે, મરનારની ફોટામાં જે ઈજાઓ દેખાયેલ તે ઈજાઓ મૃત્યુ પહેલાની હતી કે કેમ તે ફોટા ઉપરથી સ્પષ્ટપણે કહી શકાય નહીં. આ ઊપરાંત, એમ પણ જણાવવામાં આવેલ છે કે, મરનારનું મૃત્યુ પાણીમાં ડૂબી જવાથી થયેલ હતું કે કેમ તે અંગે ફકત ફોટા ઉપરથી કહી શકાય નહીં. મરનારના ફોટા ઉપરથી મરનારનું મૃત્યુ ૧૮ થી ૩૬ કલાકની અંદર થયેલ હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે. આમ, ઉપરોકત અભિપ્રાયથી સ્પષ્ટપણે જણાઇ આવે છે કે, પોસ્ટ મોર્ટમ રિપોર્ટ એ પ્રથમ અને મજબૂત પુરાવો હોય છે કે જેનાથી મૃત્યુનું મૂળ કારણ તબીબી રીતે નિર્ધારીત થઇ શકે.

(૨૭) વધુમાં, ક્રિમ. પ્રોસી. કોડની કલમ–૧૭૪ મુજબ જયારે કોઇ અજાણી લાશ મળે ત્યારે પોલિસની ફરજ બને છે કે, ઇન્કવેસ્ટ પંચનામું તૈયાર કરે, જે લાશની સ્થિતિ, ઈજાઓ વિગેરે અંગે વિગતો આપે છે. આંક : ૬૪ થી રજૂ અકસ્માત મોત નોંધની સ્ટેશન ડાયરી જોતાં એ પણ જણાઈ આવે છે કે, લાશ મળ્યા પછી આરોપી નંબર : ૩ અને ૪ તરફે આ કેસમાં કોઇ ઈન્કવેસ્ટ પંચનામું તૈયાર કરવામાં આવેલ નથી અને બિનવારસી હોવાનું માનીને બારડોલી સ્મશાન ગૃહમાં લાશના ફોટા પાડીને, કપડાં, વીંટી કાઢી કફન પહેરાવી લાશના અગ્નિસંસ્કાર કરવામાં આવેલ, જેથી લાશની સ્થિતિ વિશે કોઇ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર નથી, જેથી મરનારના મૃત્યુનું ચોકકસ કારણ રેકર્ડ ઉપર આવી શકેલ નથી. લાશ મળી ત્યારથી માંડીને અગ્નિસંસ્કાર સુધીની સમગ્ર પ્રક્રિયામાં ગંભીર ગફલત જોવા મળે છે. વધુમાં એ પણ જણાઇ આવે છે કે, આરોપી નંબર : ૪ ના કહેવા મુજબ આ તમામ પ્રક્રિયા તેમની જાણ બહાર કરવામાં આવેલ, પરંતુ આ હકીકત માની શકાય નહીં, કારણ કે જે તે સમયે આરોપી નંબર : ૪ બારડોલી પોલિસ સ્ટેશનના

ઈન્ચાર્જ હતા અને  આવા ગંભીર બનાવ અંગેની કાર્યવાહી આરોપી નંબર : ૪ ની જાણ બહાર તેઓના તાબાના કર્મચારીએ કરી હોય તેવું માનવાને કોઈ કારણ જણાતું નથી. વળી, રેકર્ડ જોતાં એ હકીકત પણ જણાઇ આવે છે કે, લાશના અંતિમ સંસ્કારની કાર્યવાહી જાણ બહાર કરવામાં આવેલ હોવાનું આરોપી નંબર : ૪ જણાવે છે, પરંતુ આ બાબતની જાણ થયા બાદ તેઓએ તાબાના કર્મચારીઓ સામે કોઈ કાયદેસર પગલાં લીધાં હોય કે કોઈ કાર્યવાહી કરી હોય તેમ જણાઈ આવતું નથી અને તે અંગેના કોઈ પુરાવા પણ રજૂ કરવામાં આવેલા નથી. આમ, લાશના અંતિમ સંસ્કારની કાર્યવાહી બારોબાર કરવામાં આવેલ હોવાની હકીકત આરોપી નંબર : ૪ જણાવે છે તે હકીકત તેઓએ આ ગુનામાંથી બચવા માટે જ જણાવેલ હોય તેમ જણાઇ આવે છે.

(૨૮)    વળી, સદર કામે તપાસવામાં આવેલા સાહેદો પૈકી કોઇએ મરનારના મૃત્યુનો બનાવ નજરે જોયેલ નથી. આમ, મરનારના શરીર ઉપર જે ઈજાઓ દેખાતી હતી તે ઈજાઓ કોણે કરેલી, કયા હથિયારથી કરવામાં આવેલ, મરનારને થયેલ ઈજા તેમના મૃત્યુ પહેલા કરવામાં આવેલ હતી કે મૃત્યુ બાદ કરવામાં આવેલ હતી કે કેમ અથવા તો આ ઈજાઓ પાણીમાં માછલીઓના કરડવાથી થયેલ કે કેમ તે અંગેનો કોઇ સ્પષ્ટ અને માની શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર જણાઇ આવતો નથી. વળી, રેકર્ડ જોતાં મરનારનું મૃત્યુ પાણીમાં પડી જવાના કારણે થયેલ કે કોઇએ ઈજા પહોંચાડી તેમનું મૃત્યુ નિપજાવી લાશ પાણીમાં ફેંકી દીધેલ હોય કે મરનારે નહેરમાં કૂદી આપઘાત કરેલ હોય તેવું પણ કહી શકાય તેમ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં મૃત્યુનું કોઇ તબીબી કારણ નકકી થઇ શકેલ નથી. કોઇ બાહ્ય કે આંતરિક ઈજાઓ અંગે કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ થયેલ નથી. પોસ્ટ મોર્ટમ નોટ, ઈન્કવેસ્ટ પંચનામું તથા વિશ્વસનીય પુરાવાઓના અભાવે આ કોર્ટ નિશ્ચિતપણે કહી શકતી નથી કે, મરનારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ પ્રકારનું હતું કે આકસ્મિક રીતે થયેલ હતું કે મરનારે આપઘાત કરેલ હતો. ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મરનારનું મૃત્યુ કેવી રીતે થયેલ તે

હકીકત ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવાઓથી પૂરવાર થઇ શકતું નથી, જે ધ્યાને લેતાં **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય કરી શકાય તેમ નથી.**

**મુદ્દા નંબર – ૨ :–**

(૨૯) હાલની ફરિયાદ મરણ જનારના પિતા તરફે આપવામાં આવેલ છે. મુદ્દા નંબર : ૨ પૂરવાર કરવા માટે ફરિયાદપક્ષે મરણ જનારના પિતા એટલે ફરિયાદી દેવીલાલ ભેરૂલાલ પારીકને આંક : ૪૦ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદીની સરતપાસ નીચે મુજબ છે.

"૧. હું પુષ્કર જીલ્લા અજમેરનો મુળ રહેવાસી છું. બાજીપુરા ગામે અંબાજી મંદિરની બાજુમાં સાડી વેચવાની મારી દુકાન છે જે દુકાનનું નામ રાજેસ્થાન કાપડ કેન્દ્ર છે.

૨. આ કામે ભોગ બનનાર આશીષ મારો પુત્ર થતો હતો. બનાવ વખતે મારા કુટુંબમાં મારી પત્ની ઉર્મીલાદેવી તથા બે પુત્ર નામે આશીષ અને અમીત હતા. બાજીપુરા ગામે જે દુકાન હતી તે મારી પત્ની ઉર્મીલાદેવી સંભાળતી હતી હું અને મારો પુત્ર બારડોલી ખાતે મારી બીજી દુકાન કે જેનું રાજેસ્થાન સીલ્ક પેલેસ છે તેમાં બેસીને ધંધો કરતા હતા. બનાવ વખતે મારા પુત્ર આશીષની ઉમંર ૨૨ વર્ષની હતી. અને તે રોજ બારડોલીથી બાજીપુરા અપ–ડાઉન કરતા હતા. બારડોલી ખાતે મારી જે દુકાન આવેલી છે તેનો સમય સવારે ૯–૦૦ વાગ્યાથી સાંજે ૭–૩૦ સુધી રહેતો અને હું અને મારો પુત્ર આશીષ બાજીપુરાથી બારડોલી આવતા.

૩. ગઈ તા.૬/૪/૨૦૦૮ ના રોજ રવિવાર હતો તે દિવસે અમારી બારડોલી મુકામેની દુકાન બંધ રાખેલી જેથી મારો છોકરો અને હું ઘરે જ હતા અને સવારે ૧૦:૪૫ વાગે મારા છોકરા આશીષ દાઢી કરાવવા માટે મારી પાસે પૈસા માંગેલા જેથી મે તેને ૧૦ રૂપિયા આપેલા અને ત્યારબાદ તેણે એવુ પણ જણાવેલ કે, મારે મારો મિત્ર શહેજાદ નું મારે કામ છે એટલે હું બારડોલી પણ જઈને મારા મિત્ર શહેજાદને મળી સાંજ સુધી પાછો આવી જઈશ તેવુ કહીને મારો છોકરો સવારે ૧૧:૦૦ વાગે મારા ઘરેથી નીકળેલો. શહેજાદ આ કામે આરોપી છે તેને હું ઓળખું છું તે આજરોજ કોર્ટમાં હાજર નથી.

૪. મારો પુત્ર આશીષ સવારે ૧૧:૦૦ વાગે મારા ઘરેથી બારડોલી જવા ગયેલ ત્યારબાદ હું સોનગઢ ગયેલ અને સોનગઢથી બપોર ૩:૦૦ વાગે પાછો ઘરે આવેલ. અને ઘરે આવી મારા પુત્ર અમિતને આશીષ સબંધે પુછેલ તેથી અમિતે જણાવેલ કે, આશીષ બારડોલી ગયો છે અને ઘરે પોતાનું ખાવાનું નહી બનાવવું તેવુ કહીને ગયેલ છે.

૫. હું ઘરે આવી ગયો પછી સાંજ સુધી આશીષ મારા ઘરે પરત આવેલો નહી. જેથી મેં શહેજાદને ફોન કરીને પુછપરછ કરતા તેણે જણાવેલ કે, '' આજે હું આશીષને મળેલ નથી હું આજે સુરત ગયેલ છું '' તેવુ જણાવેલું. હવે જણાવુ છું કે, ઉપર મુજબનો ફોન અમિતે કરેલો.

૬. ત્યારબાદ મેં પણ શહેજાદને ફોન કરી પુછપરછ કરતા શહેજાદે જણાવેલ કે, '' હું સવારથી સુરત ગયેલ હતો હમણા બારડોલી આવેલ છું મને આશીષ મળ્યો નથી. '' જેથી મેં શહેજાદને કહેલ કે, આશીષ તારૂ નામ આપી તને મળવા બારડોલી આવવાનું કહીને ગયેલ હતો. જેથી શહેજાદે જણાવેલ કે, '' ઝરીનની પત્ની તથા ઝરીનને પણ પુછો તેવો પણ મારી સાથે સુરત હતા અને હમણા જ હમો બારડોલી આવ્યા છીએ. ''

૭. ત્યારબાદ રાત્રે ૮:૩૦ વાગે શહેજાદે અમિતને ફોન કરીને પુછેલ કે, '' તારો ભાઈ આવ્યો ? '' પણ અમિતે કહેલ કે, '' હજુ સુધી મારો ભાઈ આશીષ આવેલ નથી.'' અને એમ પણ જણાવેલ કે, '' આશીષ આવી જાય તો, મને ફોન કરજો '' જેથી મેં પણ શહેજાદને કહેલ કે, '' તું બારડોલી જઈને તપાસ કરી આશીષ મળે તો, મને જાણ કર. ''

૮. આમ, ત્રણ વાર શહેજાદની સાથે ફોન પર આશીષ સબંધે વાત કરેલી પણ શહેજાદે કહેલ કે, હું તપાસ કરવા ગયેલ નથી અને એવુ કીધેલ કે, ટાઈમ મળે તો, તપાસ કરીશ. અને ત્યારબાદ મોડી રાત સુધી આશીષના દોસ્તાર અને મિત્ર સબંધીને ત્યાં પણ તપાસ કરેલી આશીષ મળી આવેલ નહી. અમે આશીષની રાહ બીજા દિવસે સવારે ઘરે જોતા હતા.

૯. ત્યારબાદ તા.૭/૪/૨૦૦૮ ના રોજ હું અને મારો પુત્ર અમિત બારડોલી પોલીસ સ્ટેશન જતા હતા તે વખતે ઝરીફ કે જે શહેજાદનો મિત્ર છે તેનો ફોન આવેલો કે, આશીષ સાથે વાત કરાવ મારે તેનું કામ છે.

૧૦. તા.૭/૪/૨૦૦૮ ના રોજ હું અને મારો પુત્ર અમિત બારડોલી પોલીસ સ્ટેશન જવા નીકળેલા તે વખતે ઝરીફનો તથા મોલવી ચાચાનો ફોન આવેલો અને ઝરીફની અમિત સાથે વાત થયેલી કે, મને આશીષ સાથે વાત કરાવો મારે તેનું કામ છે. અને ત્યારબાદ હું અને મારો છોકરો અમિત બારડોલીથી બાજીપુરા અમારી દુકાને આવેલા. અને ત્યાંથી આશિષનો ફોટો લઈને અમે બારડોલી પોલીસ સ્ટેશન ગયેલા. અને બારડોલી પોલીસ સ્ટેશનમાં મારો છોકરો ગુમ થયેલ છે તેની ફરીયાદ લખવા અમે કહેલ. અને ત્યારબાદ અમે આશીષની ફોટો પણ બતાવેલ પોલીસે પુછેલ કે, આ છોકરો બાજીપુરાથી નીકળી બારડોલી જવા નીકળેલો. જેથી પોલીસે અમને કહેલ કે, તમારે ફરીયાદ આપવી હોય તો, વાલોડ જવુ પડશે.

૧૧. પોલીસે વાલોડ જવાનું કહ્યુ એટલે અમે દુકાને પાછા આવી ગયેલા. અને તે જ દિવસે સવારે ૧૧–૦૦ દિનેશ સીંધી અમારી દુકાને આવેલા. અને તેમણે જણાવેલું કે, કાકા આશીષ કાલે બપોરે ૨–૦૦

વાગે મારી દુકાને આવેલા અને મારી પાસેથી રૂા.૧૦૦/- ઉધાર લઈ ગયેલા પરંતુ આશીષ કયાં જાય છે તે જણાવેલું નહી.

૧૨. ત્યારબાદ જીતુ સીંધીની ગાડી પર ભેગા થઈ આશીષ બાબતે હું, જીતુભાઈ અને મહેશભાઈ વાત કરતા હતા. તે વખતે હિતેશ ચૌહાણ આવેલા.

૧૩. હિતેશભાઈ ચૌહાણનાઓ ત્યાં આવેલા અને તેમણે કહેલું કે, ભગતને પુછીએ અને ત્યારબાદ મેં હિતેશભાઈ ચૌહાણ પાસેથી ભગતનું સરનામું લીધેલું. ત્યારબાદ હું જીતુભાઈ સીંધીની ગાડી ઉપર ભગત પાસે ગયેલા. ત્યારે ભગતે કહેલું કે, સાત-આઠ વર્ષના બાળકને લાવવુ પડશે. ત્યારબાદ હું અને જીતુભાઈ સીંધી ફરીથી મારી દુકાન ઉપર પરત આવેલા. દુકાન ઉપર આવ્યા બાદ બાજીપુરા ગામે મારા ભાઈની દીકરી કોમલને ફોન કરેલો અને કોમલ બારડોલી આવેલી. કોમલ સાંજે ૫:૦૦ વાગ્યાના અરસામાં બારડોલી આવેલી. પછી હું અને મહેભાઈ શકિતસીંહભાઈની ગાડી ઉપર કોમલને લઈને ભગતને ત્યાં ગયેલા. ત્યારે ભગતે કહેલું કે, તમારો છોકરો આશીષ ઉત્તર દિશામાં છે. ત્યારબાદ સાંજે ૬:૦૦ વાગે અમારી દુકાન પર પરત આવેલા ત્યારે મારી દુકાન પર જીતુ સીંધી હાજર હતો અને ભગતે જે વાત અમોને કરેલી તે વાત મેં જીતુ સીંધીને કરેલી. સાંજે ૭:૦૦ થી ૭:૩૦ વાગ્યે જીતુ સીંધીએ મને કહેલું કે, ''....કાકા...મને જયાં સુધી વિશ્વાસ છે ત્યાં સુધી આશીષ શહેજાદની સાથે છે અને મેં શહેજાદને ૮:૩૦ મળવા માટેનો ટાઈમ આપેલ છે અને સાંજે મને મળવા આવશે અને સાથે આશીષ આવશે અને ત્યારે હું આશીષને બાજીપુરા મુકી જઈશ તમે શાંતિથી બાજીપુરા જાવ '' તેવુ કહેલું. ત્યારબાદ હું બાજીપુરા મારા ઘરે ગયેલો. ત્યારબાદ રાત્રે ૮:૩૦ વાગે જીતુ સીંધીને ફોન કરીને મેં પુછેલું કે, ' આશીષની કાંઈક ખબર પડી?'' તો જીતુ સીંધીએ કહેલું કે, ' હું તમામ જગ્યાએ શોધી આવેલ છું મને આશીષ મળી આવેલ નથી.' ત્યારબાદ ફરીથી મેં ૯:૩૦ વાગે રાત્રે જીતુ સીંધીને ફોન કરેલો. તો જીતુ સીંધીએ કહેલું કે, શહેજાદને તેના ઘરવાળાઓ ઘરની બહાર નીકળવા દેતા નથી. ત્યારબાદ મેં મારા સગા-વહાલાઓને તથા આશીષના મિત્રોને ત્યાં આશીશની તપાસ કરેલી. અને તેવી તપાસ વખતે આખો દિવસ જીતુ સીંધી અને દિનેશ સીંધી મારી સાથે હતા. ત્યારબાદ તા.૮/૪/૨૦૦૮ ના રોજ મારો દીકરો આશીષ ઘરે નહી આવેલો તેથી મેં સવારે ૧૦:૦૦ થી ૧૦:૩૦ ના અરસામાં હું, કમલેશભાઈ, તથા બીજા એક ભાઈ વાલોડ પોલીસ સ્ટેશને ગયેલા. વાલોડ પોલીસ સ્ટેશન જઈને આશીષનો ફોટો બતાવેલો અને આશીષ ખોવાઈ ગયો છે તેવો રીપોર્ટ લખાવવા ગયેલા પરંતુ પોલીસે તે રીપોર્ટ લખી લીધેલો નહી અને કહેલું કે, સાહેબ નથી સાહેદ આવે તો, તેમની સાથે વાતચીત કરીને તમારી ફરીયાદ લખી લઈશું. તેવુ કહેતા અમે પોલીસ સ્ટેશને સાહેબ આવે તેની થોડીવાર રાહ જોયેલી પરંતુ ત્યાં પોલીસના અધિકારી

આવેલા નહી અને અમારી પાસે આશીષનો એક જ ફોટો હતો અને તે ફોટો ન્યુઝ પેપરમાં આપવાનો હોય તેની ઘણી કોપીઓ કઢાવવા માટે બારડોલી આવવા હતા ત્યારે વાલોડ પોલીસવાળાએ કહેલું કે, આજ રાત્રે સુધી તમે આશીષની રાહ જુવો...નહી તો, કાલે આવજો ...કાલે તમારો રીપોર્ટ લખી લઈશું. ત્યારબાદ અમે વાલોડથી સીધા બારડોલી ફોટો સ્ટુડીયોમાં આવેલા ત્યાં આશીષના ફોટાની ઘણી કોપી કરવા આપેલી. ત્યાં મારો નાનો દીકરો અમિત અમારી બારડોલીની દુકાન ઉપર હતો ત્યારે બપોરના ૧૧:૦૦ વાગે જીતુ સીંધી અને શહેજાદ અમારી બારડોલી ખાતેની દુકાન ઉપર મારા દીકરા અમીત પાસે આવેલા અને તેઓએ મારા દીકરાને પુછેલ કે, તારા પપ્પા કયાં ગયા ? તો અમીતે કહેલ કે, મારો ભાઈ હજી સુધી આવેલ નથી તેથી તે ખોવાયો હોવાની ફરીયાદ આપવા માટે તેઓ વાલોડ પોલીસ સ્ટેશને ગયેલા છે. ત્યારે આરોપી શહેજાદે કહેલું કે, બારડોલી રેલ્વે ફાટક પાસે નહેર પડે છે તેમાં તપાસ કરીને આવીએ. ત્યારબાદ શહેજાદ અને જીતુ સીંધી અમારી દુકાન ઉપરથી જતા રહેલા ત્યારબાદ થોડો સમય પછી તેઓ બંને ફરીથી અમારી દુકાન ઉપર આવેલા ત્યારે અમારી દુકાન ઉપર મારો નાનો દીકરો અમીત હાજર હતો ત્યારે શહેજાદે અમીતને કહેલું કે, '' આશીષ ઘરેથી કયાંય પણ જાય તો, મારૂ નામ આપી ને જ જાય છે અને મેં તો ઘણા દિવસથી દારૂ પીવાનો છોડી દીધો છે '' તેવુ કહી શહેજાદ અને જીતુ સીંધી અમારી દુકાનેથી જતા રહેલા. ત્યારબાદ ફરીથી જીતુ સીંધી એકલો થોડો વાર પછી અમારી દુકાન ઉપર અમીત પાસે આવેલો અને અમીતને કહેલું કે, ' હું આવતી કાલે અહી આવીશ નહી કારણ કે, હુ બોમ્બે જવાનો છું. '

૧૪. ત્યારબાદ તા.૯/૪/૨૦૧૮ ના રોજ હું અને મારો નાનો દીકરો અમીત બાજીપુરાથી બારડોલી ફોટો સ્ટુડીયો ઉપર આવેલા ત્યાંથી આશીષના ફોટાની જે કોપી કરાવેલી તે લઈને અમો અમારી દુકાન ઉપર ગયેલા અને ત્યાં દુકાન ઉપર બેઠા હતા ત્યારે એક ત્યાં એક ભંગારવાળો આવેલો આ ભંગારવાળાનું નામ મને ખબર નથી. એ ભંગારવાળાએ મને કહેલું કે, ''...કાકા...કાલે અમારા સમાજમાં એક માણસનું મૃત્યુ થઈ ગયેલું ..હું તેની અંતિમવિધીમાં ગયેલો હતો ત્યાં આશીષનો ફોટો તેણે જોયેલો અને તે જોઈને તેણે મને આવીને કહેલું કે, આવા ફોટાવાળા માણસની લાશની તો બારડોલી પોલીસવાળા ગઈ કાલે અંતિમ સંસ્કાર કરતા હતા. અને તે લાશનું જડબુ તુટેલું હતું અને મ્હોં અને માથા ઉપર માર મારેલાના ઘા હતા. ત્યારબાદ થોડીવાર પછી અમોને માલુમ પડેલ કે, બારડોલી પોલીસવાળાએ જે લાશના અંતિમ સંસ્કાર કરેલા તે લાશ અસ્તાન ગામની નહેર પાસેથી મળેલ હતી તેથી હું અસ્તાન ગામની નહેર પાસે તપાસ કરવા ગયેલો ત્યાં એક બેન કપડા ધોઈ રહી હતી. અને મે તેને જઈને પુછેલું તો તેણે મને કહેલું કે, '' ગઈ કાલે બારડોલી

પોલીસવાળાએ એક લાશ ટેમ્પોમાં નાંખીને લઈ ગયેલા તમે અમારા ગામના સરપંચને મળો તેને પુરી વાતની ખબર છે. ''

૧૫. ત્યારબાદ અસ્તાન ગામના સરપંચને મળવા માટે તેમના ઘરે બપોરે ૧:૦૦ વાગ્યા ગયેલ. તો સરપંચના ઘરેથી મને જવાબ મળેલો કે, સરપંચ અગાઉની રાત્રીના મોડા સુધી જાગેલા હતા જેથી તેઓ જમીને સુઈ ગયેલ છે એટલે તમે બપોરે ૪:૦૦ વાગે ફરીથી મળવા આવજો. તેથી હું સરપંચના ઘર પાસેથી રીક્ષામાં બેસીને અસ્તાન ગામના બસ સ્ટેન્ડ ઉપર આવેલો. બસ સ્ટેન્ડ ઉપર ત્રણ–ચાર માણસો ઉભેલા હતા. મે આ ત્રણ–ચાર માણસોને પુછેલું અસ્તાન ગામની નહેરમાંથી જે લાશ કાઢેલી તે લાશ તમો કાંઈ જાણો છો ? તો તેમણે કહેલું કે, સામે દારૂનો અડ્ડો છે અને ત્યાં બહાર એક લારી ઉભેલી છે તે લારીવાળાએ લાશ નહેરમાંથી બહાર કાઢી હતી. તેથી હું તે લારીવાળા ભાઈને જઈને મળેલો. અને મેં નહેરમાંથી કાઢેલી લાશ વિશે પુછેલું તો તેણે મને કહેલું કે,'' હા...કાકા...મેં અસ્તાન ગામની નહેરમાંથી ગઈ કાલે એક લાશ કાઢી હતી. '' તેથી મેં તેને આશીષનો ફોટો બતાવેલો. તે ફોટો જોઈને લારી વાળા ભાઈએ મને કહેલું કે,'' મેં જે લાશ કાઢેલી તે આ લાશ ફોટાવાળા ભાઈ જેવી જ વ્યકિતની હતી. '' ત્યારબાદ આ લારીવાળાએ વધુમાં મને એવુ જણાવેલ કે,'' મેં આ લાશના ખિસ્સામાંથી સાત રૂપિયા તથા એક બેંકનો ચેક તથા હાથની સફેદ નંગવાળી વીંટી કાઢી મેં નટુભાઈ જમાદારને આપેલી હતી અને નટુભાઈ જમાદાર તે લાશ ટેમ્પોમાં નાંખી બારડોલી પોલીસ સ્ટેશને લઈ ગયેલા. તમે બારડોલી પોલીસ સ્ટેશન જાઓ, તમને આખી વાતની ખબર પડી જશે. ''

૧૬. તેથી હું ત્યાંથી સીધો બારડોલી પોલીસ સ્ટેશન ગયેલો અને નટુભાઈ જમાદારને જઈને મળેલો. તો નટુભાઈ જમાદારે મને કહેલું કે, ''ગઈ કાલે અમો અસ્તાન ગામની નહેરમાંથી એક લાશ કાઢીને લઈ આવેલા તે લાશ પાણીમાં ફુલી ગયેલી હતી, સળી ગયેલી હતી અને દુર્ગંધ મારતી હતી એટલે અમે આનો અંતિમ સંસ્કાર કરી દીધેલો. પરંતુ અમે તે લાશના કપડા કાઢીને રાખેલા છે તમે તે કપડા ઓળખી શકતા હોય તો, જુઓ. '' ત્યારબાદ નટુભાઈ જમાદારે તે કપડા કમ્મરનો પટ્ટો, તથા હાથમાં પહેરેલ સફેદ નંગવાળી વીંટી મને બતાવેલ આ તમામ વસ્તુઓ જોઈને મેં તરત જ તે મારા દીકરા આશીષના હોવાનું ઓળખી બતાવેલ. ત્યારે મેં નટુભાઈ જમાદારને લાશ કાઢનાર લારીવાળાએ જે ચેક વિશે મને જણાવેલું તે ચેક બાબતે મેં નટુભાઈને પુછેલુ તો નટુભાઈ જમાદારે કહેલું કે, તે કોઈ ચેક ન હતો પરંતુ કોરૂ કાગળ હતુ અને તે નહેર ઉપર ફેંકી દીધેલ છે ત્યારબાદ નટુભાઈ જમાદારે મને કહેલું કે, તમે આશીષની આ વસ્તુઓ લઈ જાવ ત્યારબાદ નટુભાઈ જમાદારે મારી કોરા કાગળ પર સહી લીધેલી અને આશીષના લાશ પરના કપડા, કમ્મરનો પટ્ટો તથા

આંગળીમાં પહેરેલ સફેદ નંગવાળી વીટી મને આપેલી તે લઈને હું બારડોલીથી બાજીપુરા મારા ઘરે ગયેલો.

૧૭. ત્યારબાદ તા.૧૦/૪/૨૦૦૮ ના રોજ હું તથા મારો દીકરો અમિત અને દિલીપભાઈ, હરીશભાઈ સુરતી, તથા બીજા વીસ પચ્ચીસ માણસો બારડોલી પોલીસ સ્ટેશને આવેલા. અને આવીને નટુભાઈ જમાદારને મળેલા. તો નટુભાઈ જમાદારે કોમ્પ્યુટરમાં મારા છોકરા આશીષની લાશના અલગ અલગ એન્ગલથી લીધેલા ચાર ફોટો અમોને બતાવેલા. તેમાં મારા દીકરા આશીષના ફોટો સાઈડ એંન્ગલ તથા ફ્રન્ટ એંગલથી પણ હતા આ ફોટોઓમાં મારા દીકરા આશીષના મ્હોંઢા ઉપર તથા માથાના ભાગે ઈજાના નિશાન હતા અને આ ઘા માંથી લોહી નીકળતું હોવાનું ફોટામાં દેખાતું હતું તો અમે નટુભાઈ જમાદાર પાસેથી કોમ્પ્યુટરના આ ફોટાના પ્રિન્ટ આઉટ માંગેલા. તો નટુભાઈ જમાદારે કોમ્પ્યુટરમાંથી ચાર ફોટાના પ્રિન્ટ આઉટ કાઢેલા અને તે પોલીસ ઈન્સ્પેકટર વી.એ.પટેલ સાહેબને આપેલા. અને ત્યારબાદ નટુભાઈ જમાદારે અમોને કહેલ કે, તમે પટેલ સાહેબ પાસે ફોટો પ્રિન્ટ માંગી લો. જયારે નટુભાઈ જમાદારે વી.એ.પટેલને ફોટોના પ્રિન્ટ આઉટ આપેલા ત્યારે વી.એ.પટેલે નટુભાઈ જમાદારને કહેલું કે, '' તમે તો , કહેતા હતા ને કે, લાશ ભીખારી અને કોઈ વૃધ્ધ માણસની છે ? પરંતુ લાશ તો, ફોટો જોતા કોઈ કોઈ સારા ઘરના જુવાન વ્યકિતની લાગે છે.''

૧૮. ત્યારબાદ અમો પોલીસ ઈન્સ્પેકટર વી.એ.પટેલ પાસે જઈને લાશ કાઢનાર લારીવાળાએ જે ચેક લાશના ખિસ્સામાંથી કાઢી પોલીસવાળાને આપેલો તે ચેકની માંગણી કરેલી તો વી.એ.પટેલ સાહેબે કહેલું કે, તે ચેક ન હતો અને કોરૂ કાગળ હતું. અને તે જમાદારે કેનાલ ઉપર ફેંકી દીધેલું. તે વખતે મારી સાથે આવેલા વીસ પચ્ચીસ માણસોએ લાશના ખીસ્સામાંથી મળી આવેલો ચેક અમોને આપો તેવુ કહી વી.એ.પટેલ સાહેબ ઉપર દબાણ કરેલું. તો પોલીસ ઈન્સ્પેકટર વી.એ.પટેલ સાહેબે નટુભાઈ જમાદારને કહેલું કે, ચેક કે કોરો કાગળ જે હતું તે લઈ આવો ' ત્યારબાદ નટુભાઈ જમાદાર તથા પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંગ લાલચંદ પાટીલનાઓ વી.એ.પટેલ પાસે આવેલા અને ત્યારે વી.એ.પટેલ ત્યારે તેઓને કાગળ કે ચેક જે હોઈ તે લઈ આવો તેમ કહેતા તે બંને જણાએ કહેલું કે, સારૂ અમે નહેર પર જઈને તપાસ કરીએ. ત્યારબાદ તેઓ બંને જણા પોલીસ સ્ટેશનેથી જતા રહેલા અને આશરે પાંચેક મીનીટમાં તેઓ ફરીથી પોલીસ સ્ટેશનમાં આવેલા અને તેઓ એક ચેક લઈને આવેલા. અને તે ચેક વી.એ.પટેલ સાહેબને આપેલો અને તે ચેક મેં પણ જોયેલો અને તેમાં ચેક ઈસ્યુ કરવાનું નામ આશીષકુમાર દેવીલાલ પારીખ અંગ્રેજીમાં છાપેલું હતું. અને તે ચેક વી.એ.પટેલ સાહેબે પોતાની પાસે રાખેલો અને ત્યારબાદ તે ચેક આર.પી.બારોટ ડી.વાય.એસ.પી. નાઓને સોંપેલો. આ ચેક ઈન્ડસઈન બેંકનો હતો. અને તે ચેકનો નંબર : ૯૮૧૨૭૭ હતો. બારડોલી પોલીસ સ્ટેશનથી અસ્તાન ગામની નહેર આશરે પાંચ કીલોમીટર

દુર આવેલી છે. બારડોલી પોલીસ સ્ટેશનથી અસ્તાન ગામની નહેરે જઈને આવતા ઘણો સમય જાય તેમ છે પરંતુ પાંચ મીનીટમાં કોઈપણ સંજોગોમાં જઈને આવી શકાય તેમ નથી.

૧૯. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેકટર વી. એ.પટેલ પાસેથી અમોએ કોમ્પ્યુટર પ્રિન્ટ આઉટ વાળા ચાર ફોટોગ્રાફ્સની માંગણી કરેલી. તો વી.એ.પટેલ સાહેબે કહેલું કે, આ ફોટો પ્રિન્ટ મને તપાસ માટે જોઈએ છે કોમ્પ્યુટરવાળો આવશે ત્યારે બીજા ફોટા કાઢી તમોને આપીશું. તેવુ કહી જાણીબુઝીને અમોને ફોટો પ્રિન્ટ આઉટ આપેલા નહી. કારણ કે, તેઓએ તેમાં છેડછાડ કરવાની હતી તેથી અમોને આપેલા નહી ત્યારબાદ તારીખ-૧૦/૪/૨૦૦૮ ના રોજ પો.ઈન્સ. વી.એ. પટેલ સાહેબનાઓ અમોને ફકત બતાવવા ખાતર અમારી ફરીયાદ લખી લીધેલી. ત્યારબાદ અમો ફરીથી બાજીપુરા ઘરે પરત ગયેલા અને ત્યાંથી અમો વાલોડ હરીશ સુરતીને ત્યાં મકાન બાંધકામનું કામ ચાલુ હતું ત્યાં તેને મળવા માટે ગયેલો. ત્યાં મુનાફ કાપડીયા, આરોપી-શહેજાદ, જીતુ સીંધી, દિનેશ સીંધીનાઓ બાઈક ઉપર હરીશ સુરતીના ત્યાં આવેલા. ત્યારે આરોપી શહેજાદ અને દિનેશ સીંધીનાએ અમોને જણાવેલું કે, તા.૬/૪/૨૦૦૮ ના રોજ હું યાને કે શહેજાદ, દિનેશ સીંધી, મરનાર આશીષ આમ અમે ત્રણેય જણા રવિવારના દિવસે સાંજના ૫:૦૦ વાગેથી રાત્રીના ૮:૦૦ વાગ્યા સુધી સાથે જ હતા. અને આરોપી શહેજાદે વધુમાં જણાવેલ કે, પહેલા હું અને આશીષ બારડોલીથી વાલોડ આવેલા અને વાલોડ આવીને એક બીયર પીધેલો અને બીયર પી ને ફરીથી વાલોડથી બારડોલી આવેલા બારડોલી આવીને દિનેશ સીંધીને સાથે લીધેલો અને દિનેશ સીંધીને સાથે લઈને અસ્તાન ગામની નહેર ઉપર ગયેલા અને ત્યાં બીજો બીયર પીધેલો તેમજ આરોપી શહેજાદે જણાવેલ કે, '' હું ઝાડ નીચે બેસીને બીયર પીતો હતો,અને દિનેશ સીંધી નહેરમાં ન્હાવા પડેલ હતો અને આશીષ ત્યાંથી ઉઠીને કયાં ગયેલો તેની મને ખબર નથી. ત્યારબાદ અમે આશીષને શોધેલો પરંતુ આશીષ અમોને મળી આવેલ અને આશીષ ઘરે પણ પહોંચેલો નહી જેથી અમો ડરી ગયેલા અને તેથી અમો જુઠુ બોલતા હતા. ''

૨૦. આરોપી શહેજાદ અને આરોપી-દિનેશ બંને જુઠુ બોલતા હતા કે આશીષ રીસાઈને કયાંયક ચાલી ગયેલ છે અને તેની જાણ શહેજાદ અને દિનેશને નથી પરંતુ તેઓએ જાણીબુઝીને આશીષને વધારે નસો કરાવીને મારી નાંખીને નહેરમાં ફેંકી દીધેલો.

૨૧. નટુભાઈ જમાદાર એ કહેલું કે, લાશનું પી.એમ. કરાવેલું નહી. તા.૧૧/૪/૨૦૦૮ ના રોજ તથા તા.૧૨/૪/૨૦૦૮, તથા તા.૧૩/૪/૨૦૦૮ ના રોજ હું તથા મારો દીકરો અમિત બાજીપુરાથી બારડોલી પોલીસ સ્ટેશને આંટાફેરા મારતા રહયા હતા પરંતુ

પોલીસ ઈન્સ્પેકટર વી.એ.પટેલ સાહેબે મારા દીકરા આશીષની લાશના ફોટોના કોમ્પ્યુટર પ્રિન્ટ આઉટ આપેલા નહી. ત્યારબાદ તા.૧૪/૪/૨૦૦૮ ના રોજ મેં ડી.એસ.પી. સાહેબને રૂબરૂમાં મળવા ગયેલો તથા આઈ.જી. સાહેબને લેખિતમાં ફરીયાદ કરેલી. તેથી તેઓએ આ કેસની તપાસ આર.પી.બારોટ સાહેબને સોંપેલી.

૨૨. તા.૧૫/૪/૨૦૦૮ ના રોજ આર.પી.બારોટ સાહેબ બાજીપુરા મારા ઘરે આવેલા. ઘરે આવીને નટુભાઈ જમાદારે મને આપેલા તે તારીખ ૯/૪/૨૦૦૮ ના રોજ મારા છોકરા આશીષની લાશના કપડા, કમ્મરે બાંધવાનો ચામડાનો પટ્ટો, હાથમાં પહેરેલ સફેદ કલરના નંગવાળી અંગુઠી લઈને બારડોલી પોલીસ સ્ટેશને આવેલા. બારડોલી પોલીસ સ્ટેશન આવ્યા પછી મારા દીકરાની લાશના કોમ્પ્યુટરના ચાર ફોટા અને બેંકનો ચેક કબજે કરેલો અને તેનું પંચનામું કરેલું.

૨૩. ત્યારબાદ આર.પી.બારોટ સાહેબે મને તા.૧૭/૪/૨૦૦૮ ના રોજ બારડોલી પોલીસ સ્ટેશન બોલાવેલો. હું તા.૧૭/૪/૨૦૦૮ ના રોજ બારડોલી પોલીસ સ્ટેશન આવેલો અને સાંજે ૬:૦૦ વાગ્યા સુધી આર.પી.બારોટ સાહેબની રાહ જોયેલી. પરંતુ આર.પી.બારોટ સાહેબ આવેલા નહી. જેથી હું બારડોલીથી બાજીપુરા મારા ઘરે પરત ગયેલો. મારા બાજીપુરા પહોંચ્યા બાદ સાંજના ૭:૩૦ વાગે આર.પી.બારોટ સાહેબ બાજીપુરા મારા ઘરે આવેલા. અને મને સાથે લઈને બારડોલી પોલીસ સ્ટેશન આવેલા. પોલીસ સ્ટેશને આવીને ૯:૫૫ કલાકે રાત્રે મેં જે આગળ અરજી આપેલી તેની કોપી કાઢીને એફ.આઈ.આર. લખવામાં આવેલી.

૨૪. બારડોલીના રહેવાસી અબ્દુલખાલીદ મુસાથી મારા દીકરા આશીષે રૂપિયા પાંચ લાખ ઉધાર લીધેલ હતા. આ રકમ મારા દીકરા આશીષે કપડાના ધંધો કરવા માટે લીધા હતા. અને આ રકમ આશીષને આરોપી શહેજાદે અપાવેલી. તેમાંથી રૂા.૧,૫૦,૦૦૦/– મારા દીકરા આશીષે અબ્દુલ ખાલીદ મુસાને પરત આપી દીધેલા. અને બાકીના રૂા.૩,૫૦,૦૦૦/– આરોપી શહેજાદને શેરબજારનો ધંધો કરવા માટે મારા દીકરા આશીષે આપેલા. આરોપી શહેજાદને રૂા.૨૩,૦૦૦/– નું કાપડ અમારી દુકાનમાંથી ઉધાર મેં જાતે આપેલ હતું. અને મારે તે રૂા.૨૩,૦૦૦/– બાકી લેણાં નીકળતા હતા. તેથી રૂા.૩,૫૦,૦૦૦/– અબ્દુલ ખાલીદ મુસાને નહી આપવા પડે અને મને રૂા.૨૩,૦૦૦/– કપડા નહી આપવા પડે તેથી આરોપી શહેજાદ અને દિનેશ સીંધીએ મળીને મારા દીકરા આશીષનું ખુન કરી નાંખેલું.

૨૫. તા.૧૯/૫/૨૦૦૮ ના રોજ બારડોલી પોલીસવાળાએ મને બારડોલી પોલીસ સ્ટેશન બોલાવેલો. હું બારડોલી પોલીસ સ્ટેશને ગયેલો. તો પોલીસવાળાએ મને બે ફોટા આપવા માટે કહેલું. પરંતુ તે બે કોમ્પ્યુટર ફોટા સ્વીકારેલા નહી. ત્યારબાદ મેં

તા.૧૯/૫/૨૦૦૮ ના રોજ, તા.૨૦/૫/૨૦૦૮ ના રોજ આર.પી.બારોટ સાહેબના મોબાઈલ ફોન ઉપર ફોન કરેલ. તો આર.પી.બારોટ સાહેબે તા.૨૨/૫/૨૦૦૮ ના રોજ તેમના હાથે લખેલો પત્ર મને આપેલો. અને તે પત્રમાં લખેલ હતું કે, અમે લાશના બે ફોટા જ કબજે લીધેલ છે. તે પત્ર મને મળતાની સાથે જ મેં આર.પી.બારોટ સાહેબની નિયત બાબતે આઈ.જી. સાહેબને રજુઆત કરેલી. તો આઈ.જી.સાહેબે આ કેસની તપાસ ડી.વાય.એસ.પી. નિનામા તથા ડી.એસ.પી. સાહેબને એમ બે અધિકારીઓને સોંપેલી.

૨૬. ત્યારબાદ તા.૨૮/૫/૨૦૦૮ ના રોજ ડી.એસ.પી. સાહેબે મને ત્રણ ફોટો મારા દીકરાની લાશના આપેલા. તે ફોટાઓ મારી પાસે છે. ત્યારે પણ મને લાગેલ કે, મારા ફરીયાદવાળા કેસની તપાસ બરાબર ચાલુ રહેલ નથી તેથી અમારા રજુઆતના કારણે આ કેસની તપાસ ડી.વાય.એસ.પી. સી.આઈ.ડી.બ્રાંચ વડોદરા ઝોનને સોંપેલી. ત્યારબાદ તા.૯/૪/૨૦૦૮ ના રોજ બપોરના ૨:૦૦ વાગે નટુભાઈ જમાદારને પો.ઈન્સ. વી.એ.પટેલની હાજરીમાં મારા છોકરાના લાશના કપડા જેવા કે, હાફ બાયનું લાઈટ બ્લ્યુ કલરનું ટી-શર્ટ, તથા ડાર્ક બ્લ્યુ કલરની જીન્સની પેન્ટ, કમ્મરમા બાંધવાનો પટ્ટો, તથા હાથમાં પહેરવાની ચાંદીની સફેદ પત્થરના નંગવાળી વીંટી નો મુદ્દામાલ મને આપેલો હતો જે મુદ્દામાલ મેં મારા ઘરમાં સારી રીતે સાચવીને રાખેલો હતો તે આર.પી.બારોટ સાહેબના કહેવાથી મેં બારડોલી પોલીસ સ્ટેશનમાં પંચોની હાજરીમાં રજુ કરેલ હતો અને તેનું આર.પી.બારોટ સાહેબે વિગતવારનું પંચનામું કરેલ હતું.

૨૭. મને મારા દીકરા આશીષના કપડા, પટ્ટો તથા વીંટીનો મુદ્દામાલ બતાવવામાં આવે તો, ઓળખી શકું. મને મુદ્દામાલ આર્ટીકલ નં : ૧ બતાવવામાં આવે છે જે સીલબંધ હાલતમાં છે જેને નામદાર કોર્ટ રૂબરૂ ખોલીને જોતા તેમાંથી એક ટી-શર્ટ નીકળેલ છે તે જોઈને સાહેદ જણાવે છે આ ટી-શર્ટ મારા દીકરાની લાશ ઉપરનું હતું તે જ ટી-શર્ટ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં : ૨ બતાવવામાં આવે છે જે સીલબંધ હાલતમાં છે જેને નામદાર કોર્ટ રૂબરૂ ખોલીને જોતા તેમાંથી રાખોડીયા કલરનું પેન્ટ નીકળેલ છે તે જોઈને સાહેદ જણાવે છે આ પેન્ટ મારા દીકરાની લાશ ઉપરનું હતું તે જ પેન્ટ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં : ૩ બતાવવામાં આવે છે જે સીલબંધ હાલતમાં છે જેને નામદાર કોર્ટ રૂબરૂ ખોલીને જોતા તેમાંથી ધાતુની વીંટી નીકળેલ છે તે જોઈને સાહેદ જણાવે છે આ વીંટી જે સફેદ નંગવાળી છે જે સાહેદે આ વીટી મારો દીકરો પહેરતો હતો તે જ છે તેવુ કહી ઓળખી બતાવેલ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં : ૪ બતાવવામાં આવે છે જે સીલબંધ હાલતમાં છે જેને નામદાર કોર્ટ રૂબરૂ ખોલીને જોતા તેમાંથી ચામડાનો કમ્મર પટ્ટો પેન્ટ નીકળેલ છે તે જોઈને સાહેદ જણાવે છે આ મારા દીકરાનો જ પટ્ટો છે તેવુ કહી ઓળખી બતાવેલ છે. આ મુદ્દામાલ આર્ટીકલ

નંબર –૧ થી ૪ નો મને નટુભાઈ જમાદારે આપેલો તે જ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં : ૫ બતાવવામાં આવે છે જે સીલબંધ કવરમાં છે જેને નામદાર કોર્ટ રૂબરૂ ખોલીને જોતા તેમાંથી બે નંગ ફોટોગ્રાફ્સ નીકળેલ છે તે જોઈને સાહેદ જણાવે છે આ મારા દીકરાની લાશના ફોટોગ્રાફ્સ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં : ૬ બતાવવામાં આવે છે જે સીલબંધ કવરમાં છે જેને નામદાર કોર્ટ રૂબરૂ ખોલીને જોતા તેમાંથી એક કોરો ચેક નીકળેલ છે જે ચેકમાં ઈન્ડસીન્ડ બેંકનો ચેક નં–૯૮૧૨૭૭ નો લખેલો છે તથા તેની નીચે સહીના ભાગે આશીષકુમાર દેવીલાલ પારેખ અંગ્રેજી ભાષામાં પ્રિન્ટ કરેલ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં : ૧૦, ૧૧ અને ૧૨ બતાવવામાં આવે છે જે સીલબંધ કવરમાં છે જેને નામદાર કોર્ટ રૂબરૂ ખોલીને જોતા તેમાંથી ત્રણ નંગ ફોટોગ્રાફ્સ કલર ઝેરોક્ષ સ્વરૂપના જણાય છે જે જોઈને જણાવુ છું કે, આ ફોટોગ્રાફ્સ મારા દીકરાની લાશના જ ફોટોગ્રાફ્સ છે.

૨૮. મારા દીકરાએ રૂપિયા પાંચ લાખ હાથ ઉછીના લેતા સમયે મોલ્વી અબ્દુલખાલેદ મુસાને દસ કોરા ફકત સહી કરેલા ચેકો આપેલા તે ચેકો મને બતાવવામાં આવે તો, ઓળખી શકું. આ ચેકો ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સના ચેકો હતા. આ ચેકોનું કવર મને ખોલી બતાવવામાં આવે છે જેમાંથી દસ નંગ ચેક નીકળેલ છે તે તમામમાં મારી સહીઓ છે જે સહીઓ મારી હોવાનું હું ઓળખી બતાવુ છું. આ દસે દસ ચેકો રૂા.૫૦,૦૦૦/– ની રકમના છે.

૨૯. આરોપી શહેજાદ, આરોપી–દિનેશ, આરોપી–મહેન્દ્ર પાટીલ, તથા આરોપી–નટુભાઈ જમાદાર, તથા આરોપી–પો.ઈન્સ. વી.એ. પટેલનાઓએ મારા છોકરાની લાશ મળ્યા બાદ કોઈ પણ કાનુની કાર્યવાહી કર્યા વગર લાશને સળગાવી દીધેલ હતી. લાશને સળગાવીને તેઓએ પુરાવોનો નાશ કરેલો અને આ પુરાવાનો નાશ કરવા માટે આરોપી–શહેજાદ અને આરોપી દિનેશ નાએ લાશને સળગાવી પુરાવાનો નાશ કરવા માટે આરોપી–મહેન્દ્ર પાટીલ, જમાદાર –નટુભાઈ તથા પો.ઈન્સ. વી.એ.પટેલનાઓને પૈસા આપેલા.

૩૦. મને નિ.૩૭/૧ ની લેખિત ફરીયાદ બતાવવામાં આવે છે જે લેખિત ફરીયાદ મેં પોલીસ સ્ટેશનમાં આપેલી છે તેની નીચે મારી સહી હોવાનું ઓળખી બતાવુ છું જે ફરીયાદને અત્રેથી રજુ દાખલ **આંક–૬૩** આપવામાં આવે છે.

૩૧. મને નિ.૩૭/૩ ની જાણવા જોગ એન્ટ્રી બતાવવામાં આવે છે જેની નીચે મારી સહી છે જે સહી મારી હોવાનું ઓળખી બતાવુ છું જેને અત્રેથી રજુ દાખલ **આંક–૬૪** આપવામાં આવે છે.

૩૨. આ કામના આરોપીઓને મને બતાવવામાં આવે તો, હું ઓળખી શકું. મને આ કામે આરોપી–નટુભાઈ જમાદારને ઓળખી બતાવવાનું

કહેવામાં આવે છે તો, સાહેદે આજરોજ નટુભાઈ આજરોજ કોર્ટમાં હાજર નથી તેવુ જણાવેલ છે.

૩૩. મને આ કામના આરોપી–મહેન્દ્રભાઈ પાટીલને ઓળખી બતાવવાનું કહેવામાં આવે તો, ઓળખી શકુ. ફરીયાદીને આજરોજ મહેન્દ્રભાઈ પાટીલને ઓળખી બતાવવાનું કહેતા એક વ્યકિતને આંગળી ચીંધી ઉભા કરી અલગ તારવી આરોપી–મહેન્દ્ર પાટીલ તરીકે ઓળખી બતાવેલ છે. ફરીયાદીએ ઓળખી બતાવેલ આ વ્યકિતને કોર્ટ ધ્વારા તેનું નામ પુછતા તેણે પોતાનું નામ મહેન્દ્રભાઈ લાલચંદભાઈ પાટીલ હોવાનું જણાવેલ છે.

૩૪. મને આ કામના આરોપી–પો.ઈન્સ. વી.એ.પટેલને ઓળખી બતાવવાનું કહેવામાં આવે તો, ઓળખી શકુ. ફરીયાદીને આજરોજ વી.એ.પટેલને ઓળખી બતાવવાનું કહેતા એક વ્યકિતને આંગળી ચીંધી ઉભા કરી અલગ તારવી આરોપી–વી.એ.પટેલ તરીકે ઓળખી બતાવેલ છે. ફરીયાદીએ ઓળખી બતાવેલ આ વ્યકિતને કોર્ટ ધ્વારા તેનું નામ પુછતા તેણે પોતાનું નામ વી.એ.પટેલ હોવાનું જણાવેલ છે.

૩૫. મને આ કામના આરોપી–શહેજાદને ઓળખી બતાવવાનું કહેવામાં આવે તો, ઓળખી શકુ. ફરીયાદીને આજરોજ શહેજાદને ઓળખી બતાવવાનું કહેતા એક વ્યકિતને આંગળી ચીંધી ઉભા કરી અલગ તારવી આરોપી–શહેજાદ તરીકે ઓળખી બતાવેલ છે. ફરીયાદીએ ઓળખી બતાવેલ આ વ્યકિતને કોર્ટ ધ્વારા તેનું નામ પુછતા તેણે પોતાનું નામ શહેજાદ હારૂનભાઈ કાપડીચા હોવાનું જણાવેલ છે.

૩૬. મને આ કામના આરોપી–દિનેશને ઓળખી બતાવવાનું કહેવામાં આવે તો, ઓળખી શકુ. ફરીયાદીને આજરોજ દિનેશને ઓળખી બતાવવાનું કહેતા એક વ્યકિતને આંગળી ચીંધી ઉભા કરી અલગ તારવી આરોપી–દિનેશ નારાયણદાસ તરીકે ઓળખી બતાવેલ છે. ફરીયાદીએ ઓળખી બતાવેલ આ વ્યકિતને કોર્ટ ધ્વારા તેનું નામ પુછતા તેણે પોતાનું નામ દિનેશ નારાયણદાસ હોવાનું જણાવેલ છે.

૩૭. આ કામે તપાસ દરમ્યાન મારૂ નિવેદન એમ.યુ. મીરઝા સાહેબે લીધેલુ.''

(૩૦) ફરિયાદીએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, મરણ જનાર આશિષ તેમનો પુત્ર હતો અને તેમની બે દુકાન હતી. બાજીપુરા ગામે જે દુકાન હતી તે તેમની પત્ની ઊર્મિલાબેન સંભાળતા હતા અને બારડોલી ખાતેની બીજી દુકાન રાજસ્થાન સિલ્ક પેલેસ તેઓ અને તેમનો મરણ જનાર પુત્ર સંભાળતા હતા. તારીખ : ૦૬/૦૪/૨૦૦૮ ના રોજ રવિવાર હતો અને બારડોલી મુકામેની દુકાન બંધ રાખેલ, જેથી તેઓ અને તેમનો મરણ જનાર છોકરો ઘરે જ હતા. સવારે ૧૦:૪૫ વાગ્યે મરણ જનાર દાઢી કરાવવા માટે

તેઓ પાસેથી દસ રૂપિયા માંગતા તેઓએ દસ રૂપિયા આપેલા અને મરનારે જણાવેલ કે, તેમને તેમના મિત્ર શહેજાદનું કામ હોવાથી તેઓ બારડોલી જઇને મિત્ર શહેજાદને મળી સાંજ સુધીમાં પાછા આવી જશે અને તેમ કહી મરનાર સવારે ૧૧:૦૦ વાગ્યે ઘરેથી બારડોલી જવા નીકળેલ, પરંતુ આ હકીકતો ફરિયાદીએ તેમની ફરિયાદમાં લખાવેલ હોય તેમ જણાતું નથી. ત્યાર બાદ ફરિયાદી સોનગઢ ગયેલ અને ત્યાંથી ત્રણ વાગ્યે પાછા ઘરે આવતાં પુત્ર અમિતને આશિષ સંબંધે પૂછતાં અમિતે જણાવેલ કે, આશિષ બારડોલી ગયેલ છે અને ઘરે પોતાનું ખાવાનું નહીં બનાવવાનું કહીને ગયેલ.

(૩૦.૧) પરંતુ સાંજ સુધી આશિષ ઘરે પરત ન આવતાં અમિતે શહેજાદને ફોન કરીને પૂછપરછ કરતાં શહેજાદે જણાવેલ કે, તેઓ સુરત ગયેલ હતા અને આશિષ તેમને મળેલ નથી. ત્યાર બાદ ફરિયાદીએ પણ શહેજાદને ફોન કરી પૂછપરછ કરતં શહેજાદે જણાવેલ કે, તેઓ સવારથી સુરત ગયેલ હતા અને હમણાં બારડોલી આવેલ છે અને તેમને આશિષ મળેલ ન હતો, જેથી ફરિયાદીએ શહેજાદને કહેલ કે, આશિષ તેમનું નામ આપી તમને બારડોલી મળવા જવાનું કહીને ગયેલ હતો, જેથી શહેજાદે જણાવેલ કે, ઝરીનની પત્ની તથા ઝરીનને પણ પૂછો, જેઓ તેમની સાથે સુરત હતા અને હમણાં જ તેઓ બારડોલી આવ્યા છે.

(૩૦.૨) ત્યાર બાદ રાત્રે ૮:૩૦ વાગ્યે શહેજાદે અમિતને ફોન કરીને પૂછેલ કે, તેમનો ભાઇ આવ્યો? ત્યારે અમિતે શહેજાદને જણાવેલ કે, હજુ સુધી આશિષ ઘરે આવેલ નથી, ત્યારે શહેજાદે જણાવેલ કે, આશિષ આવી જાય તો તેમને ફોન કરે, જેથી અમિતે પણ શહેજાદને કહેલ કે, બારડોલી જઇને તપાસ કરી આશિષ મળે તો જાણ કરજે. આમ, ત્રણ વખત શહેજાદ સાથે આશિષ સંબંધે ફોન ઉપર વાતચીત થયેલ, પરંતુ શહેજાદે કહેલ કે, તેઓને સમય ન હોવાથી તપાસ કરવા ગયેલા નહીં અને સમય મળશે તો તપાસ કરશે. ત્યાર બાદ મોડી રાત સુધી આશિષના મિત્રો, સંબંધીઓને ત્યાં તપાસ કરેલ, પરંતુ આશિષ મળી આવેલ નહીં.

(૩૦.૩) ત્યાર બાદ બીજા દિવસે તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદી અને તેમનો પુત્ર અમિત બારડોલી પોલિસ સ્ટેશન જતા હતા

ત્યારે ઝરીફ જે શહેજાદનો મિત્ર છે તેનો ફોન આવેલ કે આશિષ સાથે વાત કરાવો, તેઓને આશિષનું કામ છે. ત્યાર બાદ ફરિયાદી અને અમિત બારડોલીથી બાજીપુરા તેમની દુકાને ગયેલા અને ત્યાંથી આશિષનો ફોટો લઈને બારડોલી પોલિસ સ્ટેશન ગયેલા. બારડોલી પોલિસ સ્ટેશનમાં તેમનો દીકરો આશિષ ગુમ થયેલ હોવાની ફરિયાદ લખવાનું કહેલ અને મરનારનો ફોટો બતાવેલ, ત્યારે પોલિસે ફરિયાદ આપવા વાલોડ જવું પડશે તેમ ફરિયાદીને જણાવેલ.

(૩૦.૪) ત્યાર બાદ ફરિયાદી અને અમિત પોતાની દુકાને ગયેલા અને તે જ દિવસે સવારે ૧૧:૦૦ વાગ્યે દિનેશ સિંધીએ તેમની દુકાને આવી જણાવેલ કે, આશિષ કાલે બપોરે બે વાગ્યે તેમની દુકાને આવેલ અને તેમની પાસેથી સો રૂપિયા ઉધાર લઈ ગયેલ, પરંતુ તે ક્યાં જાય છે તેવું આશિષે જણાવેલ નહીં.

(૩૦.૫) આ સાહેદ તેમની ઊલટતપાસમાં જણાવે છે કે, બારડોલી પોલિસ સ્ટેશનમાં તેમની ફરિયાદ તારીખ : ૧૭/૦૪/૨૦૦૮ ના રોજ નોંધાયેલ, તે અંગે ખુલાસો કરતાં તેઓએ જણાવેલ છે કે, ફરિયાદ નોંધાવવા ગયેલ, પણ પોલિસે ફરિયાદ નોંધેલ નહીં. તેઓ એ પણ જણાવે છે કે, તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ થી તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ સુધી તેઓએ અવારનવાર બારડોલી પોલિસ સ્ટેશન ખાતે જવાનો પ્રસંગ બનેલ અને તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજ જયારે લેખિત ફરિયાદ મોકલાવી ત્યારે આશિષ મરણ ગયેલ હોવાની જાણ ફરિયાદીને થઈ ગયેલ હતી. જો કે ફરિયાદીની ઊલટતપાસ જોતાં એ હકીકત જણાઈ આવે છે કે, ઘણી બધી હકીકતો જે ફરિયાદીએ તેમની ફરિયાદમાં અને તેમની સરતપાસમાં જણાવેલ હતી તે સંબંધે ઊલટતપાસમાં પેરા નંબર : ૪૯ માં પૂછવામાં આવેલ પ્રશ્નના જવાબમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે તેઓએ તેવી હકીકત પોલિસ ફરિયાદમાં લખાવેલ ન હતી. જેમ કે ફરિયાદીએ તેમની ફરિયાદ આંક : ૬૩ માં એવી હકીકત લખાવેલ હતી કે, "અમો અમારી દુકાન ઉપર ગયેલા અને ત્યાં દુકાન ઉપર બેઠાં હતા ત્યારે ત્યાં એક ભંગારવાળો આવેલ. આ ભંગારવાળાનું નામ મને ખબર નથી. આ ભંગારવાળાએ મને કહેલ કે, કાકા, કાલે અમારા

સમાજમાં એક માણસનું મૃત્યુ થઇ ગયેલું, હું તેની અંતિમવિધિમાં ગયેલ હતો ત્યાં આશિષનો ફોટો તેણે જોયેલો અને તે જોઇને તેણે મને આવીને કહેલ કે, આવા ફોટાવાળા માણસની લાશ તો બારડોલી પોલિસવાળા ગઈ કાલે અંતિમ સંસ્કાર કરતા હતા અને તે લાશનું જડબું તૂટેલું હતું અને મોં અને માથા ઉપર માર મારેલાના ઘા હતા." આ હકીકત ખૂબ મહત્વપૂર્ણ કહી શકાય, કારણ કે ત્યાંથી જ ફરિયાદીને તેમના દીકરાનું મૃત્યુ થયેલ હોવા અંગેની પ્રથમ વાર ખબર પડેલ તેમજ ઊલટતપાસમાં પેરા નંબર : ૫૦ માં પણ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મેં તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજ ડી.એસ.પી., રૂરલને મોકલાવેલ લેખિત ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, "ત્યાર બાદ થોડી વાર પછી અમોને માલૂમ પડેલ કે, બારડોલી પોલિસવાળાએ જ લાશના અંતિમ સંસ્કાર કરેલ તે લાશ અસ્તાન ગામની નહેર પાસેથી મળેલ હતી.'' ફરિયાદીની ઊલટતપાસ જોતાં એ જણાઇ આવે છે કે, ફરિયાદી દ્વારા મહત્વની તમામ હકીકતો ફરિયાદ આંક : ૬૩ માં લખાવેલ હોવા છતાં પણ ઊલટતપાસમાં તે તમામ હકીકતો ફરિયાદી દ્વારા તેમની સરતપાસમાં ઇમ્પ્રુવ કરીને લખાવવામાં આવેલ હોય તેવું સાબિત કરવાના પ્રયત્નો કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવે છે.

(૩૦.૬) આમ, ઊલટતપાસ જોતાં તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજની ફરિયાદમાં ફરિયાદીએ જે હકીકતો જણાવેલ છે તે હકીકતો ઊપરાંત ઘણી બધી વધારાની હકીકતો પોતાની સરતપાસમાં જણાવેલ હોવાનું જણાઇ આવે છે. અલબત્ત, ફરિયાદ વંચાણે લેતાં ફરિયાદીએ તેમના દીકરા આશિષના મૃત્યુ થયા અંગેની તથા તેમના દીકરાના અંતિમ સંસ્કાર પોલિસ દ્વારા કરવામાં આવેલ હોવાની તથા લાશ અસ્તાન ગામની સીમમાં આવેલ નહેરમાંથી મળી આવેલ હોવાની મહત્વની હકીકતો પોતાની ફરિયાદમાં લખાવેલ હોવાનું જણાઇ આવે છે.

(૩૧) સાહેદ હરીશભાઇ ત્રિભોવનદાસ સુરતીનો આંક : ૧૪૪ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ ઉપર ૨૦૦૮ ની સાલમાં રામઅવતાર મિસ્ત્રીનો ફોન આવેલ કે, દેવીલાલભાઇનો છોકરો ખોવાઇ ગયેલ છે, જેથી આ સાહેદે પોલિસ સ્ટેશન આવી અરજી આપવા જણાવતાં દેવીલાલ પોલિસ

સ્ટેશન ગયેલા. ત્યાર બાદ દેવીલાલે આ સાહેદને જણાવેલ કે, તેમનો દીકરો ગુમ થઇ ગયેલ છે. આ સાહેદ જણાવે છે કે, તેઓ દેવીલાલ એટલે કે ફરિયાદીને ઓળખતા નથી. રામઅવતાર મિસ્ત્રી દેવીલાલને લઇને આ સાહેદને મળવા આવેલા. આમ, આ સાહેદના પુરાવાથી ફરિયાદીની દીકરો ગુમ થયેલ હોવાની હકીકત જણાઇ આવે છે. આ સાહેદને બાદમાં ખબર પડેલી કે, દેવીલાલના છોકરાની લાશ નહેરમાંથી મળી આવેલ. આ સિવાય બીજી કોઇ હકીકતની આ સાહેદને ખબર નથી. આ સાહેદ ફરિયાદી સાથે બારડોલી પોલિસ સ્ટેશન ગયેલા હોય અને ત્યાં એ.એસ.આઇ. નટુભાઇ ચૌધરીને પૂછતાં લાશનું પી.એમ. કરાવેલ નથી કે કોઇ કાર્યવાહી કરેલ નથી તેમ જણાવતાં પી.આઇ.શ્રીને મળી યોગ્ય તપાસ કરવા જણાવેલ હોય તેવું આ સાહેદને યાદ નથી. આ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. આ સાહેદની ઊલટતપાસ જોતાં તેઓ દેવીલાલને કે તેઓના પરિવારને ઓળખતા નથી. આ સાહેદને ફરિયાદી સાથે બારડોલી પોલિસ સ્ટેશમાં જવાનું થયેલ નથી. ફરિયાદીનો દીકરો ખોવાઇ ગયેલ હોવાની માહિતી આ સાહેદને રામઅવતારે આપેલી. આમ, સદર સાહેદના પુરાવામાંથી ફકત ફરિયાદીનો દીકરો ખોવાઇ ગયેલ અને નહેરમાંથી લાશ મળી આવેલ હોવાની હકીકત ફલિત થાય છે, તે સિવાય બીજી કોઇ મહત્વની હકીકત જણાઇ આવતી નથી.

(૩૨) સાહેદ ભરતકુમાર ઇન્દુલાલ શાહનો આંક : ૧૪૭ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બનાવના અરસામાં પાનેતરમાં હિસાબ–કિતાબનું કામ કરતા હતા તથા સ્વ. માતૃશ્રી સીતારામ ભકત ટ્રસ્ટ રોટરી કલબ હસ્તરમાં હિસાબનીશ તરીકે કામ કરે છે. આ સાહેદ બહાર ગયા હોય તો તેઓનું કામ તેમના પત્ની વાસંતીબેન સંભાળે છે. સ્મશાન ગૃહમાં શબ બાળવામાં આવે તો તેની રસીદ આપવામાં આવે છે, જેની કાર્યવાહી આ સાહેદ થકી કરવામાં આવે છે. લાશ સળાવવા માટે રાખવામાં આવેલ માણસને ટ્રસ્ટ પગાર ચૂકવે છે. ૨૦૦૮ ની સાલમાં મડદા સળગાવવા કોણ આવેલ તેની આ સાહેદને ખબર નથી. તે સમયે તેઓના ઘરે જ રસીદ બનાવવામાં આવતી હતી અને રસીદ લઇને ગયા બાદ જ સ્મશાનમાં મડદાની

બાકીની વિધિ કરવામાં આવતી. આંક : ૧૪૮ ની રસીદમાં આ સાહેદની તથા તેમના પત્નીની સહી છે. ઊલટતપાસ જોતાં એ હકીકત જણાઇ આવે છે કે, આ સાહેદનું ઘર અને સ્મશાન ગૃહ અલગ અલગ જગ્યાએ આવેલ છે.પોલિસવાળા ઘણી વખત અકસ્માતવાળી બિનવારસી લાશ લઇને આવી પૈસા ભરી જાય છે. આ સાહેદ નોકરી પણ કરતાં હોવાથી ઘરે હાજર ન હોવાથી તેમના પત્ની શું કામકાજ કરે તેની આ સાહેદને ખબર નથી. આ સાહેદના પત્ની વાસંતીબેન ભરતકુમાર શાહનો આંક : ૧૫૦ નો પુરાવો જોઇએ તો, આ સાહેદના પતિ સ્મશાન ગૃહમાં લાશ સળગાવવામાં આવે તેના ફાળા અંગેની બૂકમાં એન્ટ્રી કરતા અને પતિની ગેરહાજરીમાંઆ સાહેદ રસીદ બનાવતા હતા. આંક : ૧૪૮ ની રસીદમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. ઊલટતપાસ જોતાં જણાઇ આવે છે કે, આ સાહેદ સ્મશાનભૂમિના ટ્રસ્ટમાં કોઇ હોદ્દા ઉપર નથી, પણ રસીદ બૂક તેઓના પતિના કબજામાં ઘરે રહેતી અને મડદાને સળગાવવા આવે તો તેઓના ઘરે રસીદ લેવા આવતા હતા. આ સાહેદ કોઇ દિવસ સ્મશાનભૂમિમાં ગયેલ નથી. આમ, ઉપરોકત બંને સાહેદનો પુરાવો જોતાં એટલી જ હકીકત ફલિત થાય છે કે, મરનારનો અગ્નિદાહ રોટરી કલબ સંચાલિક કમલાકાંત છોટાલાલ સ્થાપિત સ્વ. માતૃશ્રી રૂપાબેન સીતારામ ભકત ટ્રસ્ટમાં કરવામાં આવેલ, જે અંગે આંક : ૧૪૮ ની રસીદ આપવામાં આવેલ. આ સિવાય બીજી કોઇ મહત્વની હકીકત જણાઇ આવતી નથી.

(૩૩) સાહેદ બાબુભાઇ લલિતચંદ્ર શાહનો આંક : ૧૫૧ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બનાવ સમયે વિધાતા જનર પ્રોવિઝન સ્ટોર્સ ચલાવતા હતા અને કેરોસીનનું પણ વેચાણ કરતા હતા. આ સાહેદ રેશન કાર્ડના ગ્રાહકોને કેરોસીન આપતા હતા અને રેશન કાર્ડ સિવાય કોઇને કેરોસીન આપતા ન હતા. આ સિવાય બીજી કોઇ હકીકત સદર સાહેદે જણાવેલ નથી. આ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે અને આરોપીઓ તરફે તેઓની કોઇ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. આ સાહેદની દુકાનમાંથી બિનવારસી લાશ સળગાવવા માટે મહિન્દ્રભાઇ પોલિસવાળા એક માણસ સાથે આવેલા અને મહેન્દ્રભાઇએ કેરોસીન માંગતા

તેઓએ પાંચ લિટર કેરોસીન આપેલ હોય તેનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે. લાશને સળગાવવા સદર સાહેદે કેરોસીન આપેલ હોય તેવું પૂરવાર થઈ શકેલ નથી. આમ, સદર સાહેદના પુરાવામાંથી ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

(૩૪) સાહેદ ચંપકભાઈ છીતુભાઈ પટેલનો આંક : ૧૭૧ નો પુરાવો જોઈએ તો, ૨૦૦૮ ની સાલમાં આ સાહેદના મજૂરે ખેતરેથી આવી ખેતરની નજીક આવેલ નહેરમાં એક લાશ પડેલ હોવાનું જણાવેલ, જેથી આ સાહેદે ગામના સરપંચ નગીનભાઈ હળપતિને પોતાના ઘરે બોલાવી જાણ કરેલ અને ત્યાર બાદ પોલિસે જાણ કરેલ. આ સાહેદ લાશ જોવા ગયેલ નહી, જેથી લાશ કોની હતી તેની આ સાહેદને ખબર નથી, પણ લાશ પુરૂષની હોવાનું આ સાહેદે જણાવેલ છે. મરનાર કોણ હતા તેની આ સાહેદને ખબર નથી. ઊલટતપાસમાં પણ આ સાહેદ જણાવે છે કે, તેઓ લાશ પડેલ તે જગ્યાએ ગયેલા નહીં. આમ, સદર સાહેદના પુરાવાથી તેઓના ખેતરની નજીક આવેલ નહેરમાંથી એક પુરૂષની લાશ મળી આવતાં ગામના સરપંચ તથા પોલિસને તે અંગેની જાણ કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. અલબત્ત, આ સાહેદ તે જગ્યાએ ગયેલા નહીં અને લાશ કોની હતી તેની પણ તેઓને ખબર નથી. આ સિવાય બીજી કોઈ હકીકત સદર સાહેદના પુરાવામાંથી જણાઈ આવતી નથી.

(૩૫) સાહેદ બાનુબેન મહંમદ ઈબ્રાહિમ પટેલનો આંક : ૧૭૩ નો પુરાવો જોઈએ તો, આ સાહેદને બનાવની કોઈ જાત માહિતી નથી અને આ સાહેદ ફરિયાદીને કે આરોપી દિનેશ અને શહેજાદને ઓળખતા પણ નથી. પોલિસે કોઈનો ફોટો બતાવેલ હોય અને તે વ્યક્તિને તેઓ જાણતાં હોય તેવું બનેલ નથી તેમ આ સાહેદ સ્પષ્ટપણે જણાવે છે. આ સાહેદ ૨૦૦૮ ની સાલમાં દારૂનો ધંધો કરતા ન હતા અને તેઓએ કોઈને બીયર કે દારૂ આપેલ ન હતો. ફરિયાદીએ આ સાહેદને મોબાઈલમાં બતાવેલ ફોટાવાળી વ્યક્તિ તેઓ પાસે બીયર લઈ ગયેલ હોય તેનો આ સાહેદે ઈન્કાર કરેલ છે. આ સાહેદ આરોપીઓને પણ ઓળખતા નથી. સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે અને તેઓની કોઈ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. આમ,

સદર સાહેદનો પુરાવો જોતાં બનાવના અરસામાં તેઓએ કોઇને દારૂ કે બીયર વેચાણથી આપેલ હોય તેવું ફલિત થતું નથી. આ સાહેદ ૨૦૦૮ ની સાલમાં દારૂનો ધંધો કરતા ન હતા તેમ જણાવે છે. આરોપીઓએ કે મરનારે આ સાહેદ પાસેથી બીયર વેચાણ લીધેલ હોય તેવી કોઇ હકીકત આ સાહેદના પુરાવામાંથી જણાઇ આવતી નથી. વળી, આ સાહેદ કોઇ આરોપીઓને ઓળખતા પણ નથી. સદર સાહેદના પુરાવામાંથી કોઇ ફળદાયી હકીકત જણાઇ આવતી નથી.

(૩૬) સાહેદ રાજુભાઇ થાનસિંગભાઇ રાજપૂતનો આંક : ૧૭૪ નો પુરાવો જોઇએ તો, ૨૦૦૮ ની સાલમાં તેઓ દારૂનો ધંધો કરતાં હોય અને પોલિસે બતાવેલ ફોટાવાળી વ્યક્તિને તેઓએ દારૂની બોટલ આપેલ હોય તેવું બનેલ નથી તેમ આ સાહેદ જણાવે છે. આ સાહેદ મરનાર આશિષ ખટીકને કે આરોપીઓને ઓળખતા પણ નથી. સદર સાહેદને પણ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે અને તેઓની આરોપીઓ તરફે કોઇ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, સદર સાહેદે મરનારને દારૂની બોટલ આપી હોય તેવી હકીકત પૂરવાર થતી નથી. સદર સાહેદના પુરાવામાંથી કોઇ મહત્વની હકીકત જણાઇ આવતી નથી, તેથી આ સાહેદનો પુરાવો ફરિયાદપક્ષને કોઇ રીતે મદદરૂપ બનતો નથી.

(૩૭) સાહેદ મહેશભાઇ તારાચંદ ટેલરનો આંક : ૧૭૪ નો પુરાવો જોઇએ તો, ફરિયાદી આ સાહેદ પાસે કપડાં સીવડાવતા હતા તેથી ફરિયાદીને આ સાહેદ ઓળખે છે, પણ ફરિયાદીના દીકરાને આ સાહેદ ઓળખતા ન હતા. આ સાહેદને બનાવ અંગે કશી ખબર નથી. આ સાહેદે બનાવેલા કપડાં ઉપર તેઓના ટેલરીંગ માર્કાનું સ્ટીકર હોવાથી પોલિસે પૂછપરછ કરેલ હોવાનું આ સાહેદ જણાવે છે, આ સિવાય બીજી કોઇ હકીત તેઓ જણાવતાં નથી. આ સાહેદને પોલિસ સ્ટેશનમાં કોઇ કપડાં પણ બતાવવામાં આવેલા નહીં. આ સાહેદ આરોપીઓને ઓળખતા પણ નથી. આ સાહેદને પણ હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે અને આરોપીઓ તરફે તેઓની કોઇ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓએ બનાવેલ કપડાં ઉપર તેઓના ટેલરીંગ માર્કાનું સ્ટીકર હોવાથી પોલિસે પૂછપરછ કરેલ

હોવાની હકીકત જણાઇ આવે છે, તે સિવાય બીજી કોઇ હકીકત સદર સાહેદના પુરાવામાંથી જણાઇ આવતી નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ મરનારની તપાસ કરવા ફરિયાદી આ સાહેદ પાસે ગયેલા, આ સાહેદ ફરિયાદી સાથે મરનારને શોધવા ગયેલા, નહેરમાંથી બિનવારસી લાશ મળી આવતાં તેઓ ફરિયાદી સાથે પોલિસ સ્ટેશને ગયેલા, પોલિસે નહેરમાંથી લાશ કઢાવી અંતિમ સંસ્કાર કરેલ, પોલિસે લાશ ઉપરના કપડાં કબજે કરેલ તે ફરિયાદીએ પોતાના દીકરાના હોવાનું જણાવી ઓળખી બતાવેલ, પરંતુ આ હકીકત અંગે સદર સાહેદે કોઇ પુરાવો આપેલ નથી અને મરનારને તેઓ ઓળખતા નથી તેમ તેઓ જણાવે છે. સદર સાહેદનો પુરાવો આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરવા ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૩૮) સાહેદ તૌફીક અજીઝ મેમણનો આંક : ૧૭૫ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ ૨૦૦૮ ની સાલમાં વાલોડ ખાતે ચીકન–ઇંડાની લારી ચલાવતા હતા ત્યારે પોલિસે પૂછપરછ કરી અમુક ફોટા બતાવેલા, ત્યારે આ સાહેદે જણાવેલ કે, ફોટાવાળી વ્યક્તિઓને તેઓ ઓળખતા નથી. તે ફોટા કોના હતા તેની આ સાહેદને ખબર નથી. આ ફોટાવાળી વ્યક્તિઓ કોર્ટમાં હાજર નથી તેમ પણ તેઓ જણાવે છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આ સાહેદ દુકાને જતા હતા ત્યારે તેઓની બાઇકને બે વ્યક્તિઓએ ઓવરટેક કરેલ અને ત્યાર બાદ તે વ્યક્તિઓ તેઓની દુકાને નાસ્તો કરવા આવતાં આ સાહેદે તે વ્યકિતઓને ધ્યાનથી મોટરસાઇકલ ચલાવવા જણાવેલ અને તે વ્યક્તિઓ નશામાં હોવાનું જણાયેલ અને પોલિસે ફોટા બતાવેલ તે પૈકી તેઓને ત્યાં નાસ્તો કરવા આવેલ અને લાશ અસ્તાન ગામની નહેરમાંથી મળી આવેલ, પરંતુ આ હકીકતને સદર સાહેદે લેશમાત્ર સમર્થન આપેલ નથી. આ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે અને આરોપીઓ તરફે તેઓની કોઇ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, આરોપીઓ શહેજાદ અને દિનેશ નશાની હાલતમાં નાસ્તો કરવા આ સાહેદની દુકાને ગયા હોય તેવું પૂરવાર થતું નથી. આ સાહેદના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૩૯) સાહેદ રાહુલભાઇ રમેશભાઇ ગામીતનો આંક : ૧૭૭ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બારડોલી સ્મશાન ગૃહમાં અગ્નિદાહ આપવાનું કામ કરે છે અને તેઓના પિતા પણ તેઓ સાથે કામ કરતા હતા, જેઓ મરણ ગયેલ છે. આ સાહેદનો પુરાવો જોતાં તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ પોલિસવાળા એક પુરૂષની લાશ લઇને આવેલા અને સળગાવવાનું જણાવતાં આ સાહેદે અને તેમના પિતાએ લાશ સળગાવેલી. આ સાહેદ જણાવે છે કે, પોલિસવાળા લાશ સળગાવવાની રસીદ લઇને આવેલા, જે રસીદના આધારે તેઓએ લાશ સળગાવેલી. આ સાહેદના પુરાવાથી એ હકીકત પણ જણાઇ આવે છે કે, લાશ સળગાવી તે પહેલા લાશ ઉપરના કપડાં પોલિસવાળા કઢાવીને લઇ ગયેલ. આ લાશ કોની હતી તેની આ સાહેદને ખબર નથી, પણ તેઓ જણાવે છે કે, લાશ વાસ મારતી હતી. ઊલટતપાસમાંથી એ હકીકત જણાઇ આવે છે કે, અકસ્માતવાળી લાશની પણ તેઓ અંતિમવિધિ કરે છે અને સ્મશાનમાં આવતી લાશનો ફેસ/ચહેરો ઢંકાયેલો હોય તો તેના વર્ણનની ખબર પડે નહીં. આમ, સદર સાહેદના પુરાવાથી એ હકીકત ફલિત થાય છે કે, પોલિસવાળા એક લાશ કે જેમાંથી વાસ આવતી હતી તે લઇને અને સ્મશાનની રસીદ લઇને આવતાં આ સાહેદ તથા તેમના પિતાએ મળીને લાશને અગ્નિદાહ આપેલ. આ સિવાય બીજી કોઇ હકીકત સદર સાહેદના પુરાવામાંથી જણાઇ આવતી નથી. લાશ કોની હતી અને મરનાર કેવી રીતે મરણ પામેલ તે અંગે આ સાહેદને કશી ખબર નથી.

(૪૦) સાહેદ વિલાસભાઇ મહારૂભાઇ સોનવણેનો આંક : ૧૮૨ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ ૨૦૦૮ ની સાલમાં બાબેન બસ સ્ટેન્ડ પર બેસેલા હતા ત્યારે પોલિસે લખેલા કાગળ ઉપર સહી લીધેલ. આંક : ૧૮૩ ના સાહેદ એડુભાઇ જયરામભાઇ વાઘના પુરાવા મુજબ તેઓ બનાવ અંગે કશું જાણતાં નથી. આ બંને સાહેદો જણાવે છે કે, પોલિસ આવીને અસ્તાન ખાતે નહેરમાંથી લાશ બહાર કાઢવા લઇ ગયેલ હોય અને આ સાહેદોએ લાશ બહાર કાઢી હોય તેવું બનેલ નથી છે. આ સાહેદો આરોપીઓને ઓળખતા પણ નથી. આ બંને સાહેદોને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે અને આરોપીઓ તરફે તેઓની કોઇ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. આમ,

સદર સાહેદોને લાશ કાઢવા પોલિસ અસ્તાન લઇ ગયેલ હોય અને આ સાહેદોએ નહેરમાંથી લાશ કાઢી હોય તેવું આ સાહેદોની જુબાનીથી ફલિત થતું નથી. સદર સાહેદોના પુરાવામાંથી ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૭૧) સાહેદ હિતેશકુમાર મુકેશભાઇ ટેલરનો આંક : ૧૮૬ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ ૨૦૦૮ ની સાલમાં ફોટોગ્રાફીનો વ્યવસાય કરતા હતા અને તેઓનો પોતાનો સ્ટુડિયો હતો. આ સાહેદ કોઇ જગ્યાએ ગયેલ નહીં તેમ જણાવે છે. મરનારે નહેર કિનારે દારૂ પીધેલ તે જગ્યાએ જઇ વિડિયોગ્રાફી કરેલ નહીં તેમ આ સાહેદ જણાવે છે. આ સાહેદ આરોપીઓને ઓળખતા નથી. સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ મરનારે નહેર કિનારે દારૂ પીધેલ અને ત્યાંથી લાશ મળી આવતાં તે જગ્યાની વિડિયોગ્રાફી કરી સી.ડી. તૈયાર કરી સી.ડી. તૈયાર કરેલ, પરંતુ સદર સાહેદ આવી કોઇ કાર્હવાહી કરેલ નથી તેમ જણાવે છે. આ સાહેદની આરોપીઓ તરફે કોઇ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. સદર સાહેદનો પુરાવો જોતાં તેઓએ મરનારની લાશ મળેલ તે જગ્યાની ફોટોગ્રાફી કરી હોય તેવું પૂરવાર થતું નથી.

(૭૨) સાહેદ અબ્દુલકુદુસ મોહંમદદીન શેખનો આંક : ૧૯૦ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બાબેન જીનમાં પોતાનો ટેમ્પો ભંગારના ધંધા માટે વાપરતા હતા. આરોપી મહેન્દ્રભાઇએ ફોન કરી ડેડ બોડી લઇ જવા માટે ટેમ્પાની જરૂર હોવાથી બોલાવેલ હોય, પણ તે વખતે ડ્રાઇવર ન હોવાનું જણાવતાં આરોપી મહેન્દ્રભાઇ ડ્રાઇવર લઇને આવીને ટેમ્પો લઇ ગયેલા અને લાશ સ્મશાને લઇ ગયેલા હોય તેવું બનેલ નથી તેમ આ સાહેદ જણાવે છે. આ સાહેદ આરોપીઓને ઓળખતા પણ નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી મહેન્દ્રભાઇ ડ્રાઇવર કિરણભાઇને લઇને આ સાહેદ પાસે ગયેલા અને કિરણભાઇ ટેમ્પો લઇને ગયેલા, પણ આવી કોઇ હકીકત સદર સાહેદ જણાવતાં નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ કિરણભાઇએ આ સાહેદને જણાવેલ કે, અસ્તાન ગામની સીમમાં કુલી ગયેલી અને વાર મારતી લાશને બારડોલી સ્મશાને લઇ ગયેલા અને ત્યાં લાશ ઉપરના કપડાં પોલિસે કઢાવી

અગ્નિદાહ આપેલ, પરંતુ કિરણભાઇએ આવી હકીકત જણાવી હોય તેવું આ સાહેદ જણાવતાં નથી. સદર સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોવાથી તેઓને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં એ પૂરવાર થાય છે કે, આરોપી નંબર : ૩ મહેન્દ્રભાઇને તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ ડેડ બોડી લઇ જવા માટે આ સાહેદના ટેમ્પાની જરૂર હતી તે પૂરવાર થાય છે. એ પણ પૂરવાર થાય છે કે, તે દિવસે આરોપી નંબર : ૩ જાતે ડ્રાઇવર લઇને આવેલ હતા, તેથી આ લાશ કોની હતી તેની આ સાહેદને જાણ ન હતી. આમ, સદર સાહેદનો પુરાવાથી વધુમાં વધુ એ હકીકત પૂરવાર થાય છે કે, તે દિવસે પોલિસે લાશ લઇ જવા માટે સદર સાહેદના ટેમ્પાનો ઉપયોગ કર્યો હતો.

(૪૩) સાહેદ ભાવેશભાઇ નરસિંહભાઇ કાબરીયાનો આંક : ૧૯૧ નો પુરાવો જોઇએ તો, ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવના દિવસે આ સાહેદ તેમના સાળા દિનેશભાઇની દુકાન ઉપર હાજર હતા અને બનાવના દિવસે ત્રણ અજાણ્યા ઇસમો મોટરસાઇકલ ઉપર આવ્યા હતા અને તેમની પાસેથી બીયરની માંગણી કરેલી હતી, પરંતુ આ ઇસમો પાસેથી પૈસા લેવાના બાકી હોવાથી આ સાહેદે બીયર આપેલ હોય તેમ જણાતું નથી. આ સાહેદની જુબાની જોતાં જણાઇ આવે છે કે, ફરિયાદપક્ષના કેસ મુજબ મરણ જનાર અને આરોપી નંબર : ૧ અને ૨ બનાવના પહેલા સાથે હતા, જે બાબતની કડી પૂરવાર કરવાનો પ્રયત્ન કરેલ છે, પરંતુ આ સાહેદની જુબાની જોતાં તેઓએ એ વાતનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે કે, બનાવના પહેલા આરોપી નંબર : ૧ અને ૨ મરણ જનાર સાથે તેમની દુકાન ઉપર આવ્યા હતા, જેથી આ કડી પૂરવાર થતી નથી. સદર સાહેદને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે.

(૪૪) ફરિયાદપક્ષ તરફે સાહેદ ભગુભાઇ રણછોડભાઇ પટેલને આંક : ૨૪૪ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આ સાહેદના ગામના સરપંચ નગીનભાઇ ધનજીભાઇ તેમના ઘરે આવેલ અને જણાવેલ કે, ગામની નહેરમાં કોઇ તણાઇને આવેલ છે. ત્યાર પછી આ સાહેદ

સરપંચ નગીનભાઇ સાથે નહેર ઉપર ગયેલા. તેમની પાસે આરોપી પોલિસ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઇનો નંબર હોવાથી તેઓએ તેમને લાશ બાબતે જાણ કરેલ હતી, પરંતુ આ સાહેદની જુબાની જોતાં એ જણાઇ આવે છે કે, તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ સરપંચ તેમના ઘરે આવીને લાશ બાબતે જાણ કરેલ હતી, પરંતુ આ સાહેદ તેમની સાથે નહેર ઉપર જોવા ગયેલ નહીં. અલબત્ત, આ સાહેદને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે, પરંતુ આ સાહેદની જુબાની પરથી એ પૂરવાર થાય છે કે, તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ મરણ જનારની લાશ નહેરમાં મળી આવેલ હતી. આ સિવાય બીજી કોઇ મહત્વની હકીકત જણાઇ આવતી નથી. અલબત્ત, આ સાહેદનો પુરાવો જોતાં એ હકીકત જણાઇ આવે છે કે, નહેરમાંથી લાશ મળી આવ્યા અંગેની જાણ સૌ પ્રથમ આ સાહેદ દ્વારા પોલિસને કરવામાં આવેલ હતી.

(૪૫) ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલા પંચ સાહેદોનો પુરાવો જોઇએ તો, પંચ સાહેદ સુભાષભાઇ જગનભાઇ ચૌધરીને આંક : ૯૭ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૯૮ ના મરનારના કપડાંમાંથી મળી આવેલ ચેક કબજે કર્યાના પંચનામાના તથા આંક : ૯૯ ના સ્મશાન ગૃહનું રજીસ્ટર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. સદર પંચ સાહેદના પુરાવા મુજબ દસેક વર્ષ પહેલા તેઓ ચ્હાની લારી પર બેઠા હતા ત્યારે પોલિસે પંચમાં રહેવા જણાવી તેન ગામની નહેર ઉપર લઇ ગયેલા, જયાં તેઓની રૂબરૂમાં એક પુરૂષની લાશ બહાર કાઢવામાં આવેલી, જે લાશને લારીમાં મૂકી બારડોલી પોલિસ સ્ટેશન લાવવામાં આવેલી અને મરનારા કપડાં તથા ચેક કબજે લેવામાં આવેલ. સદર સાહેદે આંક : ૯૮ ના પંચનામાની કાર્યવાહીને સમર્થન આપેલ છે, પરંતુ આ પંચનામાની કાર્યવાહી દરમ્યાન બીજા કોઇ પંચ હાજર ન હતા તેમ તેઓ જણાવે છે. લાશના ખિસ્સામાં કાગળ જેવું કાંઇ હતું તેવું પોલિસે પૂછતાં આ સાહેદે જણાવેલ, જેથી તે કાગળ લેવા ફરીથી લાશ મળી આવેલ તે જગ્યાએ ગયેલા અને કાગળ લઇ પોલિસ સ્ટેશને આવેલા, જે કાગળ ચેક જેવું કાંઇ હતું તેમ તેઓ જણાવે છે. આ પંચ સાહેદની પોલિસે સ્મશાનના રજીસ્ટર કબજે કર્યાના આંક : ૯૯

પંચનામામાં પણ સહી લીધેલી. સદર સાહેદે મુદ્દામાલ આર્ટિકલ નંબર : ૬ નો ચેક ઓળખી બતાવેલ છે, મુદ્દામાલ આર્ટિકલ નંબર : ૫ લાશના ફોટા જે આ સાહેદ રૂબરૂ પાડવામાં આવેલા તે ફોટાઓ તથા મુદ્દામાલ આર્ટિકલ નંબર : ૮ સ્મશાન ગૃહનું રજીસ્ટર પણ ઓળખી બતાવેલ છે. સદર સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કર્યા બાદ તેઓએ જણાવેલ છે કે, પોલિસે ફોટા અને ચેક આરોપી નંબર : ૪ ને આપેલા અને આરોપી નંબર : ૪ નાએ તે રજૂ કરતાં તેનું પંચનામું કરવામાં આવેલું. ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, તેન ગામે આ સાહેદ તથી બીજી એક વ્યક્તિએ લાશને નહેરમાંથી બહાર કાઢેલી, પણ તે બીજી વ્યક્તિ કોણ હતી તેની આ સાહેદને ખબર નથી. લાશને પાણીમાંથી બહાર કાઢવામાં આવેલ ત્યારે ખિસ્સાઓ તપાસતાં કાગળ જેવું કાંઇ જણાઇ આવેલ, જે ખિસ્સામાંથી કાઢીને નહેરના કિનારા ઉપર નાખેલ અને તે સમયે પોલિસ પણ હાજર હતી. આ હકીકત ધ્યાને લેતાં જયારે લાશના ખિસ્સામાંતી ચેક જેવો મહત્વનો પુરાવો મળી આવતાં તે કબજે કરવાના બદલે પોલિસની હાજરીમાં નહેરના કિનારે નાખવામાં આવે છે અને પોલિસ સ્ટેશન ગયા બાદ ફરીથી આ સ્થળે આવી ચેક કબજે કરવામાં આવે છે. આ સાહેદના પુરાવા મુજબ પોલિસ સ્ટેશને આવ્યા બાદ ફોટોગ્રાફરે લાશના ફોટા પાડેલા. આ સમગ્ર કાર્યવાહી તારીખ : ૧૫/૦૪/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ કે કેમ તેની ચોકકસ જાણકારી નથી તેમ આ સાહેદ જણાવે છે. સ્મશાનેથી રજીસ્ટર પોલિસ સ્ટેશને લઇ ગયા બાદ પંચનામું કરવામાં આવેલ હોવાનું આ સાહેદનું કહેવું છે. આ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન આપે છે અને તેઓના પુરાવા મુજબ પંચનામાની કાર્યવાહી વખતે બીજા પંચ હાજર હતા નહીં. આંક : ૯૮ ના પંચનામા સંદર્ભે બીજા પંચ અફઝલ યુસુફ કલેકટરને આંક : ૧૦૦ થી તપાસવામાં આવેલા છે, જેઓએ પોતાની રૂબરૂ લાશના ફોટા તથા કબજે કરવાની કાઇ કાર્યવાહી કરવામાં આવેલ નહીં તે મુજબનો પુરાવો આપેલ છે. તેઓએ ફકત પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તેઓને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. તેઓની આરોપીઓ તરફે કોઇ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. આંક : ૯૯ ના પંચનામા

સંદર્ભે પંચ સાહેદ ઇકબાલ મહંમદ શેખને આંક : ૧૩૬ થી તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદે તૈયાર પંચનામામાં પોલિસે સહી લીધેલ હોવાનો પુરાવો આપેલ છે અને તેઓએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, સ્મશાન ગૃહનું રજીસ્ટર તેઓની હાજરીમાં પંચનામા અન્વયે કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. આ પંચ સાહેદને પણ ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ઊલટતપાસમાંથી પણ જણાઇ આવે છે કે, તેઓ પોલિસ સ્ટેશન ગયેલા ત્યારે તેઓ એકલા હતા અને પોલિસના કહેવાથી સહી કરેલી. આમ, આંક : ૯૮ અને આંક : ૯૯ ના પંચનામાની કાર્યવાહીને પંચ સાહેદ સુભાષભાઇ ચૌધરીએ સમર્થન આપેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આ પંચનામાની કાર્યવાહી પંચ સાહેદ અફઝલ કલેકટર તથા ઇકબાલ શેખનાઓ રૂબરૂ થયેલી, પરંતુ પંચ સાહેદ સુભાષભાઇ ચૌધરીના પુરાવા મુજબ તેઓ સિવાય બીજું કોઇ પંચ તરીકે ન હતું અને પંચ સાહેદ અફઝલ કલેકટર તથા ઇકબાલ શેખના પુરાવા મુજબ તેઓ રૂબરૂ પંચનામાની કોઇ કાર્યવાહી થયેલ નહીં. પંચ સાહેદ સુભાષભાઇ ચૌધરી પોલિસે તેન ગામની નહેર પાસે લઇ ગયેલ અને ત્યાંથી લાશ બહાર કાઢવામાં આવેલ હોવાની હકીકત જણાવે છે, જયારે રજૂ થયેલ પુરાવા મુજબ તથા ફરિયાદપક્ષના કેસ મુજબ લાશ અસ્તાન ગામની નહેરમાંથી મળી આવેલ, જે મહત્વનો વિરોધાભાસ સદર સાહેદના પુરાવામાં જોવા મળે છે. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી આંક : ૯૮ અને આંક : ૯૯ ના પંચનામાની હકીકતો નિઃશંકપણે પૂરવાર થઇ શકેલ નથી.

(૪૬) પંચ સાહેદ પરીનભાઇ ભરતભાઇ શાહને આંક ૧૦૩ થી તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદના પુરાવા મુજબ તેઓ ફરિયાદી, જયેશભાઇ ધડુક, અમિતભાઇ બાજીપુરાથી બારડોલી પોલિસ સ્ટેશને આહવા-ડાંગની પોલિસ સાથે આવેલા અને ફરિયાદીએ રાખોડી કલરનું પેન્ટ, ભૂરા કલરની ટીશર્ટ, કાળા કલરનો કમરપટ્ટો, વીંટી રજૂ કરતાં પોલિસે તે સીલ કરી આંક : ૧૦૪ નું પંચનામું કરેલું. સદર સાહેદે મુદ્દામાલ આર્ટિકલ

નંબર : ૧ થી ૪ ઓળખી બતાવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ પંચનામાનની કાર્યવાહી તેઓ તથા બીજા પંચ જયેશભાઇની રૂબરૂ થયેલી.

(૪૭) આરોપીઓ તરફેની ઊલટતરપાસમાંથી જણાઇ આવે છે કે, ફરિયાદી કપડાં, પટ્ટો અને વીંટી એક કોથળીમાં તેમના ઘરેથી લઇને પોલિસ સ્ટેશન આવેલા. આ સાહેદ ઊલટતપાસમાં જણાવે છે કે, તેઓ ફરિયાદી અને અમિતભાઇના કહેવાથી તેઓ સાથે આવેલા અને ત્યાર બાદ તેઓ જણાવે છે કે, તેઓ રાજીખુશીથી આવેલા. આમ, સદર પંચ સાહેદનો પુરાવો જોતાં ફરિયાદીએ મરનારના કપડાં, કમરપટ્ટો અને વીંટી રજૂ કરતાં તે પંચનામા અન્વયે કબજે લેવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે.

(૪૮) પંચ સાહેદ પરેશભાઇ પરસોત્તમભાઇ પટેલને આંક : ૧૧૦ થી તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ રિક્ષા લઇને અલંકાર પાસે આવેલા ત્યારે પોલિસ અસ્તાન ગામ ખાતે નહેર પાસે લઇ ગયેલ, જયાં પોલિસવાળા નહેરની પહોળાઇ, ઊંડાઇ માપતા હતા તેનું આંક : ૧૧૧ નું પંચનામું કરવામાં આવેલ તથા માટી કબજે કરવામાં આવેલ. આ સાહેદની ઊલટતપાસમાં અલંકારથી અસ્તાન નહેરના અંતર તથા નહેરની આજુબાજુની સ્થિતિ અંગેના પ્રશ્નો પૂછવામાં આવેલા છે. ઊલટતપાસમાં આ સાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ પંચનામામાં સહી કરેલ ત્યારે તેઓ એકલા હતા, બીજું સહી કરનાર કોઇ ન હતું. આમ, સદર પંચ સાહેદનો પુરાવો જોતાં પંચનામાની કાર્યવાહી વખતે બીજા પંચ હાજર ન હતા તેમ જણાઇ આવે છે. અલબત્ત, સદર પંચનામામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૪૯) પંચ સાહેદ ભીખાભાઇ ભાણાભાઇ રાઠોડને આંક : ૧૧૩ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૧૧૪ ના ફરિયાદીનું નિવેદન કબજે કર્યાના પંચનામાના તથા આંક : ૧૧૫ ના સ્મશાન ગૃહની પાવતી કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. પંચ સાહેદ કૃષ્ણરાવ તુલસીરામ પાટીલને આંક : ૧૧૬ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૧૧૭ ના મરનાર બીયર પીવા બેસેલા તે જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. પંચ સાહેદ નટુભાઇ લાલભાઇ ઢીમ્મરને આંક : ૧૨૧ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૧૨૨ ના ફોટોગ્રાફરે ફોટા રજૂ કરતાં તે કબજે કર્યાન પંચનામાના તથા

આંક : ૧૨૩ ના આરોપી શહેજાદ મરનાર સાથે બીયર પીવા બેસેલા તે જગ્યા બતાવ્યા અંગેના પંચનામાના પંચ સાહેદ છે. પંચ સાહેદ રમેશભાઇ સોમાભાઇ રાઠોડને આંક : ૧૨૪ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૧૨૨ ના પંચનામાના પંચ સાહેદ છે. પંચ સાહેદ હિતેશભાઇ રાજુભાઇ રાઠોડને આંક : ૧૨૫ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૧૨૬ ના ફરિયાદીએ મૌલવીને આપેલ દસ ચેકો કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. પંચ સાહેદ સરદારભાઇ સલામભાઇ ગીરાસેને આંક : ૧૨૭ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૧૨૩ ના પંચનામાના પંચ સાહેદ છે. પંચ સાહેદ અલી ઈબ્રાહિમ ખલીફાને આંક : ૧૨૯ થી તથા પંચ સાહેદ મોહસીન સફી શેખને આંક : ૧૩૧ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૧૩૦ ના આરોપી નંબર : ૧ અને ૨ ના અટક અંગેના પંચનામાના પંચ સાહેદો છે. પંચસાહેદ મોહમંદ હનીફ મલેકને આંક : ૧૩૨ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૧૩૩ ના આરોપી નંબર : ૩ ની અટક અંગેના પંચનામાના પંચ સાહેદ છે. આ તમામ પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લઇએ તો તેઓએ ફકત પંચનામામાં પોતાની સહી હોવાનો પુરાવો આપેલ છે, પરંતુ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આ પંચ સાહેદોના પુરાવા મુજબ તેઓની તૈયાર પંચનામામાં સહી લેવામાં આવેલી અને તેઓ રૂબરૂ પંચનામાની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નહીં. આ પંચ સાહેદોને પંચનામાની કાર્યવાહી બાબતે કશી જાણકારી નથી. આ તમામ પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોવાથી ફરિયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી જે તે પંચનામાની હકીકતો પૂરવાર થઇ શકેલ નથી અને તેથી આ પંચ સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૫૦) ફરિયાદપક્ષ તરફે પ્રથમ તપાસનીશ અધિકારી રાકેશભાઇ પ્રવિણકુમાર બારોટને આંક : ૨૪૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદની જુબાની જોતાં જણાઇ આવે છે કે, તેઓ પોલિસ અધિક્ષક આહવા વિભાગ, ડાંગ ખાતે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન રેન્જ આઇ.જી., સુરત તરફથી બારડોલી પોલિસ સ્ટેશન જાણવા જોગ નંબર : ૧૦/૨૦૦૮ પરથી

અકસ્માત મોત નંબર : ૨૪/૨૦૦૮ ની તપાસ સંભાળવાનો હુકમ થતાં તે ફરિયાદી દેવીલાલ પારીકે લેખિત ફરિયાદ આપેલ, જે આધારે બારડોલી પોલિસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નંબર : ૪૭/૨૦૦૮, ઇ. પી. કોડની કલમ–૩૦૨, ૨૦૧, ૨૧૦, ૨૧૮, ૧૧૪ નો ગુનો આરોપીઓ વિરૂદ્ધ દાખલ કરેલ. આ સાહેદે તેમની તપાસ દરમ્યાન ઘણાં બધા સાહેદોના નિવેદનો નોંધેલ અને મહત્વપૂર્ણ પુરાવા એકત્ર કરેલ. તપાસ દરમ્યાન આ સાહેદે મરણ જનારના કપડાં પંચનામાની રૂએ ફરિયાદી પાસેથી કબજે લીધેલ. આ તબકકે એ નોંધવું જરૂરી જણાય છે કે, આ સાહેદે મરણ જનારના ફોટા અને કોરો ચેક બારડોલીના પી.આઇ. પાસેથી કબજે લીધેલ, જેથી એ ફલિત થાય છે કે, લાશની ઓળખ આસાનીથી થઇ શકે તેમ હતું. ચેક આધારે બેંકમાંથી સરનામું સરળતાથી મેળવી શકાય તેમ હતું, પરંતુ આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ તે દિશામાં કોઇ પ્રયત્નો કરેલ નથી અને તેઓએ બદ્ઇરાદાથી મહત્વપૂર્ણ પુરાવાઓ એકત્ર કરવાનો અને લાશની ઓળખ અંગેના પ્રયત્નો કર્યા વગર લાશનો દાહસંસ્કાર કરી દીધેલ. આમ, આ સાહેદનો પુરાવો જોતાં એ પણ જણાઇ આવે છે કે, આ બધા પુરાવાઓ આરોપી નંબર : ૩ અને ૪ પાસે તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ હતા. ફરિયાદીની જુબાની જોતાં ફરિયાદી તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ ના રોજ મરણ જનારના ફોટા લઇને બારડોલી પોલિસ સ્ટેશન ખાતે મરણ જનાર ગુમ થયા અંગેની જાણ કરવા આવેલ હતા, પરંતુ બારડોલી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ લખવાની ના પાડવામાં આવેલ અને તેઓને વાલોડ પોલિસ સ્ટેશન જવા માટે કહેવામાં આવેલ, તેથી આરોપી નંબર : ૩ અને ૪ ને તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ એટલે કે મરણ જનારની લાશ મળ્યા પહેલાથી મરણ જનાર ગુમ થયા અંગેની જાણ હતી. આમ, આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ મરણ જનારનો ફોટો પણ તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ પહેલા જોયો હતો અને તેઓને એ પણ જાણ હતી કે, ફરિયાદીનો દીકરો ગુમ થયેલ છે, પરંતુ લાશ મળ્યા બાદ આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ ફરિયાદીને કોઇ જાણ કરેલ ન હતી કે લાશની ઓળખ માટે ફરિયાદીને બોલાવવા માટે સંપર્ક પણ કરેલ ન હતો. આમ, આરોપી નંબર : ૩ અને ૪ ને તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ ના દિવસે

મરણ જનાર ગુમ થયા હોવા અંગેની માહિતી હોવા છતાં મહત્વપૂર્ણ પુરાવાઓની કડીઓ પૂરવાર ન થાય તેવા બદ્દઈરાદાથી મરણ જનારની લાશ મળ્યા અંગેની જાણ ફરિયાદીને કરેલ નહીં અને મહત્વપૂર્ણ પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી મરણ જનારનું પોસ્ટ મોર્ટમ કરાવેલ નહીં, લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલ નહીં તેમ જણાઈ આવે છે. તપાસનીશ અધિકારીએ મરણ જનારના ફોટા એફ.એસ.એલ.માં અભિપ્રાય મેળવવા માટે મોકલેલ, જે અંગે આંક : ૧૯૫ થી એફ.એસ.એલ. અધિકારીનો અભિપ્રાય રજૂ થયેલ છે, જેમાં એવું જણાવવામાં આવેલ છે કે, ફોટો પરથી લાશ સંદર્ભે કોઈ ચોકકસ તેમજ સ્પષ્ટ અભિપ્રાય આપી શકાય નહીં. મરનારનું મૃત્યુ કેવી રીતે થયેલ તે જાણવા માટેના પુરાવાઓ એકત્ર કરી શકાય તેમ હતા, તેમ છતાં તેવા પુરાવાઓ મેળવવામાં આવેલ નથી અને ખૂબ જ ટૂંકા સમયમાં લાશનો અગ્નિસંસ્કાર કરી દેવામાં આવેલ, જેથી એવું સાબિત થાય છે કે, આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ જાણીબુઝીને અને મહત્વપૂર્ણ પુરાવાઓનો નાશ કરવાના ઈરાદાથી કે કોઈ નાણાંકીય લાભ મેળવીને કોઈ વ્યક્તિને બચાવવાના ઈરાદાથી લાશનો અંતિમ સંસ્કાર કરેલ. આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ શરૂઆતથી જ એવું જણાવતાં આવેલા કે, લાશ ફુલી ગયેલ હતી, દુર્ગંધ મારતી હતી અને તેની ઓળખ થઈ શકે તેમ ન હોવાથી અગ્નિસંસ્કાર કરેલ, પરંતુ લાશનો ફોટો જે આ સાહેદે પી.આઈ., બારડોલીનાઓ પાસેથી કબજે લીધેલ તે ફોટો જોતાં મરનારનો ચહેરો સ્પષ્ટ જણાતો હતો અને મળી આવેલ ચેક આધારે સરનામું મેળવવાની દિશામાં પ્રયત્નો કરવામાં આવ્યા હોત તો લાશની ઓળખ થઈ શકે તેમ હતું. આરોપી નંબર : ૩ અને ૪ નાઓ પોલિસ કર્મચારી/અધિકારી હોવા છતાં ખૂન જેવા ગંભીર ગુનામાં લાશની ઓળખ એ ખૂબ મહત્વનો પુરાવો કહી શકાય તેમ જાણવા છતાં તેઓએ લાશની ઓળખ થાય તે દિશામાં કોઈ જ પ્રયત્નો કરેલા નથી અને તેમ કરીને તેઓએ પોતાની ફરજમાં ખૂબ જ ગંભીર બેદરકારી દાખવેલ હોવાનુ જણાઈ આવે છે.

(૫૧) તપાસ અધિકારી જીગ્નેશભાઈ ગણેશભાઈ અમીનને આંક : ૨૫૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદને સદર ગુનાની તપાસ

મળતાં તેઓએ અગાઉના તપાસ અધિકારીઓએ કરેલ કાર્યવાહીના કાગળોનો અભ્યાસ કરેલો અને આરોપીઓના અલગ અલગ ફોરન્સિક ટેસ્ટ કરાવી તેઓની ધરપકડ કરેલ અને આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરેલું. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૨૬૦ થી એફ.એસ.એલ.નો ભૌતિકશાસ્ત્ર વિભાગનો અહેવાલ, આંક : ૨૬૧ થી નાયક કાર્યપાલક ઇજનેર, નહેર શાખાનો અભિપ્રાય તથા બનાવવાળી જગ્યાનો નકશો, આંક : ૨૬૨ થી સર્કલ ઓફિસર, બારડોલીનાઓએ બનાવવાળી જગ્યાનો નકશો, આંક : ૨૬૩ થી ફોરેન્સિક મેડિસીન વિભાગ, બી. જે. મેડિકલ કોલેજનો અભિપ્રાય, આંક : ૨૬૪ થી આરોપી નટુભાઇ રમણભાઇ તથા મહેન્દ્રભાઇના નાર્કો એનાલિસ્ટ ટેસ્ટ માટે એફ.એસ.એલ.ને લખેલ પત્ર, આંક : ૨૬૫ થી એફ.એસ.એલ.નો મારૂતિ ઓમની ગાડી અંગેનો અભિપ્રાય, આંક : ૨૬૬ થી એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ, આંક : ૨૬૭ થી મહેન્દ્રભાઇની પ્રોસિકયૂશનની મંજૂરી મેળવવા અંગેનો પત્ર, આંક : ૨૬૮ થી નટુભાઇની પ્રોસિક્યૂશનની મંજૂરી મેળવવા અંગેનો પત્ર, આંક : ૨૬૯ થી વિનોદચંદ્ર આત્મારામ પટેલનાઓની જામીન અરજી બાબતની વર્ધી, આંક : ૨૭૦ થી આરોપી વી. એ. પટેલની એરેસ્ટ માટે પોલિસ અધિક્ષકશ્રી, વલસાડનાઓને કરેલ ટેક્ષ્ટ મેસેજ, આંક : ૨૭૧ થી આરોપી વિનોદ આત્મારામ પટેલનાઓની શરીરસ્થિતિનું પંચનામું, આંક : ૨૭૨ થી મુનાફ એચ. કાપડિયાનું બેંક સ્ટેટમેન્ટ, આંક : ૨૭૩ થી મરનારના બેંક સ્ટેટમેન્ટની નકલ, આંક : ૨૭૪ થી સ્મશાનમાં લાશ સળગાવ્યા અંગેના રજીસ્ટરના ઉતારાની નકલ, આંક : ૨૭૫ થી આરોપી નટુભાઇ ચૌધરીના આગોતરા જામીન સંદર્ભે પેપર લઇ હાજર રહેવાનો પત્ર તેમજ એફીડેવીટ રજૂ થયેલ છે.

(૫૧.૧) આ સાહેદની ઊલટતપાસ જોઇએ તો, સદર બનાવની તપાસ ડિપાર્ટમેન્ટ દ્વારા સોંપવામાં આવેલ હોવાનો પત્ર આ કામે રજૂ થયેલ નથી. સદર સાહેદે કોઇ નિવેદનો લીધેલા નથી. આ કામે નાર્કો ટેસ્ટ તેમજ પોલીગ્રાફ ટેસ્ટ કરતાં પહેલા કોર્ટની પરવાનગી અંગેના કાગળો ચાર્જશીટ સાથે રજૂ કરવામાં આવેલા નથી. આ સાહેદે તપાસ સંભાળેલ ત્યારે જણાયેલ કે, સદર કામે અલગ અલગ એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવેલ હતી અને

અલગ અલગ એજન્સીઓ દ્વારા નિવેદનો લેવામાં આવેલ હતા. બનાવ વખતે ઊકાઇ ડેમમાંથી વધુ પ્રમાણમાં પાણી છોડવામાં આવેલ હતું. બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતરો આવેલ છે અને મેઇન રોડથી બનાવવાળી જગ્યા ૬૦ ફૂટ દૂર આવેલ છે અને ત્યાંથી બારડોલી પોલિસ સ્ટેશન પાંચ–છ કિલોમીટર દૂર આવેલ છે. આ સાહેદને જાણવા મળેલ કે, બારડોલી પોલિસ સ્ટેશનના પી.આઇ.એ તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ના રોજ જાણવા જોગ એન્ટ્રી નંબર : ૧૦/૨૦૦૮ કરેલ હતી અને તે કામે સાહેદોના નિવેદનો લેવામાં આવેલ હતા. અકસ્માત મોત નંબર : ૨૪/૨૦૦૮ થી રજીસ્ટર કરવામાં આવેલ. આ સાહેદની તપાસ દરમ્યાન ખુલવા પામેલ કે, મરનાર દારૂ પીવાની ટેવવાળા હતા. આંક : ૬૩ માં કોઇ અધિકારીનું નામ જણાવવામાં આવેલ નથી. આ સાહેદને તપાસ દરમ્યાન જાણવા મળેલ કે, મરનારની લાશ ડીકમ્પોઝ હતી અને ખૂબ જ દુર્ગંધ આવતી હતી. ફરિયાદીએ મરનારના કપડાં રજૂ કરેલા, પણ તે ક્યાંથી લાવેલા તેની આ સાહેદને ખબર નથી. ચાર્જશીટ કરતાં પહેલા પ્રોસિકયૂશનની મંજૂરી આવેલ ન હતી. આ સાહેદે સ્વીકારેલ છે કે, આંક : ૨૭૨ અને આંક : ૨૭૪ ના બેંક સ્ટેટમેન્ટમાં બેકમની કોઇ સાહી કે સીલ નથી અને આંક : ૭૪ ના સ્મશાનભૂમિના રજીસ્ટરના ઉતારામાં કોઇ હોદ્દેદારની સહી કે સિક્કો નથી. આ સાહેદે કલમ–૬૫(બી)નું કોઇ સર્ટીફીકેટ રજૂ રાખેલ નથી.

(૫૧.૨) આમ, સદર સાહેદનો પુરાવો જોઇએ તો આ સાહેદને સદર ગુનાની આગળની તપાસ મળતાં તેઓએ જે કાર્યવાહી કરેલી અંગેનો પુરાવો આવેલ છે. આ સાહેદે તપાસ દરમ્યાન આરોપીઓના ફોરેન્સિક ટેસ્ટ કરાવી આટક કરેલા અને ચાર્જશીટ કરેલું. એફ.એસ.એલ.ના અહેવાલો, ગુનાવાળી જગ્યાનો નકશો, અભિપ્રાય, મારૂતિ વેનનો અભિપ્રાય, પ્રોસિકયૂશનની મંજૂરીના પત્રો વિગેરે કામમાં સામેલ રાખેલ. આ સાહેદે ગુનાની તપાસ દરમ્યાન કોઇ સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ સાહેદે તપાસ સંભાળી તે પહેલા અલગ અલગ એજન્સીઓ દ્વારા તપાસ થયેલ હતી અને નિવેદનો લેવામાં આવેલ હતા. લાશ ડીકમ્પોઝ થયેલ હતી અને ખૂબ જ દુર્ગંધ આવતી હતી તેમ આ સાહેદને તપાસ દરમ્યાન જાણવા મળેલ, પરંતુ અગાઉ ચર્ચા

કરી તે મુજબ સદર કામે રજૂ મરનારના ફોટાઓ જોતાં ચહેરો સ્પષ્ટ રીતે ઓળખી શકાય તેવી સ્થિતિમાં હતો અને લાશ સડી ગયેલ હોય તેમ જણાઇ આવતું નથી, જેથી લાશ ડિકમ્પોઝ હાલમાં મળી આવેલ હોવાની હકીકત માની શકાય તેમ નથી. મરનારના ફોટા જોતાં મરનારનું શરીર ડીકમ્પોઝ થયેલ હોવાની હકીકતનો છેદ ઊડી જાય છે.

(૫૨) તપાસ અધિકારી મહેમુદબેગ ઉસ્માનબેગ મિરઝાને આંક : ૨૭૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે ઉપરી અધિકારીના હુકમ મુજબ તપાસ સંભાળી ફરિયાદીનો સંપર્ક કરી બનાવ અંગે પૂછપરછ કરી ફરિયાદીનું તથા તેમના દીકરા અમીતભાઇનું વિશેષ નિવેદન લીધેલ. એફ.એસ.એલ. અધિકારી મરાફત ગુનાવાળી જગ્યાનું નિરીક્ષણ કરવામાં આવેલું, સાહેદોના નિવેદનો લીધેલા, લાઇ ડિટેકશન ટેસ્ટનો રિપોર્ટ આવતાં તે બાબતે એફ.એસ.એલ. અધિકારી સાથે ચર્ચા કરેલ. બારડોલી પોલિસ સ્ટેશનના કોમ્પ્યુટર ઓપરેટર દીપકભાઇએ કોમ્પ્યુટરમાંથી મરનારના ત્રણ ફોટાની પ્રિન્ટઆઉટ કાઢી આપતાં પંચનામા અન્વયે કબજે લીધેલ, દીપકભાઇનું વિશેષ નિવેદન લીધેલ, ફરિયાદીએ વિશેષ નિવેદનમાં મારૂતિ વેન બાબતે શંકા જણાવતાં તે અંગે તપાસ કરી એફ.એસ.એલ. એકઝામિનેશન કરાવેલ જાણ કરવા ડી.પી.આઇ. શ્રી વાળાને આદેશ કરવામાં આવેલ અને તેઓએ તપાસ કરતાં કોઇ ઉપયોગી માહિતી મળેલ ન હોવાનું જણાવેલ. મરનારનું મોત કુદરતી કે અકુદરતી પ્રકારનું હતું તે દિશામાં તપાસ ચાલુ હતી ત્યારે આ સાહેદની બદલી થતાં તપાસના કાગળો ઇન્ચા. ડી.પી.આઇ. શ્રી ડી. એમ. બ્રહ્મભટ્ટને સોંપવામાં આવેલ.

(૫૨.૧) આ સાહેદની ઊલટતપાસ જોઇએ તો, આ સાહેદે તપાસ સંભાળ્યા અંગનો કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. આ સાહેદ બનાવવાળી જગ્યાએ એક વર્ષ બાદ ગયેલા. આ સાહેદે તપાસ સંભાળી તે અગાઉ બીજી ઘણી એજન્સીઓ દ્વારા ગુનાની તપાસ થઇ ચૂકેલ હતી તથા ફરિયાચદી, ફરિયાદીના દીકરા તથા પોલિસ કર્મચારી દીપકભાઇ મગરના નિવેદનો લેવાઇ ગયેલ હતા. આ સાહેદે સ્વીકારેલ છે કે, પોલિસની અગાઉની એજન્સીની તપાસથી ફરિયાદી સંતુષ્ટ ન હોવાથી તેઓને તપાસ સોંપવામાં

આવેલી. આ સાહેદને તપાસ દરમ્યાન જાણવા મળેલ કે, ફરિયાદીનો દીકરો તારીખ : ૦૬/૦૪/૨૦૦૮ ના રોજ ગુમ થયેલો અને ટાઇપ કરેલી અરજી તારીખ : ૧૭/૦૪/૨૦૦૮ ના રોજ દાખલ થયેલી. આ સાહેદે તપાસ સંભાળી તે દરમ્યાન એક વર્ષનો સમયગાળો થઇ ગયેલ હતો અને કોઇ પણ આરોપીની ધરપકડ કરવામાં આવેલ ન હતી. આ સાહેદની તપાસ દરમ્યાન પણ કોઇ આરોપીની ધરપકડ કરવામાં આવેલ ન હતી. આ સાહેદની તપાસ દરમ્યાન એ હકીકત ખુલવા પામેલ કે, મરનારની બોડી ડીકમ્પોઝ થઇ ગયેલ હતી અને ખૂબ જ વાસ મારતી હતી. આ સાહેદે મારૂતિ વેનવાળાનું કોઇ નિવેદન લીધેલ નથી અને વેનવાળા અંગે શ્રી વાળાએ તપાસ કરેલ હતી.

(૫૨.૨) આ સાહેદનો પુરાવો જોઇએ તો આ સાહેદે ફરિયાદી તથા અમીતભાઇનું વિશેષ નિવેદન લીધેલ અને એફ.એસ.એલ. અધિકારી મારફતે સ્થળ નિરીક્ષણ કરાવેલ, સાહેદોના નિવેદનો લીધેલા, મરનારના ફોટા પંચનામા અન્વયે કબજે લીધેલા, મારૂતિ વેનનું એકઝામિનેશન કરાવવા તજવીજ કરેલ અને ત્યાર બાદ આ સાહેદની બદલી થયેલ. આ સાહેદ બનાવવાળી જગ્યાએ એક વર્ષ બાદ ગયેલા અને આ સાહેદે તપાસ સંભાળી તે અગાઉ અલગ અલગ એજન્સી દ્વારા તપાસ કરી નિવેદનો લેવામાં આવેલા. આ સાહેદોના પુરાવામાં એ હકીકત પણ આવે છે કે, અગાઉની તપાસથી ફરિયાદી સંતુષ્ટ ન હતા. આ સાહેદની ઊલટતપાસમાંથી એ હકીકત જણાઇ આવે છે કે, બનાવના એક–દોઢ વર્ષ બાદ આ સાહેદે સંભાળેલ ત્યાં સુધી આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ ન હતી અને આ સાહેદની તપાસ દરમ્યાન પણ કોઇ આરોપીની ધરપકડ કરવામાં આવેલ ન હતી. આ સાહેદના પુરાવા મુજબ લાશ ડીકમ્પોઝ થઇ ગયેલ હતી અને વાસ મારતી હતી તેવી હકીકત તપાસ દરમ્યાન જાણવા મળેલ, પરંતુ અગાઉ કરેલ ચર્ચા મુજબ લાશ સડી ગયેલ હોય તેવી હકીકત જણાઇ આવતી નથી. લાશના ફોટાઓ જોતાં ચહેરો સ્પષ્ટ રીતે ઓળખી શકાય તેવો હતો અને લાશ સડી ગયેલ હોય તેવી હકીકત જણાઇ આવતી નથી.

(૫૩) મુદ્દા નંબર : ૧ માં ચર્ચા કર્યા મુજબ મરનારના અગ્નિસંસ્કાર પોસ્ટ મોર્ટમ કરાવ્યા વગર તથા ઇન્કવેસ્ટ પંચનામું કર્યા વગર કરવામાં

આવેલ, જેથી ફોરેન્સિક એવિડન્સ રેકર્ડ ઉપર આવી શકેલ નથી. મરણ જનારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ હતું કે આકસ્મિક રીતે નહેરના પાણીમાં ડૂબી જવાના કારણે થયેલું કે આપઘાત કરવાના કારણે થયેલું તે હકીકત નિર્ણિત થઇ શકેલ નથી. એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, સદર કામે મરનારની લાશનું ઇન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ નથી તથા લાશનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ નથી. ઘણાં કિસ્સાઓમાં લાશ મળી આવે નહીં, છતાં પણ સાંયોગિક પુરાવાઓની મજબૂત કડીઓની મજબૂત ચેઇન બને તો તેવા સાંયોગિક પુરાવાના આધારે સજા કરી શકાય. હાલના કેસમાં કોઇ બનાવના નજરે જોનાર સાહેદો નથી, એટલે હાલનો કેસ સાંયોગિક પુરાવાઓ ઉપર આધારિત છે. સદર કામે મરણ જનારનું ખૂન કરવા સંબંધેનો બનાવ કોઇએ નજરે જોયેલ નથી, એટલે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધ ગુનાહિત સંજોગોની કડીઓ પૂરવાર કરવાની રહે અને આવા ગુનાહિત સંજોગોની કડીઓની એવી મજબૂત ચેઇન બનાવવી પડે કે જેના પરથી કહી શકાય કે, મરનારનું ખૂન આરોપી નંબર : ૧ અને ૨ નાઓએ જ કરેલ હતું.

(૫૪) આમ, ફરિયાદપક્ષનો સમગ્ર કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારિત છે, ત્યારે તે સારી રીતે પ્રસ્થાપિત કરે છે કે, સાંયોગિક પુરાવા ઉપર આધારિત કેસમાં કાયદો બેગણી જરૂરિયાતોની ધારણા કરે છે :–

(૧) આરોપીના અપરાધને પૂરવાર કરવા માટે જરૂરી સંજોગોની સાંકળમાં દરેક કડી ફરિયાદપક્ષ દ્વારા વાજબી શંકાથી પર પૂરવાર થવી જોઇએ.

(૨) તમામ સંજોગો સુસંગત હોવા જોઇએ, જે માત્ર આરોપીના અપરાધ તરફ નિર્દેશ કરે.

(૫૪.૧) નામ. સુપ્રિમ કોર્ટે **Sharad Birdhichand Sarda vs. State of Maharashtra, AIR 1984 SC 1622** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> "**152.** A close analysis of this decision would show that the following conditions must be fulfilled before a case against an accused can be said to be fully established:
> **1** the circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established.

It may be noted here that this Court indicated that the circumstances concerned 'must or should' and not 'may be' established. There is not only a grammatical but a legal distinction between 'may be proved' and 'must be' or should be proved as was held by this court in Shivaji Sahebaro Bobade vs. State of Maharashtra, 1973 Cri. L.J. 1783 where the following observations were made:
Certainly, it is primary principle that the accused must be and not merely may be guilty before a Court can convict and the mental distance between 'may be' and 'must be' is long and divides vague conjectures from sure conclusions.
2 the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accuses, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty.
3 he circumstances should be of a conclusive nature and tendency.
4 they should exclude every possible hypothesis except the one to be proved.
5 there must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.
153 These five golden principles, if we may say so, constitute the panchsheel of the proof of a case based on circumstantial evidence."

(૫૪.૨) સાંયોગિક પુરાવા ઉપર આધારિક કેસમાં સામાન્ય સિદ્ધાંત એ છે કે, જે સંજોગોમાંથી અપરાધનો નિષ્કર્ષ કાઢવાનો પ્રયાસ કરવામાં આવે છે તે સચોટ અને નિશ્ચિતપણે સ્થાપિત થવો જોઇએ, કે તે સંજોગો આરોપીના અપરાધ તરફ નિશ્ચિતપણે નિર્દેશ કરતાં ચોકકસ વલણના હોવા જોઇએ. સંજોગો કે જે સંચિત રીતે લેવામાં આવે છે તે તેણે એટલી સંપૂર્ણ સાંકળ બનાવવી જોઇએ કે, આ નિષ્કર્ષમાંથી કોઇ છટકી ન શકે કે તમામ માનવીય સંભાવનાઓમાં ગુનો આરોપી દ્વારા કરવામાં આવ્યો હતો અને તેઓ આરોપીના અપરાધ સિવાય અન્ય કોઇ પૂર્વધારણા પર સમજૂતિ આપવામાં અસમર્થ હોવા જોઇએ અને તેની નિર્દોષતા સાથે અસંગત હોવા જોઇએ.

(૫૪.૩) સાંયોગિક પુરાવા પર આધારિત કેસમાં ધ્યાનમાં લેવાતું બીજું મહત્વનનું પાસુ એ છે કે, જયારે આરોપી અને મરણ જનાર એક સાથે જોવા મળ્યા હતા અને જયારે મરણ જનાર મૃત હાલતમાં મળી આવ્યા હતા તે વચ્ચેનો સમય એટલો ન્યૂનતમ હોવો જોઈએ કે જેથી કોઈ અન્ય વ્યક્તિના હાથે મૃત્યુ સાથે સંકળાયેલી કોઈ પણ મધ્યવર્તી ઘટનાની શક્યતાને નકારી શકાય. બોધ રાજ ઉર્ફે બોધા વિરૂદ્ધ જમ્મુ અને કશ્મીર રાજય, રામવૃક્ષ વિરૂદ્ધ છત્તીસગઢ રાજય, અંજન કુમાર શર્મા વિરૂદ્ધ આસામ રાજયના કેસમાં કાયદાના સિદ્ધાંતને અનુસરીને આ સંબંધમાં સ્પષ્ટતા કરવામાં આવી છે :–

> "લાસ્ટ સીન થિયરી" ત્યાં અમલમાં આવે છે જયાં આરોપી અને મરણ જનારને છેલ્લા જીવતાં જોવામાં આવ્યા હતા અને જયારે મરણ જનાર મૃત હાલતમાં મળી આવે છે તે સમય વચ્ચેનું અંતર એટલું નાનું હોય છે કે, આરોપી સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિએ ગુનો કર્યો હોવાની શકયતા અશક્ય બની જાય છે. કેટલાક કિસ્સાઓમાં હકારાત્મક રીતે સ્થાપિત કરવું મુશ્કેલ હશે કે, મરણ જનારને છેલ્લે આરોપી સાથે જોવામાં આવ્યો હતો, જયારે ત્યાં સમયનું અંતર વધારો હોય અને અન્ય વ્યક્તિઓ વચ્ચે આવવાની સંભાવના હોય. આરોપી અને મરણ જનારને છેલ્લે એક સાથે જોવામાં આવ્યા હતા તે તારણ કાઢવા માટે અન્ય કોઈ સકારાત્મક પુરાવાની ગેરહાજરીમાં તે કિસ્સાઓમાં અપરાધના નિષ્કર્ષ પર આવવું જોખમી રહેશે."

(૫૫) આંક : ૨૫ ના તહોમતનામા મુજબ મરણ જનાર અને આરોપી નંબર : ૧ મિત્રો હતા. આરોપી નંબર : ૧ ના કહેવાથી મૌલવી અબ્દુલ ખાલીક ઈબ્રાહિમ મુસાએ ડિસેમ્બર : ૨૦૦૬ માં મરનાર આશિષ દેવીલાલ પારીકને રૂા.૩,૭૦,૦૦૦/– ધંધો કરવા માટે ઉછીના આપેલા અને તેની ખાતરી માટે તેમના પિતા હાલના ફરિયાદી દેવીલાલ ભેરૂલાલ પારીકે રૂા.૫૦,૦૦૦/– નો એક એવા દસ ચેક સાહેદ અબ્દુલ ખાલીક ઈબ્રાહિમ મુસાને આપેલા, જે તેઓએ આરોપી નંબર : ૧ ના પિતાને સાચવવા આપેલા. ત્યાર બાદ મરનાર આશિષ રૂા.૧,૭૦,૦૦૦/– સાહેદ મૌલવી અબ્દુલ ખાલીક ઈબ્રાહિમ મુસા પાસેથી ધંધા માટે લઈ આવેલ. ફરિયાદપક્ષના કેસ મુજબ મરણ જનાર ઉછીની લીધેલ રકમ પરત આપી શકેલા નહીં, જેથી મૌલવી અબ્દુલ ખાલીક ઈબ્રાહિમ મુસાએ આરોપી નંબર : ૧ પાસેથી ઉઘરાણી કરતા હતા, જેથી કંટાળીને આરોપી નંબર : ૧ નાએ

આરોપી નંબર : ૨ સાથે મળીને મરણ જનારનું ખૂન કરવા અંગેનું કાવતરૂ રચેલું.

(૫૬) આમ, ફરિયાદપક્ષનો કેસ મરણ જનાર દ્ધારા મૌલવી અબ્દુલ ખાલેક મુસા પાસેથી લીધેલ હાથઉછીની રકમ પર આધારિત છે, જેથી મરણ જનાર અને મૌલવી અબ્દુલ ખાલેક મુસા વચ્ચે થયેલ નાણાંની લેવડ–દેવડનો પુરાવો રેકર્ડ ઉપર આવવો ખૂબ જ અગત્યનું હતું, પરંતુ આ વ્યવહાર અંગેનો કોઈ પુરાવો ફરિયાદપક્ષ રજૂ કરી શકેલ નથી. વળી, સદર ગુનાની તપાસ દરમ્યાન સિકયુરીટી પેટે આપવામાં આવેલ ચેકો કબજે કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે, પરંતુ આંક : ૧૨૬ ના આ દસ ચેકો કબજે કર્યાના પંચનામાની હકીતોને પંચ સાહેદે સમર્થન આપેલ નથી અને પંચ સાહેદ રૂબરૂ મૌલવી અબ્દુલ ખાલીક ઈબ્રાહિમ મુસાનાઓ પાસેથી આવા ચેકો કબજે કરવામાં આવ્યા હોવાનું પૂરવાર થઈ શકેલ નથી. સદર કામે ફરિયાદપક્ષ તરફે મૌલવી અબ્દુલ ખાલીક ઈબ્રાહિમ મુસાને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. ફરિયાદપક્ષ માટે આ પ્રથમ કડી પૂરવાર કરવી ખૂબ જ અગત્યની હતી અને સિક્યુરીટી પેટે આપેલ ચેકો અને મૌલવી અબ્દુલ ખાલીક ઈબ્રાહિમ મુસાનો પુરાવો નાણાંની લેતીદેતીના વ્યવહાર બાબતના શ્રેષ્ઠ પુરાવા હતા, પરંતુ સદર કામે તપાસ દરમ્યાન ચેકો કબજે કરવામાં આવેલ નથી તથા મૌલવી અબ્દુલ ખાલીક ઈબ્રાહિમ મુસાને તપાસવામાં આવેલ નથી, જેથી આ બનાવની આધારભૂત કડી પૂરવાર થઈ શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ તમામ પુરાવાઓ ધ્યાને લેતાં મરનારે ઉછીની રકમ લીધેલ હતી કે કેમ, અને જો લીધેલ હતી તો તે પરત કરેલ કે કેમ તે હકીકત પૂરવાર થઈ શકેલ નથી, એટલું જ નહીં, ફરિયાદપક્ષના કેસ મુજબ મરણ જનારે પ્રથમ રૂા.૩,૭૦,૦૦૦/– ઉછીના લીધેલા અને તે રકમ મરનાર પરત આપી શકેલા નહીં, તેથી ત્યાર બાદ ફરીથી રૂા.૧,૭૦,૦૦૦/– મૌલવીએ મરનારને ઉછીના આપેલા હોય તે હકીકત માની શકાય તેવી જણાતી નથી. વળી, આ ઉછીની રકમ મરનારને આપવામાં આવેલ હતી તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા પણ રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ નથી. વળી, મૌલવી પાસેથી કુલ રૂા.૫,૪૦,૦૦૦/–

મરનારે ઉછીના લીધેલ, જે માતબર રકમ કહી શકાય અને આવી રકમ કોઇ પણ જાતના લખાણ વિના આપવામાં આવે તે વાત સ્વાભાવિક જણાતી નથી. વધુમાં, ફરિયાદપક્ષના કેસ મુજબ મરણ જનાર પાસે નાણાંની વ્યવસ્થા ન હોવાથી આરોપી નંબર : ૧ નાએ મૌલવી પાસેથી ઉછીની રકમ મરનારને અપાવેલ. આમ, મરનાર પાસે જ નાણાંની વ્યવસ્થા ન હતી, ત્યારે તેઓએ ઉછીની રકમમાંથી આરોપી નંબર : ૧ ને રૂા.૩,૫૦,૦૦૦/- જેટલી માતબર રકમ શેરબજારના ધંધા માટે આપી હોય તે વાત ગળે ઉતરે તેવી જણાતી નથી. આ સંદર્ભે ફરિયાદીની સરતપાસ જોતાં તેઓએ જણાવેલ છે કે, તેમના દીકરાએ રૂા.૧,૫૦,૦૦૦/- અબ્દુલ ખાલેક મુસાને પરત આપી દીધેલ હતા અને બાકીના રૂા.૩,૫૦,૦૦૦/- આરોપી નંબર : ૧ ને શેરબજારનો ધંધો કરવા માટે આપેલા. તેઓએ એમ પણ જણાવેલ છે કે, આરોપી નંબર : ૧ ને રૂા.૨૩,૦૦૦/- નું કાપડ તેઓની દુકાનમાંથી તેઓએ જાતે ઉધાર આપેલું. તે રૂા.૨૩,૦૦૦/- બાકી લેણાં નીકળતા હતા, પરંતુ આ હકીકત પૂરવાર કરવા માટે ફરિયાદીએ કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. ફરિયાદીએ પોતાની સરતપાસમાં ઉપરોકત નાણાંકીય વ્યવહાર અંગેની જે હકીકતો જણાવેલ છે તે હકીકતો તેઓએ પોતાના પોલિસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી તેમ તેઓએ ઊલટતપાસમાં સ્વીકારેલ છે. અલબત્ત, ફરિયાદ જોતાં તેમાં ફરિયાદીએ નાણાંકીય વ્યવહાર અંગેની હકીકતો જણાવેલ છે, પરંતુ ઊલટતપાસમાં તે બાબતનો ઇન્કાર કરેલ છે. ફરિયાદીએ અમુક જગ્યાએ જણાવેલ છે કે, મરણ જનારે મૌલવીને રૂા.૧,૫૦,૦૦૦/- પરત આપી દીધેલ હતા અને ઊલટતપાસમાં સ્વેચ્છાએ જણાવે છે કે, મૌલવીને પાંચ લાખ રૂપિયા આપવાના બાકી હતા. આમ, નાણાંકીય વ્યવહાર અંગે ફરિયાદીએ પોતાના પુરાવામાં વિરોધાભાસી હકીકતો જણાવેલ છે અને આ વ્યવહાર અંગેના કોઇ પુરાવા રજૂ થયેલા નથી.

(૫૭) ફરિયાદપક્ષના કેસ મુજબ તારીખ : ૦૬/૦૪/૨૦૦૮ ના રોજ મરણ જનાર બારડોલી જવાનું ઘરે કહીને નીકળેલ અને પરત આવેલ નહીં. આંક : ૬૪ અકસ્માત મોત એન્ટ્રી નંબર : ૨૪/૨૦૦૮ જોતાં જણાઇ

આવે છે કે, તારીખ : ૦૬/૦૪/૨૦૦૮ ના રોજ આરોપી નંબર : ૧ અને ૨ તથા મરણ જનાર એકસાથે હતા, ત્રણેય જણાં બાઈક ઉપર બેસીને બીયર લેવા ગયેલા અને તેઓએ સાંજે ધામડોદ નહેર ઉપર બીયર પીધેલ, પરંતુ મરનાર બારડોલી આવેલા તે હકીકત પણ ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓથી પૂરવાર થતું નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી નંબર : ૧ અને ૨ મરણ જનારને બારડોલી આવેલા. ત્યાર પછી તેઓ આરોપી નંબર : ૧ અને ૨ સાથે મોટરસાઈકલ ઉપર બીયર લેવા ગયેલા, પરંતુ બારડોલીમાં જે જે જગ્યાએ મરણ જનાર અને આરોપી નંબર : ૧ અને ૨ નાઓ આ સમય દરમ્યાન ગયેલા તે તમામ જગ્યાની આજુબાજુ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ હતા કે કેમ તે દિશામાં કોઈ તપાસ કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી. વધુમાં, ફરિયાદપક્ષના કેસ મુજબ મરણ જનારે આરોપી નંબર : ૧ ને ફોન કરીને બારડોલી બસ સ્ટેન્ડથી પોતાને લઈ જવા જણાવેલ હતું. આ સંદર્ભે તપાસ કરનાર અધિકારીએ આરોપી નંબર : ૧ કે મરણ જનારની કોઈ કોલ ડિટેઈલ્સ મેળવેલ નથી અને તે દિશામાં કોઈ તપાસ કરેલ નથી. વધુમાં, મરનાર તે દિવસે બારડોલી આવ્યા હતા કે કેમ તે પણ સ્પષ્ટપણે પૂરવાર થઈ શકેલ નથી.

(૫૭.૧) સાંયોગિક પુરાવાના કેસોમાં આ મહત્વની કડીઓ હોય છે અને આરોપીને ગુના સાથે સાંકળવા જરૂરી ગણાય છે, પરંતુ હાલના કેસમાં શરૂઆતથી એટલે કે મરનાર બારડોલી આવ્યા ત્યારથી તેમના મૃત્યુ સુધી તેઓ આરોપી નંબર : ૧ અને ૨ સાથે હતા કે કેમ તે પણ સાબિત થતું નથી. વધુમાં ફરિયાદપક્ષે એ પણ પૂરવાર કરેલ નથી કે, કોઈ વ્યક્તિએ મરણ જનારને આરોપી નંબર : ૧ અને ૨ ની સાથે બનાવ પહેલા જોયેલ હોય. મરનાર અને આરોપી નંબર : ૧ અને ૨ નાઓ બનાવના અરસામાં સાથે હતા તે દર્શાવતો કોઈ પુરાવો સદર કામે ફરિયાદપક્ષ રજૂ કરી શકેલ નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી નંબર : ૧ અને ૨ નાએ મરનારને વધુ દારૂ પીવડાવતાં મરનાર લવારા કરવા લાગેલા અને આરોપી નંબર : ૧ અને ૨ નાએ મરનારને માર મારી ઈજાઓ કરી ધકકો મારી નહેરના પાણીમાં નાખી દીધેલ અને આશિષ નહેરના પાણીમાં ડૂબી જતાં મરણ પામેલ.

ફરિયાદપક્ષના કેસ મુજબ મરણ જનાર, આરોપી નંબર : ૧ અને ૨ ની સાથે સાહેદ નંબર : ૩૨ ના જીજાના ઘરે બીયર લેવા મોટરસાઇકલ ઉપર ગયેલા અને ફરિયાદપક્ષે તેઓને આંક : ૧૯૧ થી તપાસેલા છે, પરંતુ તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. આમ, સદર સાહેદના પુરાવાથી આરોપી નંબર : ૧ અને ૨ નાએ બીયર લીધેલ હોવાની હકીકત પૂરવાર થઇ શકેલ નથી. સદર ગુનાની તપાસ દરમ્યાન આરોપી નંબર : ૧ અને ૨ ના નાર્કો ટેસ્ટ આંક : ૨૦૦ થી, લાય ડિટેકટર ટેસ્ટ આંક : ૨૨૨ થી તથા બ્રેઇન મેપીંગ રિપોર્ટ આંક : ૨૩૮ થી રજૂ થયેલ છે. આ તમામ રિપોર્ટસ એ પ્રાથમિક પુરાવો ગણી શકાય નહીં. માત્ર સમર્થનકારી સ્વરૂપનો પુરાવો કહી શકાય. આમ, આરોપી નંબર : ૧ અને ૨ નાએ જયારે બીયર લીધેલ હોવાની હકીકત જ પૂરવાર થતી નથી ત્યારે તેઓએ મરનારને ખૂબ દારૂ પીવડાવેલ હોય અને મરનારને વધુ નશો થતાં લવારા કરવા લાગેલ હોય ત્યારે આરોપી નંબર : ૧ અને ૨ નાએ મરનારને માર મારી ઇજાઓ પહોંચાડી ધક્કો મારી નહેરના પાણીમાં ફેંકી દીધેલ હોય તેવું પૂરવાર થેયલ હોવાનું માની શકાય નહીં. એક તબકકે માની લેવામાં આવે કે, આરોપી નંબર : ૧, ૨ અને મરનારે બીયર પીધેલ, પરંતુ ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી નંબર : ૧ અને ૨ નાએ બે બીયર લીધેલા, ત્યારે ત્રણ વ્યક્તિઓ બે બીયર પી લે તો તેઓને વધુ નશો થાય તે હકીકત સ્વાભાવિકપણે માની શકાય તેમ નથી. સમગ્ર પુરાવો જોતાં આરોપી નંબર : ૧ અને ૨ નાઓનો મરનાર સાથે કોઇ નાણાંની લેતીદેતી અંગે કોઇ વિવાદ થયો હોય અને તારીખ : ૦૬/૦૪/૨૦૦૮ ના રોજ મરનાર આશિષનું મોત નિપજાવવાના ઇરાદે તેને બારડોલી બોલાવેલ અને બસ સ્ટેન્ડથી મોટરસાઇકલ ઉપર બેસાડીને નહેર પાસે લઇ ગયેલ અને ત્યાં મરનારને વધુ બીયર પીવડાવી, માર મારી ઇજાઓ પહોંચાડી ધકકો મારી નહેરના પાણીમાં ફેંકી દઇ તેનું ખૂન કરેલ હોય અને લાશ પાણીમાં ફેંકી દઇ પુરાવાનો નાશ કરેલ હોય તેવા ગુનાહિત સંજોગોની કડીઓ સદર કામે પૂરવાર થઇ શકેલ નથી. આરોપી નંબર : ૧ અને ૨ નાઓ વિરૂદ્ધ મરણ જનારનું ખૂન કરવા અંગે મોટિવ સાબિત થતો નથી, કારણ કે હાથઉછીની રકમ અંગેનો

કોઇ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ નથી કે હાથઉછીના નાણાં આપનાર મૌલવી અબ્દુલ ખાલીક ઈબ્રાહિમ મુસાને આ કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી કે કોઇ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી કેસને કોઇ સમર્થન પ્રાપ્ત થતું નથી અને મહત્વપૂર્ણ કડીઓ સંપૂર્ણ રીતે પૂરવાર થતી નથી. અલબત્ત, આશિષના મૃત્યુથી આરોપી નંબર : ૧ ને નુકસાન થાય તેમ હતું, કારણ કે મરનાર પાસેથી આરોપી નંબર : ૧ નાએ મૌલવીના પૈસા મેળવવાના હતા. એટલે શંકાના આધારે કોઇ વ્યક્તિ સામેનો આક્ષેપ પૂરવાર થયેલ માની શકાય નહીં, કારણ કે શંકા એ પુરાવાનું સ્થાન લઇ શકે નહીં. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લઇ **મુદ્દા નંબર : ૨ નો નિર્ણય નકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૩ અને ૪ :–**

(૫૮) સદર કામના મુદ્દા નંબર : ૩ અને ૪ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોવાથી બંને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે. આરોપી નંબર : ૩ નાઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ૨૧૩, ૨૦૨ મુજબના ગુનાઓનો તથા આરોપી નંબર : ૪ નાઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ–૧૧૪, ૨૧૩, ૨૦૨, ૧૬૬, ૨૧૭, ૧૬૭, ૨૧૮, ૨૦૧, ૨૧૩ મુજબના ગુનાઓનો આક્ષેપ છે. સદર મુદ્દાઓના નિર્ણય માટે બનાવના ઘટનાક્રમને ધ્યાને લેવો જરૂરી બને છે, જે નીચે મુજબ છે :–

(૧) ફરિયાદપક્ષના કેસ મુજબ ફરિયાદીનો પુત્ર આશિષ તારીખ : ૦૬/૦૪/૨૦૦૮ ના રોજ ઘરેથી તેમના મિત્ર શહેજાદને મળવા માટે બારડોલી જવા અંગે કહીને નીકળેલ અને સાંજ સુધી ઘરે પરત આવેલ નહીં, જેથી મરણ જનારના ભાઇએ શહેજાદને ફોન કરીને મરણ જનાર હજુ સુધી ઘરે આવેલ નથી તેમ જણાવતાં શહેજાદે જણાવેલ કે, તે સુરત ગયેલ હતો અને આશિષ તેઓને મળેલ ન હતો અને આશિષ અંગે તપાસ કરીને તેઓ જણાવશે, પરંતુ આશિષ મળી આવેલ નહીં.

(૨) જેથી ફરિયાદી બીજા દિવસે તારીખ : ૦૭/૦૪/૨૦૦૮ ના રોજ આશિષ ગૂમ થયા અંગેનો રિપોર્ટ કરવા બારડોલી પોલિસ સ્ટેશને આવેલા, પરંતુ બારડોલી પોલિસ સ્ટેશવાળાએ તેઓને વાલોડ પોલિસ સ્ટેશન જવા જણાવેલ.

(૩) તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ પણ આશિષ ઘરે આવેલ નહીં, એટલે ફરિયાદી આશિષના ફોટા લઇને વાલોડ પોલિસ સ્ટેશન ગયેલા, પરંતુ ત્યાં સાહેબ હાજર ન હોવાથી ફરિયાદીની ફરિયાદ લેવામાં આવેલ નહીં અને વાલોડ પોલિસવાળાએ કહેલ કે, આજે રાત સુધી આશિષની રાહ જુઓ, નહીં આવે તો આવતીકાલે રિપોર્ટ લખી લેવામાં આવશે, તેથી ફરિયાદી પાછા બારડોલી આવેલા અને બારડોલી ફોટો સ્ટુડિયોમાં આશિષના ફોટાની ઘણી કોપીઓ કઢાવેલ.

(૪) તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદી તેમની દુકાન ઉપર બેસેલ હતા ત્યારે એક ભંગારવાળો આવેલ અને કહેલ કે, કાલે તેના સમાજના એક માણસનું મૃત્યુ થઇ ગયેલ અને તેઓ તેની અંતિમવિધિમાં ગયેલ હતા અને તેઓએ આશિષનો ફોટો જોઇ ફરિયાદીને કહેલ કે, આવા ફોટાવાળા માણસની લાશ અસ્તાન ગામની નહેરમાંથી મળી આવેલ હતી અને બારડોલી પોલિસવાળા ગઇકાલે અંતિમ સંસ્કાર કરતા હતા. તેઓએ જણાવેલ કે, લાશનું જડબું તૂટેલ હતું, મોં અને માથા ઉપર માર મારેલાના ઘા હતા.

(૫) ત્યાર બાદ તપાસ કરતાં ફરિયાદીને માલૂમ પડેલ કે, બારડોલી પોલિસવાળાએ જે લાશનો અંતિમ સંસ્કાર કરેલ તે લાશ અસ્તાન ગામની નહેર પાસેથી મળેલ હતી.

(૬) ફરિયાદીએ અસ્તાન નહેર પર જઇને તપાસ કરેલી અને ફરિયાદી બારડોલી પોલિસ સ્ટેશન ગયેલા અને નટુભાઇ

જમાદારને મળેલા. નટુભાઇએ ફરિયાદીને જણાવેલ કે, ગઇકાલે અસ્તાન ગામની નહેરમાંથી એક લાશ કાઢીને લઇ આવેલા. તે લાશ પાણીમાં કુલી ગયેલ હતી, સડી ગયેલ હતી અને દુર્ગંધ મારતી હતી, એટલે તેઓએ અને મહેન્દ્રભાઇએ તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ લાશની અંતિમ વિધિ કરી દીધેલ.

(૭) પરંતુ તેઓએ તે લાશના કપડાં કાઢીને રાખેલા, જે કપડાં ઓળખી બતાવવાનું ફરિયાદીને કહેલ અને નટુભાઇએ તે કપડાં, કમરનો પટ્ટો તથા હાથમાં પહેરેલ સફેદ નંગવાળી વીંટી ફરિયાદીને બતાવેલ, જે જોતાં ફરિયાદીએ તરત તે તેમના દીકરા આશિષના હોવાનું ઓળખી બતાવેલ અને ફરિયાદીને તે પરત આપી દીધેલ.

(૮) બારડોલી પોલિસ સ્ટેશનના કોમ્પ્યુટરમાં લાશના ફોટા ફરિયાદીને બતાવતાં તે ફરિયાદીએ તે ફોટા પોતાના દીકરાના હોવાનું જણાવી ઓળખી બતાવેલ.

(૫૯) હાલના કેસમાં પોલિસ આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ દાવો કર્યો હતો કે, મૃતકની ઓળખ શકય ન હતી, છતાં પણ અકસ્માત મોતની તપાસ કરવાની ફરજ આરોપી નંબર : ૩ અને ૪ નાઓની હતી, જે અંગે ગંભીર પ્રશ્ન ઊભો થાય છે. ફરિયાદપક્ષનો આક્ષેપ છે કે, મૃતકના પેન્ટના ખિસ્સામાંથી એક કોરો ચેક મળેલ હતો, જે તપાસ દરમ્યાન આરોપી નંબર : ૪ પાસેથી કબજે કરવામાં આવેલ હતો અને તે ચેકથી મરનારની ઓળખ સહેલાઇથી થઇ શકતી હતી, છતાં પણ તે દિશામાં કોઇ પ્રયત્નો કરવામાં આવેલ નથી. આરોપીઓએ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૭૪ મુજબ ઇન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી કરેલ ન હતી. લાશનું પોસ્ટ મોર્ટમ પણ કરાવેલ ન હતું. આમ, આરોપી પોલિસ અધિકારીઓએ મરનારની ઓળખ માટેના પૂરતાં પુરાવાઓ ઉપલબ્ધ હોવા છતાં અને મૃતકના પિતાએ ગુમ થવાની ફરિયાદ નોંધાવવા અગાઉથી જાણ કરી હોવા છતાં લાશને અજાણ્યા ઇસમની લાશ તરીકે દર્શાવીને કાયદેસરની કાર્યવાહી કર્યા વિના

અગ્નિસંસ્કાર કરી દીધેલ, જેના પરિણામે સીધા અને મહત્વપૂર્ણ પુરાવાઓનો નાશ થયેલ, એટલું જ નહીં, રેકર્ડમાં ખોટી હકીકતો નોંધવામાં આવેલ.

(૬૦) આરોપી નંબર : ૩ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ-૧૧૪, ૨૧૩, ૨૦૨ મુજબના ગુનાનો આક્ષેપ છે અને આરોપી નંબર : ૪ સામે ભારતીય દંડ સંહિતાન કલમ-૧૨૦(એ), ૨૦૧ સાથે વાંચતા કલમ-૧૧૪, ૨૧૩, ૨૦૨, ૧૬૬, ૨૧૭, ૧૬૭, ૨૧૮, ૨૦૧, ૨૧૩ મુજબના ગુનાઓનો આક્ષેપ છે. આરોપી નંબર : ૩ અને ૪ સામેના આક્ષેપોની ચર્ચા કરતાં પહેલા નામ. સર્વોચ્ચ અદાલતનો દિનેશકુમાર કાલીદાસ પટેલ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૮(૦) એ.આઇ.જે.ઇ.એલ. (એસ.સી.), ૬૧૬૪૮ ના ચુકાદાના નીચે જણાવ્યા મુજબના પેરેગ્રાફ લેવા જરૂરી જણાય છે.

> "11. In Ram Saran Mahto and another v. State of Bihar4, this Court discussed Kalawati (supra) and Palvinder Kaur (supra). It has been held at paragraphs-13 to 15 that conviction under the main offence is not necessary to convict the offender under Section 201 of the IPC. To quote:
>
> "13. It is not necessary that the offender himself should have been found guilty of the main offence for the purpose of convicting him of offence under Section 201. Nor is it absolutely necessary that somebody else should have been found guilty of the main offence. Nonetheless, it is imperative that the prosecution should have established two premises. The first is that an offence has been committed and the second is that the accused knew about it or he had reasons to believe the commission of that offence. Then and then alone the prosecution can succeed, provided the remaining postulates of the offence are also established.
>
> 14. The above position has been well stated by a three-Judge Bench of this Court way back in 1952, in Palvinder Kaur v. State of Punjab:
>
> "In order to establish the charge under Section 201, Penal Code, it is essential to prove that an offence has been committed, — mere suspicion that it has been committed is not sufficient — that the accused knew or had reason to believe that such offence had been

committed and with the requisite knowledge and with the intent to screen the offender from legal punishment causes the evidence thereof to disappear or gives false information respecting such offences knowing or having reason to believe the same to be false."

15. It is well to remind that the Bench gave a note of caution that the court should safeguard itself against the danger of basing its conclusion on suspicions however strong they may be. In Kalawati v. State of H.P a Constitution Bench of this Court has, no doubt, convicted an accused under Section 201 IPC even though he was acquitted of the offence under Section 302. But the said course was adopted by this Court after entering the finding that another accused had committed the murder and the appellant destroyed the evidence of it with full knowledge thereof. In a later decision in Nathu v. State of U.P. this Court has repeated the caution in the following words: (SCC p. 575, para 1) "Before a conviction under Section 201 can be recorded, it must be shown to the satisfaction of the court that the accused knew or had reason to believe that an offence had been committed and having got this knowledge, tried to screen the offender by disposing of the dead body."

12. In V.L. Tresa v. State of Kerala5, this Court has discussed the essential ingredients of the offence under Section 201 of the IPC at paragraph 12:

"12. Having regard to the language used, the following ingredients emerge:

(I) committal of an offence;

(II) person charged with the offence under Section 201 must have the knowledge or reason to believe that the main offence has been committed;

(III) person charged with the offence under Section 201 IPC should have caused disappearance of evidence or should have given false information regarding the main offence; and

(IV) the act should have been done with the intention of screening the offender from legal punishment."

13. In Sukhram v. State of Maharashtra6, this Court discussed Kalawati (supra), Palvinder Kaur (supra), Suleman Rehiman (supra) and V.L. Tresa (supra) among others. The essential ingredients for conviction under Section 201 of the IPC have been discussed at paragraph 18:

"18. The first paragraph of the section contains the postulates for constituting the offence while the remaining three paragraphs prescribe three different tiers of punishments depending upon the degree of offence in each situation. To bring home an offence under Section 201 IPC, the ingredients to be established are: (i) committal of an offence; (ii) person charged with the offence under Section 201 must have the knowledge or reason to believe that an offence has been committed; (iii) person charged with the said offence should have caused disappearance of evidence; and (iv) the act should have been done with the intention of screening the offender from legal punishment or with that intention he should have given information respecting the offence, which he knew or believed to be false. It is plain that the intent to screen the offender committing an offence must be the primary and sole aim of the accused. It hardly needs any emphasis that in order to bring home an offence under Section 201 IPC, a mere suspicion is not sufficient. There must be on record cogent evidence to prove that the accused knew or had information sufficient to lead him to believe that the offence had been committed and that the accused has caused the evidence to disappear in order to screen the offender, known or unknown."

In Sou Vijaya @ Baby v. State of Maharashtra7, though this Court held that the decision in V.L. Tresa (supra) was of no assistance to the State in the particular facts, it re-iterated that "there is no quarrel with the legal principle that notwithstanding acquittal with reference to the offence under Section 302 IPC, conviction under Section 201 is permissible, in a given case."

14. The decisions in Sou Vijaya (supra) and V.L. Tresa (supra) were noticed in State of Karnataka v. Madesha (2007) 7 SCC 35. While the appeal of the State was dismissed, this Court in unmistakeable terms held that:

"9. It is to be noted that there can be no dispute that Section 201 would have application even if the main offence is not established in view of what has been stated in V.L. Tresa and Sou. Vijaya cases..."

15. Thus, the law is well-settled that a charge under Section 201 of the IPC can be independently laid and conviction maintained also, in case the prosecution is

able to establish that an offence had been committed, the person charged with the offence had the knowledge or the reason to believe that the offence had been committed, the said person has caused disappearance of evidence and such act of disappearance has been done with the intention of screening the offender from legal punishment. Mere suspicion is not sufficient, it must be proved that the accused knew or had a reason to believe that the offence has been committed and yet he caused the evidence to disappear so as to screen the offender. The offender may be either himself or any other person.

21. As held by this Court in Hanuman and others v. State of Rajasthan9, the mere fact that the deceased allegedly died an unnatural death could not be sufficient to bring home a charge under Section 201 of the IPC. Unless the prosecution was able to establish that the accused person knew or had reason to believe that an offence has been committed and had done something causing the offence of commission of evidence to disappear, he cannot be convicted."

(૬૧) ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૧ મુજબ આરોપીને દોષિત ઠરાવવા માટે માત્ર શંકા પૂરતી નથી. રેકર્ડ ઉપર એવા નક્કર પુરાવા હોવા જોઇએ કે જે દર્શાવે કે, આરોપીએ પુરાવાનો ઉપયોગ અન્ય કોઇ વ્યક્તિને બચાવવા માટે કર્યો હતો અને તેવી આરોપીને જાણ હોવી જોઇએ અથવા તેમ માનવાને વાજબી કારણો હોવા જોઇએ કે ગુનો આચરવામાં આવેલ છે. જો કોઇને પ્રાથમિક ગુનામાં દોષિત ઠરાવવામાં ન આવે તો પણ, કલમ–૨૦૧ મુજબના ગુનાના આવશ્યક તત્વો પૂરવાર થાય તો આ કલમ હેઠળ દોષિત ઠરાવી શકાય છે. આ માટે ફરિયાદપક્ષે સાબિત કરવું પડે કે, આરોપીને ગુનાના આચરણ અંગે જાણકારી હતી, જેનાથી તે વિચારી શકે કે ગુનો થયો છે. ગુના સંબંધમાં પુરાવા ગાયબ થવાનું કારણ આ કલમ હેઠળ ગુનેગારને કાનૂની સજાથી બચાવવાના ધ્યેય સાથે નકકી કરવું જોઇએ. ગુનેગારને સજામાંથી બચાવવાના હેતુથી પુરાવા ગાયબ કરવાનો હેતુ પૂરવાર ન થાય તો આરોપીને કલમ–૨૦૧ હેઠળ દોષિત ઠરાવી શકાય નહીં. પુરાવા ગાયબ થવાનું કારણ કલમ–૨૦૧ હેઠળ ગુનાના આવશ્યક તત્વોમાંનું

એક છે. લાશનો નિકાલ કરીને પુરાવા ગાયબ કર્યા છે તે માત્ર જાણવું એ પૂરતું નથી, પણ એ સાબિત કરવું આવશ્યક છે કે, ગુનેગારને કાનૂની પરિણામોથી બચાવવાના હેતુથી દૂર કરવામાં આવ્યા હતા.

(૬૨) ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૧ જોતાં તેના આવશ્યક તત્વો એટલે કે ગુનો થયો હોવો જોઇએ (કોણે કર્યો તે સાબિત કરવું જરૂરી નથી, પરંતુ ગુનો થયેલ હોવો જોઇએ, જેમ કે હત્યા.), આરોપીને તેની જાણ હોવી જોઇએ અથવા જાણ હોવાની શકયતા હોવી જોઇએ, આરોપીએ પુરાવાનો નાશ કર્યો હોવો જોઇએ, ગુનેગારને બચાવવાનો ઈરાદો હોવો જોઇએ– એ મુજબના છે. હાલના કેસમાં પ્રથમ તો એ સાબિત થઇ શકેલ નથી કે, કોઇ ગુનો બનેલ હતો. જો ગુનો બન્યો હોત તો આરોપી નંબર : ૩ અને ૪ ને ગુનો બન્યા અંગેની જાણ હતી કે કેમ તે પૂરવાર થવું જરૂરી હતું, પરંતુ મુદ્દા નંબર : ૧ માં ચર્ચા કર્યા મુજબ મરનાર આકસ્મિક રીતે મરણ પામેલા કે તેઓએ આપઘાત કરેલ કે કોઇએ તેમનું ખૂન કરેલ તે બાબતનો નિર્ણય થઇ શકેલ નથી. હાલના કેસમાં મૃતદેહ નહેરમાંથી મળી આવેલ તે એક નિર્વિવાદ હકીકત છે અને લાશના અંતિમસંસ્કાર ઇન્કવેસ્ટ પંચનામું/પોસ્ટ મોર્ટમ કર્યા વગર, લાશની ઓળખ કર્યા વગર કરવામાં આવેલ. જો કોઇ ઇસમની લાશ મળે તો પોલિસની એ ફરજ છે કે, પ્રથમ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૭૪ મુજબ લાશનું ઇન્કવેસ્ટ પંચનામું કરવું જોઇએ અને મરનારના મૃત્યુનું કારણ જાણવા માટે લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવું જોઇએ. જો આ મહત્વની કાર્યવાહી કરવામાં ન આવે તો તે ખૂબ જ ગંભીર પ્રકારની બેદરકારી અથવા ગેરકાયદેસર વર્તન કહેવાય અને આવી કાર્યવાહી ન કરવાના કારણે મરનારના મૃત્યુના કારણ અંગેના મહત્વનો પુરાવો એકત્ર કરી શકાય નહીં, પરંતુ માત્ર પ્રક્રિયાનો ભંગ કલમ–૨૦૧ માટે પૂરતું નથી, કારણ કે જો ફરિયાદપક્ષ સાબિત ન કરી શકે કે, મૃત્યુ હત્યા, આત્મહત્યા કે અકસ્માતના કારણે થયેલ હતું તો ગુનો થયો હતો તે તત્વ જ સાબિત થતું નથી. એટલે કોઇ ગુનેગારને બચાવવાનો ઈરાદો હતો તે સાબિત કરવું મુશ્કેલ બને છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૧ માટે એ હકીકત પૂરવાર થવી જરૂરી છે કે, રજૂ થયેલ પુરાવાઓથી ગુનો થયો હોવાની શકયતા

સ્પષ્ટ હતી, પરંતુ પોલિસે જાણપૂર્વક પુરાવા નષ્ટ કર્યા, જેથી ગુનેગાર બચી જાય. હાલના કેસમાં આરોપી નંબર : ૩ અને ૪ સામે આક્ષેપ છે કે, આરોપી નંબર : ૧ અને ૨ નાઓએ હાલના ગુનામાંથી બચવા માટે આરોપી નંબર : ૩ અને ૪ નાઓને લાંચ આપી હતી, પરંતુ રજૂ પુરાવાઓથી આરોપી નંબર : ૩ અને ૪ નાઓ આરોપી નંબર : ૧ અને ૨ નાઓને જાણતા હતા તે પૂણ પૂરવાર થતું નથી. વળી, આરોપી નંબર : ૧ અને ૨ નાઓએ ગુનામાંથી બચવા માટે આરોપી નંબર : ૩ અને ૪ ને લાંચ આપી હોય તેવો પણ કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૬૩) આરોપી નંબર : ૩ અને ૪ ને કલમ–૨૦૧ હેઠળ દોષિત ઠરાવી શકાય, પરંતુ માત્ર પ્રક્રિયાનો ભંગ એટલે કે લાશનું પોસ્ટ મોર્ટમ કે ઇન્કવેસ્ટ પંચનામું કર્યા વગર અગ્નિસંસ્કાર કરેલ હોવાથી સજા થઇ શકે નહીં અને કલમ–૨૦૧ માટે માત્ર પ્રક્રિયાનો ભંગ પૂરતું નથી. સદર કામે મરનાર આશિષનું ખૂન થયેલ હતું કે તેણે આપઘાત કરેલ હતો કે આકસ્મિક રીતે તેમનું મોત નિપજેલ હતું, તેવી હકીકત ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી, જેથી કોઇ ગુનાના કારણે આશિષભાઇનું મૃત્યુ નિપજેલ હોય તેવું પણ સાબિત થઇ શકેલ નથી. વળી, આરોપી નંબર : ૧ અને ૨ નાઓને મરનારના મૃત્યુ અંગેના ગુનામાંથી બચાવવા પુરાવાનો નાશ કરેલ હોય તેવું પણ સાબિત થઇ શકેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં સદર કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૧ ના આવશ્યક તત્વો પૂરવાર થઇ શકેલ નથી.

(૬૪) ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૨ જોતાં તેના આવશ્યક તત્વો એટલે કે ગુનો બન્યાની જાણ હોવી જોઇએ, ગુનાની જાણ કરવાની કાનૂની ફરજ હોવા છતાં ઇરાદાપૂર્વક જાણ કરવામાં આવેલ ન હોય. પોલિસ અધિકારીઓની ફરજ છે કે, તેઓએ કોગ્નિઝેબલ ગુનો નોંધે અને અકુદરતી મૃત્યુની તપાસ કરે. સદર કામે રજૂ થયેલ પુરાવાઓથી એ હકીકત સાબિત થઇ શકેલ નહીં કે, આરોપી નંબર : ૩ અને ૪ ને સદર ગુનો બન્યા અંગેની જાણ હતી. હાલના કેસમાં પ્રથમ તો એ સાબિત થઇ શકેલ નથી કે, કોઇ ગુનો બનેલ હતો. જો ગુનો બન્યો હોત તો આરોપી નંબર : ૩ અને ૪ ને ગુનો

બન્યા અંગેની જાણ હતી કે કેમ તે પૂરવાર થવું જરૂરી હતું, પરંતુ મુદ્દા નંબર : ૧ માં ચર્ચા કર્યા મુજબ મરનાર આકસ્મિક રીતે મરણ પામેલા કે તેઓએ આપઘાત કરેલ કે કોઇએ તેમનું ખૂન કરેલ તે બાબતનો નિર્ણય થઇ શકેલ નથી. હાલના કેસમાં મૃતદેહ નહેરમાંથી મળી આવેલ અને ઇન્કવેસ્ટ પંચનામું/પોસ્ટ મોર્ટમ કર્યા વગર, લાશની ઓળખ કર્યા વગર લાશના અંતિમસંસ્કાર કરવામાં આવેલ. જો કોઈ ઇસમની લાશ મળે તો પોલિસની એ ફરજ છે કે, પ્રથમ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૭૪ મુજબ લાશનું ઇન્કવેસ્ટ પંચનામું કરવું જોઇએ અને મરનારના મૃત્યુનું કારણ જાણવા માટે લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવું જોઇએ. જો આ મહત્વની કાર્યવાહી કરવામાં ન આવે તો તે ખૂબ જ ગંભીર પ્રકારની બેદરકારી અથવા ગેરકાયદેસર વર્તન કહેવાય અને આવી કાર્યવાહી ન કરવાના કારણે મરનારના મૃત્યુના કારણ અંગેના મહત્વનો પુરાવો એકત્ર કરી શકાય નહીં, એટલે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૨ ના તમામ આવશ્યક તત્વો સદર કામે પૂરવાર થઇ શકેલ નથી.

(૬૫) ભારતીય દંડ સંહિતાની કલમ–૨૧૭ ના આવશ્યક તત્વો જોઇએ તો, આરોપી જાહેર નોકર હોવા જોઇએ, આરોપીને કાનૂની ફરમાનની જાણ હોય, અને તેવી જાણ હોવા છતાં કાનૂની ફરમાનનો આરોપી અનાદર કરે અને કોઇ વ્યક્તિને સજામાંથી બચાવવા કે મિલકતને જપ્તીમાંથી બચાવવા તેવું કૃત્ય કરવામાં આવેલ હોવું જોઇએ. ભારતીય દંડ સંહિતાની કલમ–૨૧૮ ના આવશ્યક તત્વો જોઇએ તો, આરોપી જાહેર નોકર હોવા જોઇએ અને તે હેસિયતથી કોઇ નોંધ કે લખાણ તૈયાર કરવાની તેઓની જવાબદારી હોવા છતાં તેની નોંધ કે લખાણ ખોટાં કર્યા હોય અને આ માટે જે રીત અપનાવવામાં આવેલ હોય તે ખોટી હોવાની આરોપીને જાણ હોય અને ગુનેગારને બચાવવા અથવા કેસને નુકસાન પહોંચાડવાના ઇરાદે આવું કૃત્ય કર્યું હોય. હાલના કામે આરોપી નંબર : ૩ અને ૪ જાહેર સેવકો હતા તે નિર્વિવાદ હકીકત છે અને કાયદા મુજબ જયારે લાશ મળેલ ત્યારે લાશનું ઇન્કવેસ્ટ પંચનામું કરવું જોઇતું હતું, લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવું જોઇતું હતું, લાશની ઓળખ કરવાની દિશામાં કાર્યવાહી કરવી જોઇતી હતી અને પુરાવા

સાચવવા જોઈતા હતા. આ તમામ બાબતની આરોપી નંબર : ૩ અને ૪ ને જાણ હતી, પરંતુ તારીખ : ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ જયારે આરોપી નંબર : ૩ અને ૪ મરનારની ઓળખ કર્યા વિના જ અંતિમસંસ્કાર કરી દીધેલ તે સમયે તેઓને કોઇ ગુનો બન્યો હોવાની જાણ ન હતી કે કેમ તે મહત્વનો વિષય છે, પરંતુ સદર કામે સમગ્ર પુરાવો જોતાં મુદ્દા નંબર : ૧ માં ચર્ચા કર્યા મુજબ મરનાર આકસ્મિક રીતે મરણ પામેલા કે તેઓએ આપઘાત કરેલ કે કોઇએ તેમનું ખૂન કરેલ તે બાબતનો નિર્ણય થઇ શકેલ નથી, જેથી એ પણ નકકી થઇ શકેલ નહીં કે, આરોપી નંબર : ૩ અને ૪ ને ગુનો બન્યો હોવાની જાણ હતી અને તેઓએ ઈરાદાપૂર્વક આરોપી નંબર : ૧ અને ૨ ને સજામાંથી બચાવવા માટે મહત્વના પુરાવાઓનો નાશ કરેલ હતો અને આવી કાર્યવાહી ઈરાદાપૂર્વક કરેલ નથી તેમ જણાઇ આવતું નથી.

(૬૬) ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬ અને ૧૬૭ ના આવશ્યક તત્વો જોઈએ તો, કલમ–૧૬૬ મુજબ કાયદાનું ઈરાદાપૂર્વક ઉલ્લંઘન હોવું જોઈએ. હાલના કેસમાં મૃતદેહ નહેરમાંથી મળી આવેલ અને ઈન્કવેસ્ટ પંચનામું/પોસ્ટ મોર્ટમ કર્યા વગર, લાશની ઓળખ કર્યા વગર લાશના અંતિમસંસ્કાર કરવામાં આવેલ. જો કોઇ ઇસમની લાશ મળે તો પોલિસની એ ફરજ છે કે, પ્રથમ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૭૪ મુજબ લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરવું જોઈએ અને મરનારના મૃત્યુનું કારણ જાણવા માટે લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવું જોઈએ. હાલના કેસમાં ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ નથી કે મરનારની લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવેલ નથી, જે ખૂન જેવા ગંભીર ગુનામાં ખૂબ જ મહત્વના પુરાવાઓ કહી શકાય, જેથી કાયદાનું ઉલ્લંઘન થયેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. રજૂ થયેલા ફોટા તથા કોમ્પ્યુટરાઈઝડ ચેક જેવા મજબૂત પુરાવાઓ મરનારની ઓળખ માટે પર્યાપ્ત હતા અને મરનારની ઓળખ સરળતાથી થઇ શકે તેવા સંજોગો હતા, તેમ છતાં કોઇ અગમ્ય કારણસર આરોપી પોલિસ કર્મચારી/અધિકારઓએ લાશની ઓળખની દિશામાં કોઇ પ્રયત્નો કરેલા નહીં અને લાશ સડી ગયેલ હોવાની, દુર્ગંધ મારતી હોવાની, માછલીઓ કરડી જવાથી ઓળખ થઇ શકે તેમ ન હોવાની ખોટી હકીકતોની નોંધ કરી લાશનો

અગ્નિસંસ્કાર કરવામાં આવેલ. હાલના કેસમાં લાશ નહેરમાંથી મળેલ, એટલે સાધારણ મૃત્યુ ન કહેવાય, જેથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૭૪ મુજબ ઈન્કવેસ્ટ પંચનામું કરવું ફરજિયાત હતું. શંકાસ્પદ મૃત્યુના કિસ્સામાં લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવું પણ ફરજિયાત છે. મૃતકના પેન્ટના ખિસ્સામાંથી મરનારના એકાઉન્ટનો કોમ્પ્યુટરાઈઝ કોરો ચેક મળ્યો હતો અને અંતિમ સંસ્કાર પહેલા ગુમ થવાની ફરિયાદ નોંધાવવા માટે ફરિયાદી પોલિસ સ્ટેશન ગયા હતા, છતાં પણ લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ નહી, લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવેલ નહીં અને લાશની ઓળખ દબાવી મૃતકની લાશના ઉતાવળથી અગ્નિસંસ્કાર કરી દેવામાં આવેલ, જેના કારણે મૃત્યુનું કારણ જાણવા માટેના મુખ્ય પુરાવાનો નાશ થયેલ હોવાનું સ્પષ્ટપણે પૂરવાર થાય છે. વધુમાં, પંચનામા અન્વયે કબજે કરવામાં આવેલા મરનારના ફોટાઓ ધ્યાને લેતાં મરનારનો ચહેરો સ્પષ્ટ રીતે ઓળખી શકાય તેવો હતો. લાશ સડી ગયેલ હોવાથી, લાશમાંથી દુર્ગંધ આવતી હોવાથી તથા લાશમાં જીવડાં પડી ગયેલ હોવાથી લાશના અંતિમસંસ્કાર જલ્દી કરી દેવામાં આવેલ હોવાનો આરોપીઓ તરફે બચાવ લેવામાં આવેલ છે, પરંતુ મરનારના ફોટાઓ ધ્યાને લેતાં આ બચાવ માની શકાય તેમ નથી, કારણ કે મરનારના ફોટાઓ જોતાં મરનારનો ચહેરો સડી ગયેલ હોય કે ઓળખી ન શકાય તેવો ન હોય કે જીવજંતુઓના કરડવાથી બગડી ગયો હોય તેમ જણાઈ આવતું નથી. સાહેદ નંબર : ૩૬, આંક : ૨૪૭ ની સરતપાસ જોતાં સદર તપાસ કરનાર અધિકારીએ જણાવેલ છે કે, અકસ્માત મોતના કામે થયેલ તપસના કાગળોમાં મરનારના ફોટા અને મરનારના ખિસ્સામાંથી મળી આવેલ ચેક પી.આઈ., બારડોલી એટલે કે આરોપી નંબર : ૪ પાસેથી પંચનામું કરી કબજે લીધેલ, જેથી એ હકીકત સ્પષ્ટપણે પૂરવાર થાય છે કે, આરોપી નંબર : ૪ પાસે મરનારની ઓળખ થાય તે અંગેના મહત્વપૂર્ણ પુરાવાઓ હતા. આંક : ૬૪ જોતાં આરોપી નંબર : ૪ નાએ તારીખ : ૧૫/૦૪/૨૦૦૮ ના રોજ બારડોલી પોલિસ સ્ટેશન ડાયરીમાં અનુક્રમ નંબર : ૮ થી કલાક ૭:૧૫ વાગ્યે અકસ્માત મોત નંબર : ૨૪/૨૦૦૮ થી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૭૪ મુજબનો રિપોર્ટ આપી એન્ટ્રી પડાવેલ હોવાનું જણાઈ આવે છે, જયારે

ફરિયાદ દેવીલાલની ફરિયાદના આધારે રેન્જ આઈ.જી.પી.શ્રી, સુરતનાઓએ જાણવા જોગ એન્ટ્રી નંબર : ૧૦/૨૦૦૮, તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ની તપાસ પોલિસ અધિક્ષક, આહવા–ડાંગનાઓને તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજ સોંપેલ, જેની જાણ આરોપી નંબર : ૪ ને તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજ થયેલ હતી, તેથી તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ પછી આરોપી નંબર : ૪ આ કેસમાં કોઈ તપાસ કરવાની સત્તા ધરાવતા ન હતા અને આરોપી નંબર : ૪ ને આ કેસ સંબંધે કંઈ કરવાનું રહેતું ન હતું, તેમ છતાં આરોપી નંબર : ૪ નાએ તારીખ : ૧૫/૦૪/૨૦૦૮ ના રોજ ઈરાદાપૂર્વક ખોટો રિપોર્ટ બારડોલી પોલિસ સ્ટેશનમાં આપી તેમ સ્પષ્ટપણે જણાઇ આવે છે. વધુમાં, આંક : ૧૧૪ નો પુરાવો જોતાં એ હકીકત પણ જણાઇ આવે છે કે, તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદીએ પોતે બારડોલી પોલિસ સ્ટેશનના એ.એસ.આઇ. રૂબરૂ એવી હકીકત જાહેર કરેલ કે, તારીખ : ૦૬/૦૪/૨૦૦૮ ના રોજ તેમનો દીકરો બારડોલી જવા માટે ઘરેથી નીકળ્યા બાદ પરત આવેલ નહીં અને તેઓ શોધતાં શોધતાં બારડોલી આવતાં પોલિસે લાશના કપડાં બતાવતાં તે કપડાં પોતાના મરનાર દીકરા આશિષકુમારના હોવાનું ફરિયાદીએ જણાવેલ અને પોલિસે ફરિયાદીને જણાવેલ કે, આશિષ અસ્તાન ગામની નહેરના પાણીમાં ડૂબી જતાં મરણ ગયેલ અને લાશની અંતિમવિધિ કરેલ. ફરિયાદીએ એવું પણ જણાવેલ કે, તેમનો દીકરો નહેરના પાણીમાં ડૂબી જવાથી મરણ ગયેલ, તે સિવાય બીજું કોઇ કારણ નથી. ફરિયાદીએ તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ ઉપર મુજબની હકીકત જાહેર કર્યા બાદ બીજા જ દિવસે તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ના રોજ આંક : ૬૪ થી પોલિસ સમક્ષ પોતાનો દીકરો આશિષ ગુમ થયેલ હોવાની હકીકત જાહેર કરેલ. જો ફરિયાદીને તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ પોલિસ મારફતે પોતાનો દીકરો ડૂબી જવાથી મરણ પામેલ હોવાની તથા તેની અંતિમવિધિ થયેલ હોવાની જાણ થયેલ હોય તો ફરિયાદી ત્યાર બાદ બીજા દિવસે શું કામ પોતાનો દીકરો ગુમ થયેલ હોવાની હકીકત પોલિસ સમક્ષ જાહેર કરે? આ એક વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. વળી, પોલિસે જયારે તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ આશિષના

મરણ અંગેની તથા અંતિમવિધિની જાણ ફરિયાદીને કરી દીધેલ હોય ત્યારે બીજા દિવસે ફરિયાદી પોતાનો દીકરો ગુમ થયાની હકીકત જાહેર કરે તો પી.આઇ. કક્ષાના અધિકારી આરોપી નંબર : ૪ નાઓ તેની નોંધ કેવી રીતે કરી શકે? આ કામના આરોપી નંબર : ૪ નાએ ફરજમાં દાખવેલ બેદરકારીમાંથી બચવા માટે ઇરાદાપૂર્વક ફરિયાદીનો દીકરો ગુમ થયાની જાહેરાત લીધેલ હોવાનું અને આવા ખોટાં પુરાવા ઊભા કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે. આ બધી હકીકતોથી એ પૂરવાર થાય છે કે, આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ પોતાની ફરજમાં દાખવેલ બેદરકારીને છૂપાવવા માટે અને પોતાને બચાવવા માટે આવા ખોટાં દસ્તાવેજી પુરાવાઓ ઊભા કર્યા હતા. પોલિસ આરોપીઓ અનુભવી અધિકારી હોવાથી તેઓ કાયદાથી અજાણ હોવાનો દાવો કરી શકતાં નથી. ઉપરોકત ચર્ચા મુજબ આરોપી નંબર : ૩ અને ૪ નાઓ વિરૂદ્ધ કલમ–૧૬૬, ૧૬૭ મુજબના ગુનાઓ આચરવામાં આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે.

(૬૭) આમ, મરનાર આશિષ પારીકની લાશ નહેરમાંથી મળી આવેલ હતી. રજૂ થયેલ પુરાવાઓના આધારે આશિષ પારીકનું મૃત્યુ કેવી રીતે થયેલ હતું તે નિર્ણિત થઇ શકે તેમ નથી, જે અંગેની ચર્ચા મુદ્દા નંબર : ૧ માં કરવામાં આવેલ છે. આશિષ પારીકની લાશ નહેરમાંથી મળી આવેલ હોવા સંબંધે બચાવપક્ષ તરફે કોઇ તકરાર ઊપસ્થિત કરવામાં આવેલ નથી. મરનાર ગુમ થયા અંગેની જાણ મરનારના પિતાએ પોલિસ સ્ટેશનમાં કરેલ, જે અંગે બચાવપક્ષ તરફે કોઇ તકરાર ઊપસ્થિત કરવામાં આવેલ નથી. વળી, ફરિયાદીએ પોતાનો દીકરો મળી આવતો ન હોવાની જાણ કરવા છતાં ફરિયાદીની ફરિયાદ નોંધવામાં આવેલ ન હતી. આ સંજોગોમાં નહેરમાંથી જે લાશ મળી આવેલ તે લાશના ખિસ્સામાંથી કોમ્પ્યુટરાઇઝ ચેક મળી આવેલ હતો, જેના દ્વારા પણ મરનારની ઓળખ થઇ શકે તેવા સંજોગો હતા અને લાશના ફોટા જોતાં પણ ચહેરાની સ્થિતિ એવી ન હતી કે વ્યક્તિની ઓળખ ન થઇ શકે, તેમ છતાં તે દિશામાં કોઇ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી. નહેરમાંથી મરનારની લાશ મળી આવેલ, તે સંજોગોમાં લાશની સ્થિતિ અંગેની હકીકતો રેકર્ડ ઉપર આવે તે માટે તપાસ અધિકારીએ લાશનું

ઈન્કવેસ્ટ પંચનામું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૭૪ મુજબ કરવું અત્યંત આવશ્યક હતું, તેમ છતાં ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ ન હતું. વળી, લાશનું પી.એમ. કરાવવા કોઈ પ્રયત્નો કરવામાં આવેલ ન હતા અને લાશના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવેલા. ફરિયાદીના દીકરાની લાશ નહેરમાંથી મળી આવેલ અને લાશની ઓળખ થઈ શકે તેમ હોવા છતાં મરનારનું મૃત્યુ કેવી રીતે થયેલ તે દિશામાં તપાસ કરવા અંગેના કોઈ પ્રયત્નો પોલિસ દ્વારા કરવામાં આવેલા નથી. જો લાશનું પી.એમ. કરાવવામાં આવેલ હોત તો મરનારના મૃત્યુનું કારણ રેકર્ડ ઉપર આવી શકેલ હોત, જે મહત્વનો પુરાવો તપાસ અધિકારીની ઈરાદાપૂર્વકની બેદરકારીના કારણે રેકર્ડ ઉપર આવી શકેલ નથી. કાયદાથી અજાણ હતા અને આવા કિસ્સામાં શું કાર્યવાહી કરવી જોઈએ તેની જાણકારી ન હતી તેવો બચાવ પોલિસ આરોપીઓ લઈ શકે નહીં. પી.આઈ. કક્ષાના અનુભવી અધિકારીને અજાણી લાશ મળી આવે તો શું કાર્યવાહી કરવી જોઈએ તેનું જ્ઞાન હોય જ.

(૬૭.૧) ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મરનારનું મૃત્યુ કેવી રીતે નિપજેલ તે અંગેનો કોઈ તબીબી પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આમ, સદર કેસમાં અપ્રાકૃતિક મૃત્યુની તપાસ કરવાની પવિત્ર ફરજ અંગે આરોપી નંબર : ૩ અને ૪ ના વર્તન અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. પ્રોસિક્યૂશનનો આક્ષેપ છે કે, આરોપી પોલીસ અધિકારીઓએ મૃતકની ઓળખ માટે પૂરતાં પુરાવા ઉપલબ્ધ હોવા છતાં અને મૃતકના પિતાએ ગુમ થવાની ફરીયાદ નોંધાવવા અગાઉથી જાણ કરી હોવા છતાં, મૃતદેહને “અપરિચિત” તરીકે દર્શાવી ઈરાદાપૂર્વક દાહસંસ્કાર કરી દીધેલ, જેના પરિણામે મહત્વપૂર્ણ પુરાવાનો નાશ કરેલ હોવાનું અને સત્તાવાર નોંધોમાં ખોટી નોંધો કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપર આવે છે. સદર કામે મરનારની લાશ અંગે જરૂરી કાર્યવાહી કર્યા વિના અગ્નિસંસ્કાર કરી દેવામાં આવેલ, જે ધ્યાને લેતાં મરનારની લાશનો નાશ થવાથી તેના મૃત્યુના કારણ અંગે તપાસ અશક્ય બનેલ હોવાનું જણાઈ આવે છે.

(૬૭.૨) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬ અને ૧૬૭ મુજબના આવશ્યક તત્વો પૂરવાર થાય

છે. આ કામના આરોપીઓ નંબર : ૩ અને ૪ નાઓ પોલિસ ખાતામાં અલગ અલગ હોદ્ધા ઉપર ફરજ બજાવતા હતા તે રેકર્ડ ઉપર આવેલ નિર્વિવાદ હકીકત છે, જેથી આ તમામ આરોપીઓ જાહેર સેવક તરીકે ફરજ બજાવતા હતા તેમ સ્પષ્ટપણે પૂરવાર થાય છે, તેમ છતાં તેઓએ લાશની ઓળખ માટે તથા તેમના મૃત્યુના કારણ અંગેની તપાસ માટે કોઇ પ્રયત્નો કરેલા ન હતા તેમ સ્પષ્ટપણે ફલિત થાય છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં પોલિસ આરોપીઓએ લાશ મળ્યા બાદ જે લાશની ઓળખ, લાશની સ્થિતિ, મરનારના મૃત્યુના કારણ અંગેની દિશામાં તપાસ ન કરી, કોઇ પણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વિના અજાણી લાશ દર્શાવી ઉતાવળે તેના અંતિમ સંસ્કાર કરી દીધેલ, જે ફરજમાં ગંભીર બેદરકારી હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે.

(૬૮) આરોપી નંબર : ૩ અને ૪ ના વિ. વકીલશ્રીની દલીલો મુજબ આરોપીઓ પોલિસ વિભાગમાં ફરજ બજાવતા હતા, જેથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૯૭ હેઠળ અધિકારીઓને મળતી સુરક્ષા લાગુ પડે છે. આ અંગે ચર્ચા કરતાં પહેલા ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૯૭ ધ્યાને લેવી આવશ્યક છે, જે નીચે મુજબ છે :–

**કલમ–૧૯૭ :– ન્યાયાધિશો અને રાજય સેવકો સામે ફોજદારી કામ ચલાવવા બાબત .**

(૧) સરકારથી જ કે તેની મંજૂરીથી જ હોદ્ધા ઉપરથી દૂર કરી શકાય એવા હાલના કે માજી ન્યાયાધિશ કે મેજીસ્ટ્રેટ અથવા કોઇ રાજય સેવક ઉપર પોતાના હોદ્ધાની ફરજ બજાવતી વખતે અથવા બજાવતા હોવાનું અભિપ્રેત હોય તે વખતે તેણે કર્યાનું કહેવાતું હોય તેવા કોઇ ગુનાનો આરોપી મૂકાય ત્યારે, નીચે જણાવ્યા પ્રમાણેની પૂર્વ મંજૂરી વિના કોઇ ન્યાયાલય ગુનાની વિચારણાં કરી શકશે નહિ.

(ક) સંઘના કામકાજના અંગે, યથાપ્રસંગ, નોકરીમાં હોય અથવા કહેવાતો ગુનો થયાના સમય નોકરીમાં હોય તે વ્યક્તિની બાબતમાં, કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી;

(ખ) રાજયના કામકાજના અંગે યથાપ્રસંગ, નોકરીમાં હોય અથવા કહેવાતો ખૂન થયાના સમય નોકરીમાં હોય તે વ્યક્તિની બાબતમાં, રાજય સરકારની પૂર્વ મંજૂરી;

જોગવાઇ કરવામાં આવી છે કે, જયાં કહેવાતો ગુનો રાજયમાં બંધારણના આર્ટિકલ–૩૫૬ ના ખંડ–૧ હેઠળનો હુકમ અમલમાં હોય તે રીતે જાહેરનામું હોય ત્યારે તે સમય દરમ્યાન ખંડ–ખ માં

ઉલ્લેખ કરેલ કોઈ વ્યકિત દ્વારા કહેવાતો ગુનો કરવામાં આવ્યો હોય ત્યારે ખંડ–ખ તેમાં ઉલ્લેખ કરેલ "રાજય સરકાર" અભિવ્યક્ત શક્ય ત્યાં સુધી "કેન્દ્ર સરકાર" લાગુ પડશે.

(૨) સંઘના સશસ્ત્ર દળના કોઈ પણ સભ્ય પોતાના હોદ્દાની ફરજ બજાવતી વખતે અથવા બજાવવાનું અભિપ્રેત હોય તે વખતે કર્યાનું કહેવાતું હોય તેવા કોઈ ગુનાની, કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી વિના કોઈ ન્યાયાલય વિચારણાં કરી શકશે નહીં.

(૩) રાજય સરકાર, જાહેરનામાથી એવો આદેશ આપી શકશે કે તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વર્ગ કે પ્રકારના દળોની જાહેર વ્યવસ્થા જાળવવા માટે જવાબદાર સભ્યોને તેઓ ગમે ત્યાં નોકરી કરતાં હોય તે છતાં, પેટા કલમ–૨ ની જોગવાઈઓ લાગુ પડશે અને તેઓ આદેશ અપાય એટલે તે પેટા કલમની જોગવાઈઓ, તેમાં આવતા કેન્દ્ર સરકાર એ શબ્દોને બદલે રાજય સરકાર એ શબ્દ મૂકયા હોય તેમ લાગુ પડશે.

(૩/ક) પેટા કલમ–૩ માં ગમે તે સમાવિષ્ટ હોય છતાં કોઈ પણ ધર્મના કોઈ પણ સભ્ય દ્વારા કહેવાતો કોઈ ગુનો કરવામાં આવ્યો હોય તે બાબત ગુના અંગેની નોંધ લઈ શકશે નહીં. જેમના પર રાજયમાં જાહેર વ્યવસ્થાની જાળવણી બાબત આરોપ મૂકવામાં આવ્યો હોય, જયારે બંધારણના આર્ટિકલ–૩૫૬ ના ખંડ એક હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામાની અમલમાં હોય તે દરમ્યાન પોતાની સત્તાવાર ફરજ દરમ્યાન કોઈ કૃત્ય કર્યું હોય અથવા કરવાનું કહેવામાં આવતું હોય, સિવાય કે કેન્દ્ર સરકારની મંજૂરી સાથે.

(૩/ખ) આ અધિનિયમમાં જણાવેલ કંઈ પણ અથવા કોઈ પણ કાયદામાં જણાવેલ કંઈ પણ લાગુ નહીં પડે અને એવી જાહેરાત કરવામાં આવે છે કે, રાજય સરદાર દ્વારા આપવામાં આવેલી કોઈ મંજૂરી અથવા આવી મંજૂરીના આધાર પર કોઈ કોર્ટ દ્વારા લેવામાં આવેલ ગુનાની નોંધ, જે ૨૦ મી ઓગષ્ટ ૧૯૯૧ ના સમય દરમ્યાન શરૂ થતી હોય અને ફોજદારી કાર્યવાહી અધિનિયમની અગાઉની તુરત તારીખ પર પૂરૂં થતું હોય, પ્રમુખની મંજૂરી પ્રાપ્ત કરી હોય, જે જયારે બંધારણના આર્ટિકલ–૩૫૬(૧) હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામાના સમય દરમ્યાન કરવામાં આવ્યો હોય તે ગેરકાયદેસર થશે અને કેન્દ્ર સરકાર માટે આવી બાબતમાં મંજૂરી આપવાને સક્ષમ રહેશે અને તેના પર ગુનાની નોંધ લેવાનું કોર્ટ માટે સક્ષમ રહેશે.

(૪) એવા ન્યાયાધિશ, મેજીસ્ટ્રેટ કે રાજય સેવક સામે કયા ગુના માટે કે ગુનાઓનું ફોજદારી કામ કોણે અને તેવી રીતે ચલાવવું તેનો, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર કે રાજય સરકાર નિર્ણય કરી શકશે અને કયા ન્યાયાલયે ઈન્સાફી કાર્યવાહી કરવી તે નિર્દિષ્ટ કરી શકશે.

(૬૮.૧) વધુમાં ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૯૭ હેઠળ સરકારી અધિકારીઓને મળતી સુરક્ષા ત્યારે જ લાગુ પડે છે કે, જયારે તેઓએ પોતાના હોદ્દાની રૂએ ફરજ બજાવતી વખતે અથવા બજાવતા હોવાનું અભિપ્રેત હોય તે

વખતે તેણે કર્યાનું કહેવાતું હોય તેવા કોઈ ગુનાનો આરોપ મૂકાય ત્યારે પ્રોસિક્યૂશન અંગેની મંજૂરી જરૂરી છે. સદર કામમાં મરનારના અંતિમ સંસ્કાર પોસ્ટ મોર્ટમ કરાવ્યા વિના તથા ઈન્કવેસ્ટ પંચનામું કર્યા વિના તથા મૃતદેહની ઓળખ કર્યા વિના કરી દેવા એ માત્ર સામાન્ય ભૂલ કે પ્રાસંગિક ક્ષતિ નથી, પરંતુ તે ગંભીર ફરજચૂક અને ગુનાહિત બેદરકારીનું સ્પષ્ટ ઉદાહરણ છે. કાયદાનુસાર કોઈ પણ શંકાસ્પદ અચાનક અથવા અસ્પષ્ટ પરિસ્થિતિમાં થયેલા મૃત્યુમાં સત્તાવાર પ્રક્રિયામાં પાલન અનિવાર્ય છે અને વધુ ગંભીર બાબત એ છે કે, મૃતકની ઓળખ અને તેના પરિવારજનોના હકકોને સંપૂર્ણપણે અવગણે છે. આ પ્રકારનું વર્તન હ્યુમન ડિગ્નીટીના મૂળભૂત સિદ્ધાંતોનો ભંગ કરે છે, કારણ કે દરેક વ્યક્તિ મૃત્યુ પછી પણ સન્માનપૂર્ણ વ્યવહારનો અધિકાર ધરાવે છે. આ બધું ફરજના યોગ્ય નિર્વહનના ભાગરૂપે ગણાતું નથી. અલબત્ત, તે ફરજનો ભંગ અને સત્તાનો દુરૂપયોગ દર્શાવે છે. હાલના આરોપી નંબર : ૩ અને ૪ નાઓ પોલિસ વિભાગમાં ફરજ બજાવતા હોવાથી પોતાની ફરજો અને કાયદેસર પરિણામોથી સારી રીતે વાકેફ હતા, છતાં પણ તેઓએ સદર કામે આશિષકુમારની લાશ મળ્યા બાદ તેની ઓળખ અંગેની કાર્યવાહી કરવાની ફરજ હતી, છતાં તેવી કોઈ કાર્યવાહી ન કરી લાશના અંતિમ સંસ્કાર કરીને તેઓએ પોતાની ફરજમાં ગંભીર પ્રકારની ઈરાદાપૂર્વકની બેદરકારી દાખવેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આરોપી નંબર : ૩ અને ૪ ની કાયદેસરની ફરજ પ્રત્યેની બેદરકારીના કારણે મરનારના મૃત્યુનું સાચું કારણ રેકર્ડ ઉપર આવી શકેલ નથી અને તેના કારણે સંભવિત ગુનાને શોધવામાં અવરોધ થયેલ હોવાનું અને મરનારના પરિવારને ન્યાયથી વંચિત રાખેલ હોવાનું માની શકાય તેમ છે. નામ. સર્વોચ્ચ અદાલતે ઓમપ્રકાશ યાદવ વિરૂદ્ધ નિરંજનકુમાર ઊપાધ્યાયના ચુકાદાના નીચે જણાવ્યા મુજબના પેરેગ્રાફ ધ્યાને લેવા જરૂરી છે.

> 40. The 41st Report of the Law Commission of India contextualizes the object behind the enactment of Section 197 CrPC by pointing out that it enables the more important categories of public servants, performing onerous and responsible functions, to act

fearlessly by protecting them from false, vexatious or mala fide prosecutions. Under the erstwhile Code of Criminal Procedure, 1898, the ambit of the Section was considered a bit too wide since it read – "is accused as such Judge or public servant of any offence". However, to offer more precision, the Amending Act of 1923 inserted the phrase – "is accused of any offence alleged to have been committed by him while acting or purporting to act in the discharge of his official duty". The same has been retained in the statute books till today despite the provision undergoing several amendments over the period of time.

41. As rightly acknowledged by the Law Commission, the meaning of the word "acting or purporting to act" in Section 197 CrPC has been well settled by a legion of decisions of the Federal Court, the Privy Council and the Supreme Court and any difficulty that may be felt lies only in the actual application of the principles laid down in these decisions to the facts and circumstances of a particular case. In other words, the question whether a particular act is done by a public servant in the discharge of his official duty is substantially one of fact, which is to be determined in the unique circumstances of each case.

65.Thus, the legal position that emerges from a conspectus of all the decisions referred to above is that it is not possible to carve out one universal rule that can be uniformly applied to the multivarious facts and circumstances in the context of which the protection under Section 197 CrPC is sought for. Any attempt to lay down such a homogenous standard would create unnecessary rigidity as regards the scope of application of this provision. In this context, the position of law may be summarized as under: –

(i) The object behind the enactment of Section 197 CrPC is to protect responsible public servants against institution of possibly false or vexatious criminal proceedings for offences alleged to have been committed by them while they are acting or purporting to act in their official capacity. It is to ensure that the public servants are not prosecuted for anything which is done by them in the discharge of their official duties, without any reasonable cause. The provision is in the form of

an assurance to the honest and sincere officers so that they can perform their public duties honestly, to the best of their ability and in furtherance of public interest, without being demoralized.

(ii) The expression "any offence alleged to have been committed by him while acting or purporting to act in the discharge of his official duty" in Section 197 CrPC must neither be construed narrowly nor widely and the correct approach would be to strike a balance between the two extremes. The section should be construed strictly to the extent that its operation is limited only to those acts which are discharged in the "course of duty". However, once it has been ascertained that the act or omission has indeed been committed by the public servant in the discharge of his duty, then a liberal and wide construction must be given to a particular act or omission so far as its "official" nature is concerned.

(iii) It is essential that the Court while considering the question of applicability of Section 197 CrPC truly applies its mind to the factual situation before it. This must be done in such a manner that both the aspects are taken care of viz., on one hand, the public servant is protected under Section 197 CrPC if the act complained of falls within his official duty and on the other, appropriate action be allowed to be taken if the act complained of is not done or purported to be done by the public servant in the discharge of his official duty.

(iv) A public servant can only be said to act or purport to act in the discharge of his official duty, if his act is such that it lies within the scope and range of his official duties. The act complained of must be integrally connected or directly linked to his duties as a public servant for the purpose of affording protection under Section 197 CrPC. Hence, it is not the duty which requires an examination so much as the "act" itself.

(v) One of the foremost tests which was laid down in this regard was – whether the public servant, if challenged, can reasonably claim

that, what he does, he does in virtue of his office.

(vi) Later, the test came to be re−modulated. It was laid down that there must be a reasonable connection between the act done and the discharge of the official duty and the act must bear such relation to the duty such that the accused could lay a reasonable, but not a pretended or fanciful claim, that his actions were in the course of performance of his duty. Therefore, the sine qua non for the applicability of this section is that the offence charged, be it one of commission or omission, must be committed by the public servant either in his official capacity or under the color of the office held by him such that there is a direct or reasonable connection between the act and the official duty.

(vii) If in performing his official duty, the public servant acts in excess of his duty, the excess by itself will not be a sufficient ground to deprive the public servant from protection under Section 197 CrPC if it is found that there existed a reasonable connection between the act done and the performance of his official duty.

(viii) It is the "quality" of the act that must be examined and the mere fact that an opportunity to commit an offence is furnished by the official position would not be enough to attract Section 197 CrPC.

(ix) The legislature has thought fit to use two distinct expressions "acting" or "purporting to act". The latter expression means that even if the alleged act was done under the color of office, the protection under Section 197 CrPC can be given. However, this protection must not be excessively stretched and construed as being limitless. It must be made available only when the alleged act is reasonably connected with the discharge of his official duty and not merely a cloak for doing the objectionable act.

(x) There cannot be any universal rule to determine whether there is a reasonable connection between the act done and the official duty, nor is it possible to lay down such a rule.

However, a "safe and sure test" would be to consider if the omission or neglect on the part of the public servant to commit the act complained of would have made him answerable for a charge of dereliction of his official duty. If the answer to this question is in the affirmative, the protection under Section 197 CrPC can be granted since there was every connection with the act complained of and the official duty of the public servant.

(xi) The provision must not be abused by public servants to camouflage the commission of a crime under the supposed color of public office. The benefit of the provision must not be extended to public officials who try to take undue advantage of their position and misuse the authority vested in them for committing acts which are otherwise not permitted in law. In such circumstances, the acts committed must be considered dehors the duties which a public servant is required to discharge or perform.

(xii) On an application of the tests as aforesaid, if on facts, it is prima facie found that the act or omission for which the accused has been charged has a reasonable connection with the discharge of his official duty, the applicability of Section 197 CrPC cannot be denied.

71. In Bakhshish Singh Brar v. Gurmej Kaur and Another reported in (1987) 4 SCC 663, the petitioner police officer along with 14 other persons was charged under Sections 148, 149, 302, 323 and 325 IPC for allegedly causing hurt to the complainant and also causing the death of her son. This Court had emphasized that a balance has to be struck between protecting public servants from being harassed in criminal prosecutions and protecting the rights of the citizens against unlawful acts of public servants. This must be done by examining as to what extent and how far is a public servant working in the discharge or purported discharge of his duties and whether the public servant had exceeded his limit. Having said so, it was observed that criminal trials must also not be stayed in all cases at the preliminary stage because that will cause great damage to the evidence. The relevant observations are reproduced hereinbelow:

> "6. In the instant case, it is alleged that grievous injuries were inflicted upon the complainant and as a result of injuries one of the alleged accused had died. The question is while investigating and performing his duties as a police officer was it necessary for the petitioner to conduct himself in such a manner which would result in such consequences. It is necessary to protect the public servants in the discharge of their duties. They must be made immune from being harassed in criminal proceedings and prosecution, that is the rationale behind Section 196 and Section 197 of the CrPC. But it is equally important to emphasise that rights of the citizens should be protected and no excesses should be permitted. "Encounter death" has become too common. In the facts and circumstance of each case protection of public officers and public servants functioning in discharge of official duties and protection of private citizens have to be balanced by finding out as to what extent and how far is a public servant working in discharge of his duties or purported discharge of his duties, and whether the public servant has exceeded his limit. It is true that Section 196 states that no cognizance can be taken and even after cognizance having been taken if facts come to light that the acts complained of were done in the discharge of the official duties then the trial may have to be stayed unless sanction is obtained. But at the same time it has to be emphasised that criminal trials should not be stayed in all cases at the preliminary stage because that will cause great damage to the evidence." (emphasis supplied)

(૬૮.૨) ઉપરોકત ચર્ચા મુજબ નામ. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટપણે જણાવેલ છે કે, ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૯૭ ની જોગવાઇ ફરજ માટે ઢાલ સમાન છે, પરંતુ તે દુષ્કૃત્ય માટે નહીં. ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૯૭, જાહેર સેવકોને તેમની સત્તાવાર ફરજો નિભાવતી વખતે કરવામાં આવેલ કાર્યો માટે કાર્યવાહીથી મુક્તિ આપે છે, સિવાય કે, યોગ્ય અધિકારી પાસેથી ઉચ્ચ મંજૂરી મેળવવામાં આવેલ. તેનો ઉદ્દેશ પ્રામાણિક અધિકારીઓને વ્યર્થ મુકદમાઓથી બચાવવાનો છે, જેથી તેઓ તેમની ફરજો નિર્ભયતાથી બજાવે. જો કે આ રક્ષણ શરતી છે અને તે દ્વેષ, અપ્રમાણિકતા

અથવા સત્તાવાર ફરજોના અવકાશની બહારના કાર્યો સુધી વિસ્તરતું નથી. લાશનું પોસ્ટ મોર્ટમ ન કરાવવું, ઇન્કવેસ્ટ પંચનામું ન કરવું તથા ઓળખ વગર લાશના અગ્નિસંસ્કાર કરવાના કૃત્યો સત્તાવાર ફરજના કાયદેસર નિર્વાહ સાથે સીધા જોડાયેલ નથી, તો તેવા અધિકારી સામેની કાર્યવાહી માટે પૂર્વ મંજૂરીની જરૂરિયાત દ્વારા સુરક્ષિત કરવામાં આવતું નથી. ઉપરોકત ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટતા કરી છે કે, પુરાવા બનાવવા અથવા ખોટા કેસ દાખલ કરવા જેવા કાર્યોને સત્તાવાર ફરજનો ભાગ ગણી શકાય નહીં. ચુકાદામાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, કલમ–૧૯૭ લાગુ કરવા માટે આ કાયદાનો સત્તાવાર ફરજ બજાવવા સાથે વાજબી સંબંધ હોવો જોઇએ, જો નહીં તો ગુનેગારને જવાબદાર ઠેરવવા જોઇએ.

(૬૮.૩) આરોપી નંબર : ૩ અને ૪ નાઓ પોલિસ વિભાગમાં ફરજ બજાવતા હોવાથી પોતાની ફરજો અને કાયદેસર પરિણામોથી સારી રીતે વાકેફ હતા, છતાં પણ તેઓએ સદર કામે આશિષકુમારની લાશ મળ્યા બાદ તેની ઓળખ અંગેની કાર્યવાહી કરવાની ફરજ હતી, છતાં તેવી કોઇ કાર્યવાહી ન કરી લાશના અંતિમ સંસ્કાર કરીને તેઓએ પોતાની ફરજમાં ગંભીર પ્રકારની ઇરાદાપૂર્વકની બેદરકારી દાખવેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે. વધુમાં, આંક : ૧૧૪ જોતાં જણાઇ આવે છે કે, તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદીએ પોતે બારડોલી પોલિસ સ્ટેશનના એ.એસ.આઇ. રૂબરૂ એવી હકીકત જાહેર કરેલ કે, તારીખ : ૦૬/૦૪/૨૦૦૮ ના રોજ તેમનો દીકરો બારડોલી જવા માટે ઘરેથી નીકળ્યા બાદ પરત આવેલ નહીં અને તેઓ શોધતાં શોધતાં બારડોલી આવતાં પોલિસે લાશના કપડાં બતાવતાં તે કપડાં પોતાના મરનાર દીકરા આશિષકુમારના હોવાનું ફરિયાદીએ જણાવેલ અને પોલિસે ફરિયાદીને જણાવેલ કે, આશિષ અસ્તા ગામની નહેરના પાણીમાં ડૂબી જતાં મરણ ગયેલ અને લાશની અંતિમવિધિ કરેલ. ફરિયાદીએ એવું પણ જણાવેલ કે, તેમનો દીકરો નહેરના પાણીમાં ડૂબી જવાથી મરણ ગયેલ, તે સિવાય બીજું કોઇ કારણ નથી. ફરિયાદીએ તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ ઉપર મુજબની હકીકત જાહેર કર્યા બાદ બીજા જ દિવસે એટલે કે, તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ના રોજ આંક : ૬૪ થી પોલિસ સમક્ષ પોતાનો

દીકરો આશિષ ગુમ થયેલ હોવાની હકીકત જાહેર કરેલ. જો ફરિયાદીને પોલિસ મારફત તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ પોતાનો દીકરો ડૂબી જવાથી મરણ પામેલ હોવાની તથા તેની અંતિમવિધિ થયેલ હોવાની જાણ થયેલ તો તેઓએ આ જાણ થયા બાદ ફરિયાદી શું કામ બીજા દિવસે પોતાનો દીકરો ગુમ થયેલ હોવાની હકીકત પોલિસ સમક્ષ જાહેર કરે? આ એક વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. આ બધી હકીકતોથી એ પૂરવાર થાય છે કે, આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ પોતાની ફરજમાં દાખવેલ બેદરકારીને છૂપાવવા માટે અને પોતાને બચાવવા માટે આવા ખોટાં દસ્તાવેજી પુરાવાઓ ઊભા કર્યા હતા. આથી આવા કિસ્સામાં સંબંધિત અધિકાર ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૯૭ હેઠળ મળતી રક્ષણાત્મક જોગવાઇનો આશરો લઇ શકતાં નથી અને તેઓ વિરૂદ્ધ સીધી ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે.

(૬૯) ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓથી તથા ઉપર કરેલ ચર્ચા મુજબ જે લાશ અસ્તાન ગામની નહેરમાંથી મળેલ હતી તે લાશ ફરિયાદીના દીકરા આશિષકુમારની હતી તેમ પૂરવાર થયેલ છે, પરંતુ આરોપી નંબર : ૧ નાએ મૌલવી પાસેથી મરનારને હાથઉછીની રકમ અપાવેલ, જે પૈકીની અમુક રકમ મરનાર ચૂકવી શકેલા નહીં, જેથી આરોપી શહેજાદ અને દિનેશનાઓએ ગુનાહિત કાવતરૂ રચી મરનાર સાથે નહેર પાસે બીયર પીધેલ અને આશિષકુમારને માર મારી નહેરના પાણીમાં ફેંકી દીધેલ તે પૂરવાર થઇ શકેલ નથી. મરનારના મૃત્યુ સંદર્ભે આરોપી નંબર : ૧ અને ૨ ની સંડોવણી દર્શાવતો કોઇ પુરાવો ફરિયાદપક્ષ રજૂ કરી શકેલ નથી. સદર કેસની તપાસ દરમ્યાન આરોપી નંબર : ૧ કે મરણ જનારની કોઇ કોલ ડિટેઇલ્સ મેળવવામાં આવેલ નથી કે તે દિશામાં કોઇ તપાસ કરવામાં આવેલ નથી. વળી, સદર કામે બનાવ સંદર્ભે કોઇ સી.સી.ટી.વી. કેમેરાની ફૂટેજ મેળવવામાં આવેલ નથી. સમગ્ર કેસ જોતાં અને સાહેદોનો પુરાવો જોતાં એવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર જણાઇ આવતો નથી કે જેના આધારે એવું પૂરવાર થાય કે, આરોપી નંબર : ૧ અને ૨ નાઓએ ગુનામાંથી બચાવા માટે આરોપી નંબર : ૩ અને ૪ નાઓને કોઇ લાંચ આપી હતી. સદર કામે સૌ પ્રથમ ભંગારવાળાએ ફરિયાદીને જણાવેલ કે, ફરિયાદી પાસે રહેલ ફોટાવાળી વ્યક્તિના પોલિસે

અંતિમસંસ્કાર કરી દીધેલ, જેથી આ ભંગારવાળી વ્યક્તિ ખૂબ જ મહત્વના સાહેદ કહી શકાય, પરંતુ આ ભંગારવાળી વ્યક્તિ કોણ હતી તે દિશામાં કોઇ તપાસ કરવામાં આવેલ નથી અને તેમનો પુરાવો રેકર્ડ ઉપર રજૂ રાખવામાં આવેલ નથી. આ તમામ સંજોગો જોતાં નહેરમાંથી મળી આવેલ લાશના ખિસ્સામાંથી કોમ્પ્યુટરાઇઝ ચેક મળી આવેલ હતો, જે ચેકના આધારે પણ મરનારની ઓળખ અંગેના કોઇ પ્રયત્નો કરવામાં આવેલ ન હતા. લાશના ફોટા જોતાં પણ ચહેરાની સ્થિતિ એવી ન હતી કે વ્યક્તિની ઓળખ ન થઇ શકે, તેમ છતાં તે દિશામાં કોઇ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી. વળી, લાશ મળી આવતાં પોલિસ આરોપીઓએ લાશનું પી.એમ. કરાવવાની તથા ઇન્કવેસ્ટ પંચનામું કરવાની ફરજ હતી, પરંતુ તેઓ દ્વારા તેવી પણ કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નહીં અને લાશના અંતિમસંસ્કાર કરી દીધેલ, જેથી મરનારના મૃત્યુનું તબીબી કારણ રેકર્ડ ઉપર આવી શકેલ નથી. વળી, રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં રેન્જ આઈ.જી.પી.શ્રી, સુરતનાઓએ જાણવા જોગ એન્ટ્રી નંબર : ૧૦/૨૦૦૮, તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ની તપાસ પોલિસ અધિક્ષક, આહવા–ડાંગનાઓને તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજ સોંપેલ, જેની જાણ આરોપી નંબર : ૪ ને તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ ના રોજ થયેલ હતી, તેથી તારીખ : ૧૪/૦૪/૨૦૦૮ પછી આરોપી નંબર : ૪ આ કેસમાં કોઈ તપાસ કરવાની સત્તા ધરાવતા ન હતા, તેમ છતાં તેઓએ તારીખ : ૧૫/૦૪/૨૦૦૮ ના રોજ બારડોલી પોલિસમાં સ્ટેશન અકસ્માત મોત નંબર : ૨૪/૨૦૦૮ થી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૭૪ મુજબનો રિપોર્ટ કરેલ. આમ, આરોપી નંબર : ૩ અને ૪ કે જેઓ પોલિસ વિભાગમાં ફરજ બજાવે છે તેઓની બેદરકારીના કારણે મરનારનું મૃત્યુ કયા કારણથી થયેલ તે અંગેનો પુરવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં એ હકીકત પણ સ્પષ્ટપણે જણાઇ આવે છે કે, ફરિયાદી જયારે તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ પોતાના ગુમ થનાર દીકરાની તપાસ માટે બારડોલી પોલિસ સ્ટેશનાં ગયેલા ત્યારે ફરિયાદીને લાશના કપડાં બતાવવામાં આવેલા, જે કપડાં પોતાના દીકરાના હોવાનું જણાવી ફરિયાદીએ ઓળખી બતાવેલ અને તે સમયે પોલિસે ફરિયાદીને જણાવેલ કે, આશિષ

અસ્તાન ગામની નહેરના પાણીમાં ડૂબી જતાં મરણ ગયેલ અને લાશની અંતિમવિધિ કરેલ. આમ, તારીખ : ૦૯/૦૪/૨૦૦૮ ના રોજ પોલિસ દ્વારા જ ફરિયાદીને તમનો દીકરો નહેરના પાણીમાં ડૂબીને મરણ પામેલ હોવાની જાણ  કરવામાં આવેલ, જેથી બીજા દિવસે તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ના રોજ ફરિયાદી પોતાનો દીકરો ગુમ થયાની બારડોલી પોલિસ સ્ટેશનમાં જાણ કરે તે હકીકત માની શકાય તેવી જણાતી નથી. વળી, રજૂ થયેલ પુરાવાઓ જોતાં તારીખ : ૧૦/૦૪/૨૦૦૮ ના રોજ આશિષ ગુમ થયાની ફરિયાદીની જાહેરાત લેવામાં આવેલ હોવાનું જણાય છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ લાશ મળ્યા બાદની કરવાની થતી કાર્યવાહી ન કરીને ફરજમાં દાખવેલ બેદરકારી છૂપાવવા માટે ઈરાદાપૂર્વક ખોટાં પુરાવાઓ ઊભા કરેલ છે. વળી, આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ લાશની ઓળખ અંગેની કાર્યવાહી કર્યા વિના અંતિમ સંસ્કાર કરી દેતાં ફરિયાદી તથા તેમના પરિવારજનો યુવાન વયના આશિષભાઈને અંતિમ સમયે જોવાની તક મળી શકેલ નથી તથા રીત–રિવાજ મુજબ, વિધિપૂર્વક અંતિમ સંસ્કાર કરવાની, લાગણી–દુઃખ વ્યક્ત કરવાની તક પણ મળી શકેલ નથી, જેનો વસવસો ફરિયાદી તથા તેમના પરિવારજનોને રહ્યો હોય તે માની શકાય તેવી બાબત છે.

(૭૦) આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં મરનાર આશિષભાઈ ઘરેથી નીકળ્યા બાદ ઘરે પરત ન આવતાં તેમના પિતા એટલે કે ફરિયાદીએ શોધખોળ કરેલ અને બારડોલી પોલિસ સ્ટેશનમાં પણ જાણ કરેલ, પરંતુ આશિષ મળી આવેલ નહીં. રેકર્ડ જોતાં એ હકીકત પણ ફલિત થાય છે કે, આશિષભાઈની લાશ અસ્તાન નહેરમાંથી મળી આવેલ, પરંતુ આશિષભાઈનું મૃત્યુ કેવી રીતે થયેલ તે અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આરોપી નંબર : ૧ અને ૨ નાએ મરનાર સાથે છેલ્લે હતા અને તેઓએ આશિષભાઈનું મોત નિપજાવેલ હોય તેવો કોઈ જ પુરાવો જણાતો નથી. રેકર્ડ જોતાં આશિષભાઈમાં મૃત્યુ સંબંધે આરોપી નંબર : ૧ અને ૨ ને સાંકળી શકાય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ રજૂ કરી શકેલ નથી. રજૂ થયેલ પુરાવાઓથી આશિષભાઈની લાશ નહેરના પાણીમાંથી મળી

આવ્યા બાદ આરોપી નંબર : ૩ અને ૪ નાઓ કે જેઓ પોલિસ વિભાગમાં ફરજ બજાવતા હતા તેઓએ લાશ ફુલી ગયેલ હતી, લાશમાંથી ગંધ આવતી હોવાનું કારણ જણાવી લાશનું પોસ્ટ મોર્ટમ કરાવ્યા વિના તથા ઈન્કવેસ્ટ પંચનામું કર્યા વિના અંતિમસંસ્કાર કરી દીધેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. મરનારના ખિસ્સામાંથી મળી આવેલ ચેક આધારે પણ લાશની ઓળખ સંબંધે તપાસ થઇ શકે તેમ હતું. લાશના ફોટા જોતાં તેનો ચહેરો સ્પષ્ટ ઓળખી શકાય તેવો જણાઇ આવે છે. આમ, મરનારની ઓળખ થઇ શકે તેવા સંજોગો હોવા છતાં તે માટેના કોઇ પ્રયત્નો કરવામાં આવેલ નથી તેમ રજૂ થયેલ પુરાવાઓથી ફલિત થાય છે. આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ લાશ મળ્યા બાદ તેની ઓળખ માટેના કોઇ પ્રયત્નો કર્યા હોય તેમ જણાઇ આવતું નથી. લાશ મળી આવ્યા બાદ તેની ઓળખ માટેની કાર્યવાહી કરી તથા મરનાનું મૃત્યુ કયા કારણથી થયેલ તે અંગે પી.એમ. તથા ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી કરવામાં આવે તે બાબતનું જ્ઞાન આરોપી નંબર : ૩ અને ૪ નાઓને હોવાની હકીકત માની શકાય તેમ છે, તેમ છતાં તેઓએ કયા કારણથી આ દિશામાં કોઇ કાર્યવાહી ન કરીને લાશના અંતિમસંસ્કાર કર્યા તે અંગેનો માની શકાય તેવો કોઇ ખુલાસો/પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. વળી, આરોપી નંબર : ૩ અને ૪ ના આ કૃત્યના કારણે મરનારના મૃત્યુ અંગેનું કારણ રેકર્ડ ઉપર આવી શકેલ નથી. વળી, અંતિમ સંસ્કાર કર્યા બાદ પોતાની ફરજમાં થયેલ બેદરકારી છૂપાવવા માટે આરોપી નંબર : ૪ નાઓએ પોતાને સત્તા ન હોવા છતાં ખોટાં પુરાવાઓ પાછળથી ઊભા કરેલ હોવાનું પણ સ્પષ્ટપણે પૂરવાર થયેલ છે. આમ, લાશ મળ્યા બાદ આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ એકબીજાની મદદગારીમાં કાયદેસરની કાર્યવાહી ન કરીને અંતિમસંસ્કાર કરી દઇ પોતાની ફરજમાં ગંભીર બેદરકારી દાખવેલ હોવાની અને આ બેદરકારીમાંથી બચવા માટે ખોટાં પુરાવાઓ ઊભા કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પૂરતાં પુરાવાઓથી પૂરવાર કરી શકેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઇ **મુદ્દા નંબર : ૩ નો નિર્ણય હકારમાં તથા મુદ્દા નંબર : ૪ નો નિર્ણય અંશતઃ હકારમાં** આપવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

(૧) આ કામના આરોપી નંબર : (૧) શહેજાદ ઉર્ફે લાલુ હારૂનભાઇ કાપડીયા તથા આરોપી નંબર : (૨) દિનેશ નારાયણદાસ લોહાણીનાઓને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૧૨૦(એ), ૨૦૧, ૨૧૪ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નંબર : (૩) મહેન્દ્રભાઇ લાલચંદભાઇ પાટીલનાઓને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૨૦(એ), ૨૦૧, ૨૦૨, ૨૧૩ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે, જયારે ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૬૬, ૧૬૭ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના આરોપી નંબર : (૪) વિનોદચંદ્ર આત્મારામ પટેલનાઓને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૨૦(એ), ૨૦૧, ૨૧૩, ૨૦૨, ૨૧૭, ૨૧૮, ૨૦૧, ૨૧૩ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે, જયારે ક્રિમિ. પ્રોસી. કોડની કલમ-૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૬૬, ૧૬૭ સાથે વાંચતા કલમ-૧૧૪

મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૪) મુદ્દા નંબર : ૫ સંદર્ભે આરોપી નંબર : ૩ અને ૪ ને સજા બાબતે સાંભળવા માટે સદર કામ મુલતવી રાખવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૨ મી**, માહે :** મે**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૨/૦૫/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594

(૭૧) સજા અંગે આરોપી નંબર : ૩ અને ૪ ના વિ. વકીલ શ્રી યુ. જી. દેસાઇને તથા સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલને સાંભળ્યા.

(૭૨) આરોપીઓના વિ. વકીલ શ્રી યુ. જી. દેસાઇ તરફે રજૂઆત કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬ અને ૧૬૭ અંગે તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. કલમ–૧૬૬ માં એક વર્ષ સુધીની સાદી કેદની અથવા દંડ અથવા બંનેની તથા કલમ–૧૬૭ માં ત્રણ વર્ષ સુધીની બે માંથી કોઇ પ્રકારની કેદની સજા અથવા દંડ અથવા બંને, એ મુજબની સજાની જોગવાઇ છે. આમ, બંને કલમોમાં કેદની સજા અથવા દંડ અથવા બંને, એ મુજબની જોગવાઇ છે. તેઓએ સજાની જોગવાઇ ધ્યાને લઇ આરોપીઓને મહત્તમ દંડ કરવા અરજ કરેલ છે.

(૭૩) ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, આ કામના આરોપીઓ પોલિસ વિભાગમાં ફરજ બજાવતા હતા અને તેઓએ લાશ મળી આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી ન કરીને ફરજમાં ગંભીર બેદરકારી દાખવેલ હોવાનું ફરિયાદપક્ષે પૂરવાર કરેલ છે. આરોપીઓએ ફરજમાં દાખવેલ બેદરકારીના લીધે ફરિયાદી તથા

સગાવ્હાલાઓ મરનારે છેલ્લા સમયે જોઇ શકેલ નથી તથા વિધિપૂર્ણ અંતિમ સંસ્કાર કરી શકેલ નથી. આ તમામ હકીકતો ધ્યાને લઈ આરોપીઓને મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૭૪) પક્ષકારોના વિ. વકીલશ્રીઓને સજા બાબતે સાંભળ્યા. ફરિયાદપક્ષ આરોપી નંબર : ૩ અને ૪ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬, ૧૬૭ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુનાઓ પૂરવાર કરી શકેલ છે. આ ગુના સંબંધે સજાની જોગવાઈ ધ્યાને લીધી. આ કામના આરોપીઓએ લાશ મળ્યા બાદ જે કાયદેસરની કાર્યવાહી કરવાની હતી તે ન કરીને ફરજમાં ગંભીર બેદરકારી દાખવેલ હોવાનું પૂરવાર થયેલ છે. આરોપીઓના આવા કૃત્યના કારણે ફરિયાદી પોતાના યુવાન વયના પુત્રની લાશને જોવા પામી શકયા ન હતા તથા હિંદુ રીતરિવાજ મુજબ સગાવ્હાલાઓ મારફત અંતિમ સંસ્કાર થઈ શકેલ નથી. કુટુંબીજનોને આશિષની લાશ જોવા ન મળી તથા વિધિપૂર્વક અંતિમ સંસ્કાર થઈ ન શકયા, જે નુકસાન ભરપાઈ થઈ શકે તેમ નથી. વળી, સદર કામે આશિષ મરણ ગયેલ હોવાનું જાણવા છતાં તે ગુમ થયાની એન્ટ્રી કરવામાં આવેલ તથા ખોટાં પુરાવાઓ ઊભા કરવામાં આવેલ. આરોપીઓની વર્તણૂંક ધ્યાને લેતાં તેઓને કેદની સજા તથા દંડ કરવાનું ઉચિત જણાય છે. આમ, ઉપરોકત તમામ હકીકતોને ધ્યાને લઈ મુદ્દા નંબર : ૫ સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આરોપી નંબર : (૩) મહેન્દ્રભાઈ લાલચંદભાઈ પાટીલને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુના અંગે ૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ વધુ ૨ (બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૭ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુના અંગે ૧ (એક)

વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૧૦,૦૦૦/− અંકે રૂપિયા દસ હજાર પૂરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ વધુ ૨(બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નંબર : (૪) વિનોદચંદ્ર આત્મારામ પટેલને ભારતીય દંડ સંહિતાની કલમ−૧૬૬ સાથે વાંચતા કલમ−૧૧૪ મુજબના ગુના અંગે ૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૧૦,૦૦૦/− અંકે રૂપિયા દસ હજાર પૂરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ વધુ ૨ (બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો તથા ભારતીય દંડ સંહિતાની કલમ−૧૬૭ સાથે વાંચતા કલમ−૧૧૪ મુજબના ગુના અંગે ૧ (એક) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૧૦,૦૦૦/− અંકે રૂપિયા દસ હજાર પૂરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ વધુ ૨(બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી નંબર : ૩ અને ૪ નાઓને કરવામાં આવેલ કેદની સજા તેઓએ એકસાથે ભોગવવાની રહેશે.

(૪) આરોપી નંબર : ૩ અને ૪ નાઓએ દરેકે ફરિયાદીને રૂા.૫૦,૦૦૦/− અંકે રૂપિયા પચાસ હજાર પ્રમાણે કુલ રૂા.૧,૦૦,૦૦૦/− અંકે રૂપિયા એક લાખ પૂરા વળતર તરીકે ચૂકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) મુદ્દામાલ સફેદ ધાતુની વીંટી અપીલ સમય વીત્યા બાદ ફરિયાદીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે બાકીના તમામ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ ની જોગવાઇ મુજબ આરોપી નંબર : ૩ અને ૪ નાઓ જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં રહેલ હોય તેટલો સમય તેઓને કેદની સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૬૩ અન્વયે સદર ચુકાદાની એક ખરી નકલ આરોપી નંબર : ૩ અને ૪ નાઓને વિનામૂલ્યે પૂરી પાડવી.

(૮) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપી નંબર : ૧ અને ૨ નાઓએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૨ મી, **માહે :** મે, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૨/૦૫/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594